# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

શ્રદ્ધા કપૂરની હોરર કોમેડી સ્ત્રી થ્રી 2028માં આવશે...





પેજ-09

ટીમ ઈન્ડિયાના સ્ટાર લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાંથી ....


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 24.00 |
| વડોદરા | 37.00 | 23.00 |
| સુરત | 36.00 | 23.00 |





પેજ 5

એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026ની ડીલ્સ જાહેર થઈ, પ્રાઈમ ....


03 OCTOBER-2026 SATURDAY




USની ડીઝલ નિકાસ ધમકીથી યુરોપમાં હલચલ મચી....

પેજ 10


.....સુવિચાર.....

અનુમાન આપણા મનની કલ્પના છે, અને અનુભવ આપણા જીવનનો પાઠ છે!


વર્ષ-15 ા અંક-319 ા વિક્રમ સંવત-2082 ા ભાદરવા વદ-07 ા પાના-12 ા કિંમત 3/- ા અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





### જ્ઞાનેશ કુમાર નહીં, લોકશાહીને નુકસાન કરનાર અ-જ્ઞાનેશ કુમાર : ધર્મેશ ભંડેરી AAP

# લોકશાહીને નુકસાન કરનાર અ-જ્ઞાનેશ કુમાર : ધર્મેશ ભંડેરી AAP



**આમ આદમી પાર્ટી દ્વારા ગાંધી જયંતીએ પૂજ્ય બાપુને સૂતરની આંટી અર્પણ કરી જ્ઞાનેશ કુમારને પદભ્રષ્ટ કરવા કેન્દ્ર સરકારને અપીલ કરી**

અમદાવાદ | ગાંધી જયંતીના પવિત્ર દિવસે સુરતમાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકરોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી અર્પણ કરી, વંદન કરીને ચૂંટણી પંચના મુખ્ય વડા જ્ઞાનેશ કુમારના તાત્કાલિક રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરી, પૂર્વ કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણ, સુરત શહેર પ્રમુખ પંકજ આંબલીયા, પૂર્વ કોર્પોરેટર અને સુરત લોકસભા પ્રમુખ વિપુલ સુહાગીયા, સુરત લોકસભા સંગઠન મંત્રી તુલસી લાલૈયા, કોર્પોરેટર પંકજ ચાવડા, વરાછા વિધાનસભા પ્રભારી રજનીકાંત વાઘાણી, લિંબાયત વિધાનસભા પ્રભારી પંકજ તાયડે, નવસારી લોકસભા પ્રમુખ ભરત પ્રજાપતિ સહિત પ્રદેશ અને શહેરના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. AAP નેતા ધર્મેશ ભંડેરીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારે ચૂંટણી પંચ સાથે મળીને સમગ્ર તંત્રને હાઈજેક કરી લીધું છે અને ભારતીય લોકશાહી તથા બંધારણ અત્યારે સંપૂર્ણપણે ખતરામાં આવી ગયા હોય તેવું દેખાઈ રહ્યું છે.

'આપ' નેતા અને કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ વધુમાં ઉમેર્યું હતું કે જ્ઞાનેશ કુમારે દેશની લોકશાહી અને બંધારણને નુકસાન પહોંચાડવાનું અધમ કૃત્ય કર્યું છે, તેથી તેઓ 'જ્ઞાનેશ' નહીં પણ લોકશાહી માટે 'અ-જ્ઞાનેશ કુમાર' સાબિત થયા છે. દેશના ૯૦% થી વધુ રાજકીય પક્ષો, તમામ પક્ષોના વડાઓ, નેતાઓ અને સામાન્ય નાગરિકો એકસૂરે તેમને હોદ્દા પરથી તાત્કાલિક બરખાસ્ત કે પદભ્રષ્ટ કરવાની માંગ કરી રહ્યા છે. મહાત્મા ગાંધીજીના જન્મદિવસે દેશના બંધારણને અખંડ રાખવા અને ચૂંટણી પંચ પ્રત્યે જનતાની આસ્થા પુનઃસ્થાપિત કરવા માટે આમ આદમી પાર્ટીની સમગ્ર સુરત ટીમે ગાંધી બાપુ અને ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી. સાથે જ કેન્દ્ર સરકારને સ્પષ્ટ અપીલ કરી હતી કે જ્ઞાનેશ કુમારનું તાત્કાલિક રાજીનામું લેવામાં આવે અને 'જ્ઞાનેશ કુમાર રાજીનામું આપો' ના સૂત્રોચ્ચાર સાથે દેશમાં લોકશાહીના રક્ષણ માટે દાખલો બેસાડવામાં આવે.

# દુષ્કાળ જાહેર કરવાની માંગના ખેડૂતોના ફોર્મ લઈને ઈસુદાન ગઢવી સભામાં પધારશે: પ્રવીણ રામ AAP

**AAP દ્વારા બોરીજ ખાતે વિશાળ જનસભાનું આયોજન, ઈસુદાન ગઢવી ખેડૂતો માટે ઉઠાવશે અવાજ: પ્રવીણ રામ AAP : પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઇટાલીયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત પદાધિકારીઓ અને ઉમેદવારો જનસભામાં આપશે હાજરી: પ્રવીણ રામ AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ તથા કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામે એક મહત્વપૂર્ણ મુદ્દા પર વિડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે બીજી ઓક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે બોરીજ ગામ મુકામે આમ આદમી પાર્ટીની એક વિશાળ જનસભા યોજવા જઈ રહી છે,

આ સભામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, હું પોતે અને અન્ય આમ આદમી પાર્ટીના આગેવાનો અને ઉમેદવારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેવાના છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી છેલ્લા ઘણા સમયથી ગુજરાતમાં દુષ્કાળ જાહેર કરવા માટેની લડત લડી રહ્યા છે. ગામડે ગામડે જઈને ખેડૂતો પાસેથી દુષ્કાળ જાહેર કરાવવાના ફોર્મ પણ ભરાવવામાં આવ્યા છે. આજે ઈસુદાન ગઢવી ખેડૂતો દ્વારા ભરવામાં આવેલા આ ફોર્મ લઈને બોરીજ ખાતે આયોજિત જનસભામાં પધારવાના છે. હું ગુજરાતના ખેડૂતોને આહવાહન કરું છું કે આપ પણ આ જનસભામાં પધારો. આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવી આજે મંચ પરથી સરકાર સમક્ષ દુષ્કાળ જાહેર કરવાની માંગ પણ કરવાના છે.




### આમ આદમી પાર્ટી આ ચૂંટણીમાં મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે: ગોપાલ રાય

# આમ આદમી પાર્ટી અને ગાંધીનગરની જનતા સાથે મળીને ગાંધીનગરમાં નવો ઈતિહાસ રચશે: મનોજ સોરઠીયા

અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી પૂરી મજબૂતી આગળ વધી રહી છે. ગતરોજ આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર ખાતે એક સંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરની ચૂંટણીમાં મજબૂતીથી આગળ વધવા અને ચૂંટણી જીતવા મુદ્દે પ્રદેશ પ્રભારી, સહ પ્રભારી, સંગઠન મહામંત્રી સહિતના નેતાઓનો સંવાદ કાર્યક્રમ આમ આદમી પાર્ટીના ગાંધીનગરના ઉમેદવારો તથા ગાંધીનગરની ટીમ સાથે આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાય, પ્રદેશ પ્રભારી ગુલાબસિંહ યાદવ, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ તથા કિસાન મોરચા પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, મહિલા મોરચા પ્રદેશ પ્રમુખ પાયલ સાકરીયા, પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ, પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે, પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ.કરન બારોટ, વિદ્યાર્થી પાંખ ASAP ના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકીયા તથા આમ આદમી પાર્ટીના ગાંધીનગરના કોર્પોરેટર તુષાર પરીખ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ, મધ્યમવર્ગ, ગરીબ વર્ગ, વંચિત, શોષિત વર્ગના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને ગાંધીનગરની ચૂંટણીના મેદાનમાં ઉતરી છે અને આગામી સમયમાં વધુમાં વધુ સીટો પર વિજય મેળવીને પ્રજાલક્ષી કામ કરવા માટે કટિબદ્ધ છે.

આમ આદમી પાર્ટીએ યુવાનોને આ ચૂંટણીમાં પ્રાથમિકતા આપી છે અને યુવાનો નેતૃત્વ કરે એ રીતની આમ આદમી પાર્ટી હંમેશા વિચારધારા ધરાવે છે. આમ આદમી પાર્ટી આ ચૂંટણીમાં મજબૂત સ્થિતિમાં જોવા મળી રહી છે. શહેરની ગલીઓ ગલીઓમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ અને ઉમેદવારો પ્રચાર કરી રહ્યા છે અને પ્રજા તરફથી આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારોને જબરદસ્ત આવકાર મળી રહ્યો છે, પ્રેમ મળી રહ્યો છે અને દેખાઈ રહ્યું છે

કે આ વખતે આમ આદમી પાર્ટી અને ગાંધીનગરની જનતા સાથે મળીને ગાંધીનગરમાં નવો ઈતિહાસ રચશે અને આશા રાખીએ છીએ કે ગાંધીનગરના લોકો આમ આદમી પાર્ટીને જંગી બહુમતીથી જીતાડશે અને આમ આદમી પાર્ટીના ગાંધીનગરમાં મેયર બનશે.

# ઈકોઝોન મુદ્દે ખેડૂતોના હિતમા 'આપ' નેતા પ્રવિણ રામ ફરીથી મેદાનમાં

**'આપ' નેતા પ્રવિણ રામે ગીરના ખેડૂતોને આ નોટિફિકેશન રદના મુદ્દાને લઈને અભિનંદન પાઠવ્યા**



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ અને કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામે ગીરના ઈકો ઝોન મુદ્દે ખેડૂતોના હિતમાં ફરીથી મેદાનમાં આવીને મહત્વનું નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સરકારે ઈકો ઝોન અંગે જે નોટિફિકેશન બહાર પાડ્યું હતું તેની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવાના કારણે તે આપોઆપ રદ ગણાય છે. જ્યારે ભાજપના મોટાભાગના નેતાઓ અને અમુક આગેવાનો ઈકો ઝોન લાગુ કરવાના મુદ્દે સરકારની પડખે ઊભા રહ્યા હતા, ત્યારે પ્રવીણ રામે સરકારની વિરુદ્ધમાં જઈને ગીરના ખેડૂતો માટે અવાજ ઉઠાવ્યો હતો. ગીરના ખેડૂતોએ તેમની સાથે ખભેથી ખભો મિલાવીને પૂરી તાકાતથી વિરોધ નોંધાવ્યો હતો, જેના કારણે સરકારને પીછેહઠ કરવી પડી હતી અને નોટિફિકેશન કાયદામાં તબદીલ થઈ શક્યું નહોતું. આ સફળતા બદલ તેમણે ગીરના તમામ ખેડૂતોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. 'આપ' નેતા પ્રવીણ રામે સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, હવે જો સરકારને ઈકો ઝોન લાગુ કરવો હશે તો નિયમ મુજબ નવું નોટિફિકેશન બહાર પાડવું પડશે. પરંતુ આમ આદમી પાર્ટી અને ગીરના ખેડૂતો કોઈ પણ સંજોગોમાં ગીરમાં ઈકો ઝોન લાગુ થવા નહીં દે. ભવિષ્યમાં જો સરકાર નવું નોટિફિકેશન બહાર પાડશે અને તેમાં ખેડૂતોના વિરોધમાં કે તેમને અન્યાય કરતી કોઈ પણ બાબત હશે, તો ભૂતકાળમાં થયેલા આંદોલન કરતાં પણ બમણી તાકાતથી પ્રવીણ રામ સરકાર સામે લડાઈ લડશે. ગીરના ખેડૂતોના હક અને સ્વાભિમાન માટે તેઓ હંમેશાં ખેડૂતોની પડખે અડીખમ ઊભા રહેશે.

## News Brief

### જીવના જોખમે તમામ મુસાફરોનો જીવ બચાવનાર પાયલોટ સ્મિત મચ્છરને ગોપાલ ઇટાલીયાએ શુભેચ્છાઓ પાઠવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ખૂબ જ ગર્વની વાત છે કે આપણા ભારત દેશના અને એમાં પણ આપણા ગરવા ગુજરાતના પાયલોટ સ્મિત



મચ્છરે ઈન્ટરનેશનલ લેવલ પર ભારતનું અને ગુજરાતનું નામ રોશન કર્યું છે. જે વિમાનમાં આતંકવાદી માનસિકતા ધરાવતા કો-પાઈલટ દ્વારા જે ઘટના બની અને એ ઘટનામાંથી તમામ મુસાફરોનો જીવ બચાવવા માટે સ્મિત મચ્છરે પોતાનો જીવ જોખમમાં મૂકી, આખી દુનિયાને માન થાય અને તેમના પર ગર્વ થાય એવું કામ કરી બતાવ્યું છે.વધુમાં આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, આપણા ભારતના અને આપણા ગુજરાતના બહાદુર પાયલોટ સ્મિત મચ્છરને હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું અને આવા રાષ્ટ્રીય હિરો દિવસે ને દિવસે દેશ માટે મોટા મોટા કામો કરે, આગળ વધે અને આવા નવા નવા હીરો અને નવા નવા દેશસેવકો આપણને મળતા રહે એવી આશા અને શુભેચ્છા વ્યક્ત કરું છું અને સ્મિત મચ્છરને ફરી એકવાર હું શુભેચ્છા આપવા માંગુ છું.

### જ્ઞાનેશકુમારનું રાજીનામું માંગીએ છીએ તો ભાજપને તકલીફ કેમ થાય છે?: ઈસુદાન ગઢવી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે બીજી ઓક્ટોબરના રોજ ઠેર ઠેર કોક્રોચ જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટીએ લોકતંત્ર બચાવવા માટે અને સરકારને જગાડવા માટે મોટો પ્રયાસ કર્યો. પરંતુ સરકારે ચારે બાજુ અંગ્રેજોની જેમ પોલીસ ખડકી દીધી. જ્ઞાનેશકુમારનું રાજીનામું માંગીએ છીએ તો ભાજપને તકલીફ કેમ થાય છે? એનો અર્થ એ થયો કે જ્ઞાનેશકુમાર ખાલી મોહરું છે અને ભાજપે વોટ ચોરીની નીતિ અપનાવી છે. કોક્રોચ જનતા પાર્ટીએ માંગો મૂકી કે એકવાર જ્ઞાનેશકુમારનું રાજીનામું લો અને એની નિષ્પક્ષ તપાસ કરો અને જે ચૂંટણીઓ થઈ છે તેની પારદર્શિતાથી તપાસ કરો. બીજી માંગણી એ હતી કે 2025ની જે મતદારયાદી છે એ મતદારયાદીની ચકાસણી કરો. ચૂંટણી પંચના ત્રણ કમિશનરોમાંથી બે ચૂંટણી કમિશનરોએ તો વાંધો પણ ઉઠાવ્યો હતો કારણ કે તેઓ પણ ઘણી બાબતોથી અજાણ છે. ચૂંટણી પંચ હંમેશા નિષ્પક્ષ હોવું જોઈએ.વધુ આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, વાત આવે છે જ્ઞાનેશ કુમારની ત્યારે પેટમાં દુખે છે ભાજપને, એટલા માટે ભાજપે ખૂબ જ મોટી સંખ્યામાં પોલીસ ખડકી દીધી. આજે CJP અને આમ આદમી પાર્ટીના અનેક નેતાઓને પકડીને જેલમાં નાખવામાં આવ્યા. નરેન્દ્ર મોદી પોતે સર્વદલીય બેઠક બોલાવે અને નક્કી કરે કે જ્ઞાનેશ કુમારે જે પણ કંઈ ગડબડી કરી હોય તો નિવૃત ન્યાયાધીશની અધ્યક્ષતા માટેની તપાસ કરો અને જે યોગ્ય માંગણીઓ છે તે માંગણીઓનો સ્વીકાર કરો. પરંતુ પોલીસનો ઉપયોગ કરીને વિરોધ પ્રદર્શનનોને બંધ કરાવવાની કોશિશ થઈ રહી છે એનાથી લાગી રહ્યું છે કે દાળમાં કંઈ કાળું છે. આ ખૂબ જ દુઃખની બાબત છે કારણ કે અનેક રાજ્યોમાં ચૂંટણીઓ થઈ છે, ચૂંટણીઓ અને તેના પરિણામો શંકાસ્પદ લાગી રહ્યા છે. હવે લોકોને લાગી રહ્યું છે કે આ ભાજપની હવા નહીં પરંતુ જ્ઞાનેશકુમારની હવા હતી. અને એ કોના કહેવાથી કરે છે તો એ ભાજપના કહેવાથી કરે છે. એટલા માટે દેશની હાલત એવી થઈ ગઈ છે કે લોકતંત્ર ખતરામાં આવી ગયું છે અને તમામ લોકો એ અનુભવી રહ્યા છે. તો લોકતંત્ર બચાવવાની જવાબદારી આપણે તમામ લોકોની છે તો તમામ લોકોએ નાગરિકોએ હવે આ લડતમાં સહભાગી બનવું પડશે.

### એકતા પરેડ માટે આવેલા 37 જવાનો ગાંધીનગરમાં સ્વચ્છતાના અભાવે ડેન્ગ્યુનો ભોગ બન્યા: ગૌરી દેસાઈ

અમદાવાદ | એકતા પરેડ માટે દેશના અલગ અલગ રાજ્યમાંથી આવેલ 37 જેટલા જવાનોને ગાંધીનગરમાં સેક્ટર 28 અને 29 માં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, પરંતુ સ્વછતાના અભાવના કારણે તેઓને ડેન્ગ્યુ થયો હતો અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. આજરોજ તેઓની ખબર અંતર પૂછવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈ, ગાંધીનગરના ડૉ.હાર્દિક તલાટી તેમજ ગાંધીનગર યુથ પ્રેસિડેન્ટ જયપાલસિંહ વાઘેલાએ મુલાકાત લીધી હતી. આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, જે જવાનો સરહદ પર દેશની સુરક્ષા કરતા હોય છે એ જવાનો ગાંધીનગરમાં સ્વચ્છતાના અભાવે ડેન્ગ્યુના શિકાર બન્યા. 37 જવાનો હાલ ગાંધીનગર ખાતે દાખલ છે અને અમે તેમની મુલાકાત લીધી. તેઓની તબિયત અત્યારે સારી છે.ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, અમે તેમને ખાતરી આપી છે કે ગમે ત્યારે તેઓને મદદની જરૂર થશે આમ આદમી પાર્ટી 24 કલાક તેમની સાથે ઉભી રહેશે. ગુજરાતમાં જે રીતે ડેન્ગ્યુએ માથું ઊંચક્યું છે અને હાલ એક જ જગ્યા પર 37 જવાનો ભોગ બન્યા છે. સ્વચ્છતાની અને આરોગ્યની મોટી મોટી વાતો કરવામાં આવે છે પરંતુ જ્યારે આ જવાનો ડેન્ગ્યુના ભોગ બન્યા ત્યારે આપણને ખ્યાલ આવ્યો કે ડેન્ગ્યુના કેટલા કેસો બની રહ્યા છે અને સરકારી તંત્ર ચૂપ છે. જે લોકો ડેન્ગ્યુનો શિકાર બન્યા છે એ લોકોને નાસ્તામાં બિસ્કીટના પેકેટ આપવામાં આવ્યા છે, આ ખૂબ જ ગંભીર બાબત છે કારણ કે એમને સારો નાસ્તો તો આપવો જોઈએ. અમારી માંગ છે કે ફક્ત આ જવાનોને જ નહીં પરંતુ જેટલા પણ લોકો સિવિલમાં દાખલ છે એમને સારું ભોજન આપો.

### ઓઢવમાં હિટ એન્ડ રન, ટુ-વ્હીલરે એક્ટિવાને ટક્કર મારતા વૃદ્ધનું મોત

અમદાવાદ | ઓઢવમાં આવેલા નેશનલ હેન્ડલૂમ સામેના ચાર રસ્તા પાસે હિટ એન્ડ રનનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ફેક્ટરીએથી પોતાનું એક્ટિવા લઈને ઘરે જવા માટે રોડ ક્રોસ કરી રહેલા 64 વર્ષીય વૃદ્ધને એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું છે, જ્યારે અકસ્માત સર્જીને અજાણ્યો વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ મામલે ટ્રાફિક પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નિકોલ વિસ્તારમાં આવેલા 'ધ ગ્રેઈટ ઈસ્ટર્ન'માં 64 વર્ષીય બાબુલાલ ભાદાણી તેમના પરિવાર સાથે રહેતા હતા. ગત 30 સપ્ટેમ્બરના રોજ બપોરના સમયે તેઓ ફેક્ટરીથી પોતાનું એક્ટિવા લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તેઓ જ્યારે નેશનલ હેન્ડલૂમ (ઓઢવ) પાસે ચાર રસ્તા ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવી રહેલા એક અજાણ્યા ટુ-વ્હીલર ચાલકે તેમના એક્ટિવાને અડફેટે લીધું હતું. અકસ્માત થતાં જ બાબુલાલ રસ્તા પર પટકાતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ એકઠા થયેલા સ્થાનિક લોકોએ તાત્કાલિક તેમના પરિવારને જાણ કરી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન જ તેમણે અંતિમ શ્વાસ લીધા.

# સરકાર તરફથી આવતા 25-50 લાખ રૂપિયા ક્યાં ખર્ચ થશે, એના આયોજનને ગામના લોકો જાણે: ગોપાલ ઈટાલીયા

**16મા નાણાપંચ અંતર્ગત સરકારે નક્કી કર્યું છે કે દરેક ગામમાં માથાદીઠ 550 રૂપિયાની સહાય ભારત સરકાર ગુજરાતના તમામ ગામડાઓને આપશે: ગોપાલ ઈટાલીયા**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 2 ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી છે. તો ગુજરાત સરકાર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે કે આ મહત્વપૂર્ણ દિવસે તમામ ગામોમાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. ઘણા લોકોને સવાલ થતો હોય છે કે અમારે રાજકારણ સાથે શું લેવા દેવા? પરંતુ તમે જોશો કે ઘણા અમીર લોકો જેમ કે અમિતાભ બચ્ચનના પત્ની જયા બચ્ચન, સની દેઓલ, કંગના રનૌત જેવા અનેક લોકો ખૂબ જ સફળ થયા બાદ અને અબજો રૂપિયા કમાયા બાદ પણ રાજકારણમાં આવતા હોય છે, તો જેની પાસે પૈસા ના હોય એ લોકોએ તો રાજકારણમાં ધ્યાન આપવું જરૂરી જ હોય છે કારણ કે તમે રાજકારણમાં ધ્યાન નહીં આપો તો તમારા ઉપર નબળા લોકોનું શાસન આવી જશે. તો રાજ્યમાં 16મું નાણાપંચ લાગુ થયું છે અને સરકારે આ અંતર્ગત નક્કી કર્યું છે કે દરેક ગામમાં માથાદીઠ 550 રૂપિયાની સહાય ભારત સરકાર ગુજરાતના તમામ ગામડાઓને આપશે. તો ગામ પ્રમાણે ક્યાંક 20 લાખ, ક્યાંક 25 લાખ તો ક્યાંક 50 લાખ જેવી રકમ સીધી ગ્રામ પંચાયતના ખાતામાં આવશે.

વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, તમારા ગામમાં જે આ પૈસા આવવાના છે એ પૈસા ક્યાં વપરાશે એનું આયોજન 2 ઓક્ટોબરના રોજ દરેક ગ્રામ પંચાયતમાં થશે. ત્યાં મિટિંગમાં બતાવવામાં આવશે કે શ્મશાનમાં કેટલા રૂપિયા વપરાશે, પેવર બ્લોકમાં કેટલા વપરાશે, ગટર વ્યવસ્થામાં કેટલા વપરાશે, તો આ રીતનો તમામ હિસાબ 2 ઓક્ટોબર રોજ રજૂ થશે. તમે તમારા ગામની ગ્રામ પંચાયતમાં રસ નહીં લો તો કરોડો રૂપિયા વેડફાય જવાના છે. તો બે ઓક્ટોબરના રોજ સવારે અલગ અલગ સમય પ્રમાણે ગ્રામ પંચાયત યોજાશે અને એની માહિતી તલાટી કમ મંત્રી અને સરપંચ પાસે હશે. તો તમારા ગામમાં આવનારા 20 લાખ કે 50 લાખની રકમ લોકોના કામમાં વપરાશે કે કોઈના ખિસ્સામાં વપરાશે, એ તમને ખબર નહીં પડે જો તમે આ ગ્રામ સભામાં જશો નહીં.

### ઈવીએમથી નહીં પણ મતદાર યાદીમાંથી કરોડો નામ કાઢી જ્ઞાનેશ કુમાર અને નરેન્દ્ર મોદીની જોડી ચૂંટણી જીતે છે : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગાંધી જયંતીના દિવસે ગાંધી બાપુને યાદ કરતા જણાવ્યું હતું કે, ગાંધીજીએ દેશને આઝાદ કરાવવાની લડાઈમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી. સામાન્ય, ગરીબ, અભણ, મજૂર કે ગામડાના માણસ માટે આઝાદીનો સાચો અર્થ પોતાની ગમતી સરકાર પસંદ કરવાનો અધિકાર છે. આજે જો કોઈ ગરીબનો દીકરો ચૂંટણી લડીને વડાપ્રધાન બની શકતો હોય તો તેની પાછળ લોકશાહી અને ભારતનું સંવિધાન છે, જે આપણને મત આપવાનો અને ચૂંટણી લડવાનો અધિકાર આપે છે. પરંતુ દેશના ગદ્દાર અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે દેશના ૧૨ કરોડ લોકો અને વિસાવદરના આશરે ૩૦,૦૦૦ લોકોના નામ મતદાર યાદીમાંથી ડિલીટ કરીને આઝાદીના ૭૫મા વર્ષે દેશ સાથે મોટો દગો કર્યો છે. ૨૦૦૨ની યાદીમાં દાદા-દાદી કે માતા-પિતાનું નામ ન હોવું, જન્મ તારીખના દાખલા ન હોવા, સોફ્ટવેરમાં માયાજાળ ઉભી કરવી તેમજ નામના સ્પેલિંગ કે અટક આગળ-પાછળ હોવા જેવા વાંધાવચકા કાઢીને ૧૨ કરોડ ભારતીયોનો મત આપવાનો અધિકાર છીનવી લેવામાં આવ્યો છે.

# સરકાર મંત્રીઓ મોકલી બાંહેધરી અપાવે છે ને બીજા દિવસે જંગલ ખાતું ખેડૂતોને રોકે છે : વર્ષા વસાવા

અમદાવાદ | મહાત્મા ગાંધી જયંતીના અવસર પર સ્વચ્છતા પખવાડિયા-2026 અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન'નું વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું.અભિયાન અંતર્ગત મંડળના લગભગ 3,000 કિલોમીટર રેલવે ટ્રેકની એક જ દિવસમાં સફાઈ કરવામાં આવી, જે લગભગ કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અંતર જેટલું છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી અમદાવાદ મંડળના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓએ સાથે મળીને એક જ દિવસમાં લગભગ 3,000 કિલોમીટર રેલવે ટ્રેકની સફાઈ કરીને સ્વચ્છતા અભિયાનમાં વ્યાપક ભાગીદારીનો કીર્તિમાન સ્થાપિત કર્યો. આ પ્રસંગે સાબરમતી રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, સ્વચ્છતા પ્રહરીઓ તથા સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના સભ્યોને સ્વચ્છતાની શપથ લેવડાવી હતી. સૌએ સ્વચ્છ રેલવે પરિસર, સ્વચ્છ ટ્રેક તથા સ્વચ્છ રેલવેના સંકલ્પને સાકાર કરવા તેમજ સ્વચ્છતા અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો.આ અભિયાન અંતર્ગત મંડળના તમામ સ્ટેશન માસ્ટર અને સુપરવાઈઝર, સફાઈ કર્મચારીઓ તેમજ અન્ય રેલવે કર્મચારીઓ દ્વારા પોતાના હોમ સ્ટેશનથી આગળના સ્ટેશન સુધીના ટ્રેક તથા સ્ટેશન પરિસરની સાફ-સફાઈમાં સક્રિય ભાગીદારી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ સ્ટેશનો, યાર્ડો, રેલવે કોલોનીઓ તેમજ ટ્રેકની બાજુના વિસ્તારોમાં એકસાથે શ્રમદાન અને વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર પણ આજે વ્યાપક સ્તરે સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ, સાબરમતી, વિરમગામ, માલિયા મિયાણા, રાધનપુર, ધ્રાંગધ્રા, મહેસાણા, પાલનપુર, ભુજ, ગાંધીધામ, અસારવા તથા હિંમતનગર સહિત મંડળના વિવિધ સ્ટેશનો, યાર્ડો, રેલવે કોલોનીઓ, હેલ્થ યુનિટ તેમજ ટ્રેકસાઈડ વિસ્તારોમાં રેલવે કર્મચારીઓ અને અન્ય સહભાગી સમૂહો દ્વારા વિશેષ સાફ-સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.આ સ્વચ્છતા અભિયાનમાં રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો, રેલવે સુરક્ષા દળ, સ્કાઉટ અને ગાઈડ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ અન્ય સહભાગી સમૂહોએ સક્રિયપણે ભાગ લીધો હતો. શ્રમદાનના માધ્યમથી સ્વચ્છતાને જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલવેના પરિચાલનને પ્રભાવિત કર્યા વિના તેમજ રનિંગ લાઈનોની નજીક નિર્ધારિત સુરક્ષા સાવચેતીઓનું પાલન કરીને તમામ સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.સ્વચ્છતા પખવાડા-2026 અંતર્ગત 1 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર 2026 સુધી અમદાવાદ મંડળમાં વિવિધ સ્વચ્છતા અને જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી કાર્યક્રમો અંતર્ગત 3 થી 5 ઓક્ટોબર સુધી મુખ્ય સ્થળોએ સઘન સફાઈ અભિયાન, 6 થી 8 ઓક્ટોબર દરમિયાન ટ્રેકસાઈડ તથા જૂના પડતર કચરાની સફાઈ, 9 થી 10 ઓક્ટોબર દરમિયાન બિનજરૂરી પોસ્ટર, બેનર તથા ગુટખાના ડાઘ દૂર કરવાનું અભિયાન તેમજ 11 થી 15 ઓક્ટોબર દરમિયાન ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, 2026ના પાલન અને જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.અમદાવાદ મંડળ દ્વારા સ્વચ્છતા પખવાડા-2026ના માધ્યમથી રેલવે પરિસરો, ટ્રેક, સ્ટેશનો તેમજ આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતાને વધુ સુદ્ઢ બનાવવાની સાથે-સાથે મુસાફરો, રેલવે કર્મચારીઓ અને સામાન્ય જનતામાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન' સ્વચ્છ રેલ, સ્વચ્છ ટ્રેક અને સ્વચ્છ રેલવેનો સંદેશ જન-જન સુધી પહોંચાડવા તેમજ સ્વચ્છતાને જનભાગીદારીનો અભિન્ન હિસ્સો બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પ્રયાસ છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## રાજકોટ-અમદાવાદ હાઈવે : 112 ની ટીમની સતર્કતાથી મોટી હોનારત ટળી

# ભાયલા બ્રિજ પાસે લક્ઝરી બસમાં ભીષણ આગ

(એજન્સી) રાજકોટ । તા. 02



રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ ભાયલા બ્રિજ નજીક આજે એક ખાનગી લક્ઝરી બસમાં અચાનક જ ભીષણ આગ ભભકી ઉઠવાની એક ગંભીર દુર્ઘટના સામે આવી છે, જેના કારણે હાઈવે પર થોડીવાર માટે ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. જોકે, આ કટોકટીના સમયમાં ઘટનાસ્થળની નજીક જ તહેનાત ૧૧૨ ની આપત્તિ વ્યવસ્થાપન પોલીસ ટીમ દ્વારા દર્શાવવામાં આવેલી અતિ સક્રિય અને ત્વરિત કામગીરીને કારણે બસમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થઈ ગયો છે અને સદનસીબે આ અકસ્માતમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થવા પામી નથી.

મીડિયા અહેવાલ મુજબ, ચાલુ મુસાફરી દરમિયાન અચાનક જ લક્ઝરી બસના એક ભાગમાંથી આગના જ્વાળામુખી જેવા ભારે ગોટા નીકળવા લાગ્યા હતા, જેને જોઈને આસપાસના વાહનચાલકો અને મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બ્રિજ પર ડ્યુટી પર હાજર રહેલી ૧૧૨ ની પીસીઆર ટીમની નજર પડતાં જ તેઓએ ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તુરંત જ હરકતમાં આવીને બસ તરફ દોટ મૂકી હતી. પોલીસ જવાનોએ પોતાની જીવની પરવા કર્યા વગર બસમાં સવાર તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવાની મહત્વપૂર્ણ કવાયત હાથ ધરી હતી અને તમામ મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરી હતી.

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સ્થિતિની ગંભીરતાને પારખીને ૧૧૨ ની ટીમે તાત્કાલિક ધોરણે નજીકની ફાયર ફાઈટર ટીમને કોલ કરીને ઘટનાસ્થળે બોલાવી લીધી હતી. ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસ પ્રશાસનની સંયુક્ત ટીમ દ્વારા ભારે જહેમત અને પાણીનો છંટકાવ કરીને આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

હાઈવે પર કોઈ મોટો ટ્રાફિક જામ સર્જાય નહીં અને અન્ય વાહનચાલકો મુશ્કેલીમાં ન મુકાય તે માટે પોલીસે ત્વરિત પગલાં લઈને ટ્રાફિકને ડાયવર્ટ કર્યો હતો અને વાહનવ્યવહારને રાબેતા મુજબ પૂર્વવત બનાવ્યો હતો.

ખેલ અને આપત્તિ વ્યવસ્થાપન વિશેષજ્ઞોના મતે, જો સમયસર આપત્તિ વ્યવસ્થાપન ટીમ દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં ન આવી હોત તો પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની શકાતી હતી, પરંતુ યોગ્ય સમયે મળેલી મદદના કારણે મોટી હોનારત ટળી ગઈ છે. ખાનગી બસો અને વાહનોમાં સમયાંતરે ટેકનિકલ ખામીઓ સર્જાવાના કારણે આગ લાગવાના કિસ્સાઓ વધતા જતા હોય છે, જેના માટે વાહનચાલકો અને માલિકોએ પણ વધુ સાવચેત રહેવાની જરૂરિયાત છે. પ્રશાસન દ્વારા હાલમાં આ આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટેની તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

આ દુર્ઘટના બાદ વહીવટી તંત્ર દ્વારા ફરી એકવાર મુસાફરો અને વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ મુસાફરી દરમિયાન વાહનની યોગ્ય જાળવણી કરે અને કોઈપણ આપત્તિજનક પરિસ્થિતિમાં તુરંત જ કટોકટી નંબર પર સંપર્ક કરે. ૧૧૨ ની આ ટીમની પ્રશંસનીય કામગીરીને કારણે આજે અનેક નિર્દોષ લોકોના જીવ બચી ગયા છે, જેના કારણે સમગ્ર પંથકમાં આ પોલીસ જવાનોની સતર્કતા અને ફરજનિષ્ઠાની ભારે પ્રશંસા થઈ રહી છે.

## ગેરકાયદે કતલખાના બંધ કરાવવા ૫,૦૦૦થી વધુ લોકોની ભવ્ય 'અહિંસા માર્ચ' યોજાઈ



સુરત | રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે અહિંસાના પવિત્ર દિવસે સુરત શહેરમાં ગેરકાયદેસર રીતે ધમધમતા કતલખાનાઓ સામે જનતા અને સંતોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. શહેરમાં ચાલતી આ ગેરકાયદે પ્રવૃત્તિઓને તાત્કાલિક અસરથી કાયમ માટે બંધ કરાવવાની પ્રબળ માંગ સાથે સાધુ-સંતો, જૈન સાધ્વીજી ભગવંતો તેમજ વિવિધ સામાજિક સંગઠનોના ૫,૦૦૦ કરતાં પણ વધુ નાગરિકોની વિશાળ ઉપસ્થિતિમાં એક ભવ્ય 'અહિંસા માર્ચ'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અહિંસા માર્ચનો પ્રારંભ સુરતના ઉમરા વિસ્તારમાં આવેલા સરગમ શોપિંગ સેન્ટર ખાતેથી કરવામાં આવ્યો હતો, જે વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઈને કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. આ વિશાળ રેલીમાં મોટી સંખ્યામાં ધર્મગુરુઓ, સાધુ-સંતો અને સામાન્ય નાગરિકોએ જોડાઈને અહિંસા અને જીવદયાના મૂલ્યોનું પાલન કરવા પર ભાર મૂક્યો હતો. રેલીના અંતે સંતો અને અગ્રણીઓ દ્વારા જિલ્લા કલેક્ટરને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં વહીવટી તંત્ર સમક્ષ કડક પગલાં ભરવાની માંગ કરાઈ હતી.

## તાલાલા પંથક સ્વાર્મ અર્થક્વેકથી ધ્રૂજ્યો, ૩.૨ની તીવ્રતાના આંચકા સાથે ઉપરાઉપરી સાત ભૂકંપ નોંધાયા

(એજન્સી) રાજકોટ । તા. 02

સોમનાથ જિલ્લાના ગીર વિસ્તારમાં આવેલા તાલાલા પંથકની ધરતી આજરોજ સવારે અચાનક જ ૩.૨ની તીવ્રતાના મુખ્ય ભૂકંપ અને તેની સાથે જ 'સ્વાર્મ' પ્રકારના ઉપરાઉપરી સાત ભૂકંપીય આંચકાઓથી હચમચી ઉઠી હતી, જેના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. ભારતના પશ્ચિમોત્તર ભાગમાં આવેલા વિશ્વના સૌથી મોટા દક્કન જ્વાળામુખીય ક્ષેત્રની મધ્યમાં સ્થાન પામેલો આ તાલાલા વિસ્તાર આવા શ્રેણીબદ્ધ અને ક્રમિક ભૂકંપો માટે વર્ષોથી અતિ સંવેદનશીલ માનવામાં આવે છે, જ્યાં અગાઉ પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ નોંધાતી રહી છે.

તાલાલા ગીર પંથકમાંથી પ્રાપ્ત થયેલા અહેવાલો મુજબ મોડી રાત્રિથી શરૂ થયેલા આ ઉપરાઉપરી આંચકાઓને કારણે સદનસીબે અત્યાર સુધી કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના સમાચાર સામે આવ્યા નથી, પરંતુ અચાનક ધરતી ધ્રૂજવા લાગતા લોકો પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. કચ્છ પંથકમાં પણ સપ્ટેમ્બર મહિના દરમિયાન ચાર મોટા ભૂકંપ નોંધાયા હતા, જેમાં ધોળાવીરામાં ૩.૯ ની તીવ્રતાનો શક્તિશાળી આંચકો પણ સામેલ હતો, જે દર્શાવે છે કે સમગ્ર ગુજરાતમાં ભૂકંપીય ગતિવિધિઓ ફરીથી સક્રિય થઈ રહી છે. ખેલ અને વિજ્ઞાન વિશેષજ્ઞોના મતે, કચ્છ પ્રદેશમાં મુખ્ય ફોલ્ટલાઈનને કારણે ઊંચી તીવ્રતાના ભૂકંપો આવતા હોય છે, જ્યારે સૌરાષ્ટ્રમાં મેઈન ફોલ્ટલાઈન નહીં પરંતુ ધરતીના પેટાળમાં રહેલા કુદરતી ફોલ્ટ્સ અને સ્થાનીય ભૌગોલિક પરિબળોને કારણે સામાન્ય રીતે ઓછી તીવ્રતાના આવા સ્વાર્મ અર્થક્વેક નોંધાતા રહ્યા છે. તાલાલા પંથકની આ વિશેષ ભૂ-સંરચનાને કારણે અગાઉ પણ લાંબા સમય સુધી નાના-મોટા આંચકાઓનો દોર ચાલ્યો હતો, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પણ સતત નજર રાખવામાં આવી રહી છે. આ કુદરતી આપત્તિની સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ કટોકટીના સમયે સાવચેતીના પગલાં લેવા માટે અપીલ કરવામાં આવી છે.

## વડોદરામાં કુખ્યાત ઠગ ભાવિન શાહનો કારનામો: 7 વ્યક્તિઓ પાસેથી 47.31 લાખ પડાવ્યા

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર કન્સ્ટ્રક્શનની ઓફિસ ધરાવતા અને અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલા ભાવિન ચંદુલાલ શાહ નામના શખ્સે લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચર્યાનો વધુ એક ગંભીર મામલો સામે આવ્યો છે. મકાન રિનોવેશન અને વિદેશમાં નોકરી અપાવવાના બહાના હેઠળ આ ઠગે અલગ-અલગ ૭ જેટલા વ્યક્તિઓ પાસેથી કુલ રૂ. ૪૭.૩૧ લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હોવાનું બહાર આવ્યું છે. આ મામલે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ગુનો નોંધાતા પોલીસે આરોપીની તપાસ અને કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે.

મીડિયા અહેવાલ અને પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, કારેલીબાગની શીતલતા સોસાયટીમાં રહેતા અને ઈરાકની ખાનગી કંપનીમાં ફરજ બજાવતા પરાગભાઈ ભગતે પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે કે તેમણે છ વર્ષ પહેલાં હાલોલના નાના ચાડવા ગામે ફાર્મ હાઉસ બનાવવા માટે જમીન ખરીદી હતી. આ જમીન પર કન્સ્ટ્રક્શનનું કામ કરવા માટે તેમણે વાઘોડિયા રોડ પર પરિવાર ચાર રસ્તા પાસે જશરાજ કોમ્પ્લેક્સમાં 'એ-વન કન્સ્ટ્રક્શન એન્ડ ઈન્ટિરિયર' નામની ઓફિસ ચલાવતા ભાવિન ચંદુલાલ શાહનો સંપર્ક કર્યો હતો. ભાવિન શાહે ફાર્મમાં બાંધકામ કરવા માટે કુલ રૂ. ૨૯ લાખ નક્કી કર્યા હતા અને કામ શરૂ પણ કર્યું હતું.

પરંતુ ત્યારબાદ તે અવારનવાર રૂપિયાની માંગણી કરતો હતો અને કામ અધૂરું મૂકી દેતો હતો. ફરિયાદીએ તેને કુલ રૂ. ૧૬.૮૦ લાખ ચૂકવી દીધા હોવા છતાં તેણે પૂરું કામ ન કર્યું અને બાકીના પૂરા રૂપિયા માંગવાનો આગ્રહ રાખી પોતાની સામગ્રી લઈને નાસી ગયો હતો. બાદમાં અન્ય ખાનગી એજન્સી કે નિષ્ણાત મારફતે તપાસ કરાવતાં એવું બહાર આવ્યું હતું કે ભાવિન શાહે ૧૬.૮૦ લાખ સામે માત્ર રૂ. ૨.૯૫ લાખનું જ અને તે પણ અત્યંત હલકી ગુણવત્તાવાળું કામ કર્યું હતું.

## મેથ્સમાં નાપાસ કરવાની ધમકી આપી ધોરણ 8ની છાત્રા પર શિક્ષકનું દુષ્કર્મ, આરોપી ઝડપાયો

(એજન્સી) રાજકોટ । તા. 02

રાજકોટ શહેરના શિક્ષણ જગતને હચમચાવતી અને વાલીઓને ઊંડી ચિંતામાં મૂકી દે તેવી એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. શહેરની એક સરકારી શાળામાં ફરજ બજાવતા નરાધમ શિક્ષકે ધોરણ ૮ માં અભ્યાસ કરતી માસૂમ છાત્રાને ગણિત (મેથ્સ) વિષયમાં નાપાસ કરી દેવાની ધમકી આપીને સ્કૂલના જ પરિસરમાં અવારનવાર અડપલાં કર્યા હતા અને ત્યારબાદ એક દિવસ તેને પોતાના ફ્લેટ પર લઈ જઈને તેની પર દુષ્કર્મ આચર્યું હોવાની ગંભીર હકીકત સામે આવી છે. આ મામલે ભોગ બનનાર વિદ્યાર્થીનીના પરિવારજનોએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને ૩૮ વર્ષીય આરોપી શિક્ષક મોહિત ટાંકની ત્વરિત ધરપકડ કરી લીધી છે.

ભોગ બનનાર છાત્રાની માતાએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે તેમની પુત્રીએ વર્ષ ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન આ સરકારી શાળામાં ધોરણ ૬ થી ૮ નો અભ્યાસ કર્યો હતો. ગત ૨૩ તારીખના રોજ પુત્રી ઘરે ખૂબ જ ગુમસુમ અને ભયભીત જણાતા માતાને ચિંતા થઈ હતી. જ્યારે માતાએ હિંમત આપીને તેની સાથે સ્નેહપૂર્વક પૂછપરછ કરી, ત્યારે દીકરીએ આપવીતી વર્ણવતા જણાવ્યું કે ગત જાન્યુઆરી મહિનામાં જ્યારે તે ધોરણ ૮ માં હતી ત્યારે ગણિતનો પિરિયડ લેવા આવતા શિક્ષક મોહિત ટાંક સરે તેને કહ્યું હતું કે, "હું તને મેથ્સમાં સારા માર્ક્સ આપી પાસ કરાવી દઈશ, તું મને બહુ ગમે છે." ત્યારબાદ ક્લાસરૂમમાં કોઈ ન હોય ત્યારે તે તેની સાથે અયોગ્ય હરકતો કરતા હતા અને જો વિદ્યાર્થિની તેનો વિરોધ કરે તો તેને ગણિતમાં નાપાસ કરી દેવાની ધમકી આપતા હતા, જેના ડરથી માસૂમ બાળકી ચૂપ રહી હતી. ગત જાન્યુઆરીમાં એક દિવસ સવારે સ્કૂલે પહોંચ્યા બાદ ઓફિસમાં બેઠેલા મોહિત સરે તેને કહ્યું કે આપણે ઘરે જવું છે. વિદ્યાર્થિનીએ ના પાડતાં સર તેની પાછળ આવ્યા અને તેની બેગ ખેંચવા લાગ્યા તથા ધમકી આપી કે જો કોઈ પૂછે તો કહેજે કે તું બુક ઘરે ભૂલી ગઈ છે અને સર તને મુકવા આવ્યા છે, નહીં તો તને મેથ્સમાં ફેઈલ કરી દઈશ અને ભણતરમાં આગળ નહીં વધવા દઉં.

## વડોદરામાં 'નો યુપીઆઈ ડે' મનાવી વેપારીઓએ પ્લે કાર્ડ સાથે વિરોધ નોંધાવ્યો



વડોદરા | વડોદરા સહિત સમગ્ર દેશભરમાં યુપીઆઈ (UPI) પેમેન્ટ પર ચાર્જ વસૂલવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, જેના ભાગરૂપે આજે બીજી ઓક્ટોબરે વેપારીઓ દ્વારા 'નો યુપીઆઈ ડે' મનાવવામાં આવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન અંતર્ગત વડોદરાના રાવપુરા વિસ્તારમાં આવેલી મહાજનની ગલીના નાકે મોટી સંખ્યામાં વેપારીઓ એકત્રિત થયા હતા અને હાથમાં પ્લે કાર્ડ સાથે રાખીને સરકારના આ નિર્ણય સામે પોતાની સખત નારાજગી વ્યક્ત કરી હતી. મીડિયા અહેવાલ મુજબ, આ વિરોધ પ્રદર્શનમાં વડોદરા વેપાર વિકાસ એસોસિએશન, મધ્ય ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ અને બરોડા ગ્રેઈન મર્ચન્ટ એસોસિએશન (હાથીખાના)ના અગ્રણીઓ તેમજ હોદ્દેદારો પણ જોડાણ કર્યું હતું. વેપારીઓએ સરકાર સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે આગામી ૧૫ ઓક્ટોબરથી રૂપિયા ૨,૦૦૦ થી વધુના યુપીઆઈ વ્યવહારો પર ૦.૪૦ ટકા ચાર્જ અને તેના ઉપર ૧૮ ટકા જીએસટી વસૂલવાની જોગવાઈ અમલમાં મૂકવામાં આવનાર છે, જે વેપાર જગત માટે નુકસાનકારક સાબિત થશે.

## નવરાત્રી તેમજ આગામી દિવાળીના તહેવારોને ધ્યાને રાખી શહેરમાં ચાલતા રસ્તાના કામો સત્વરે પૂર્ણ કરવા અંગે મનપા.જૂનાગઢના કમિશનરશ્રીને રજુઆત કરવામાં આવી




નરેન્દ્ર દવે જૂનાગઢ

સત્યમ સેવા યુવક મંડળ, જુનાગઢના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા એ મહાનગરપાલિકા, જુનાગઢના કમિશનરશ્રીને પત્ર લખીને રજુઆત કરી છે કે, હાલમાં જુનાગઢ શહેરમાં મહાનગર પાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ નું કામ ચાલુ કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે ગાંધીચોક,જવાહર રોડ, ગિરનાર દરવાજાથી ગોધાવાવની પાટી, મજેવડી દરવાજે, લોઢીયાવાડીનો, સરદાર પરા, જોષીપરા વગેરે જુનાગઢસીટીના રસ્તો તેમજ મહાનગરપાલિકા હેઠળ આવતા અન્ય મુખ્ય માર્ગો પર કામગીરી ચાલુ કરી હોવાના કારણે રસ્તાઓ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. હાલમાં નવરાત્રી અને ત્યાર બાદ દિવાળી જેવા મોટા તહેવારો આવી રહ્યા છે. સાથોસાથ જુનાગઢ એ એક મુખ્ય પ્રવાસન અને યાત્રાધામ હોવાના કારણે બહારગામથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ અને પ્રવાસીઓ દર્શનાર્થે તેમજ ભ્રમણ અર્થે આવે છે. આવા સમયે રસ્તાઓ બંધ હોવાથી: સ્થાનિક પ્રજાજનો અને વેપારીઓને રોજીંદા કામકાજમાં ભારે હાલાકી ભોગવવી પડે છે. બહારથી આવતા યાત્રાળુઓ અને પ્રવાસીઓને રસ્તાઓની અજાણકારીના કારણે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ સર્જાય છે. તહેવારો દરમિયાન પબ્લિકને પડતી પરેશાની દૂર થાય તથા પ્રવાસીઓ અને સ્થાનિક વેપાર-ધંધાને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આપશ્રીને નમ્ર વિનંતી છે કે તમામ રસ્તાના કામોમાં મજૂરો અને સાધનોની સંખ્યા વધારીને કામગીરી સત્વરે અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવામાં આવે.તહેવારો અને પ્રવાસીઓની અવરજવરને ધ્યાને રાખીને જલ્દીથી જલ્દી આ રસ્તાઓ ખુલ્લા મૂકવામાં આવે.કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી યોગ્ય સાઈનબોર્ડ અને વૈકલ્પિક રસ્તાની સ્પષ્ટ વ્યવસ્થા કરવામાં આવે એવી વિનંતી પ્રજાહિત, યાત્રાળુઓની સુવિધા અને વેપારીઓના હિતને ધ્યાને રાખીને આ બાબતે સત્વરે યોગ્ય અને જરૂરી કાર્યવાહી કરવા જણાવાયું છે.જૂનાગઢમા અતી ખરાબ ખાંડા ખબડાવાળા રોડ રસ્તાથી પ્રજા થાકી ગઈ છે, રોડ ઉપરથી ધુળની ડમરીઓ પણ ઉડી રહી છે આથી સિનિયર સિટીઝનો, ગર્ભવતી મહિલાઓ, અશકત અને હાર્ટ, ફેફસાંના દર્દીઓ તથા શરીરમાં ભાગતુટ ની બિમારી ભોગવી રહેલાઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જે ધ્યાનમાં લઈને વિના વિલંબે ઘટતું કરવા પ્રજાજનોની માંગ છે.

## સૌરાષ્ટ્રમાં નબળા ચોમાસાને કારણે જળસ્ત્રોત સૂકાતા મગરો માનવ વસાહતો તરફ ધસ્યા

# ભાણવડ પંથકમાંથી 136 સરીસૃપોનું સફળ રેસ્ક્યૂ

(એજન્સી) રાજકોટ । તા. 02

સૌરાષ્ટ્ર પંથકમાં ચાલુ વર્ષે ચોમાસું નબળું રહેવાના કારણે કુદરતી જળસ્ત્રોતોમાં પાણીનો જથ્થો તળિયે બેસી ગયો છે, જેના લીધે વન્યજીવોના અસ્તિત્વ સામે ગંભીર જોખમ ઊભું થયું છે. ખાસ કરીને પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની સરહદોને જોડતા પ્રખ્યાત બરડા ડુંગર વિસ્તારમાં પાણીના સ્ત્રોત ઘટી જવાથી મગર સહિતના અનેક ભયજનક સરીસૃપો પાણી અને ખોરાકની શોધમાં જંગલ છોડીને સીધા માનવ વસાહતો તરફ ધસી રહ્યા હોવાની આંચકાજનક સ્થિતિ સામે આવી છે. આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે વન વિભાગ અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા ત્વરિત પગલાં ભરીને વન્યજીવોને સુરક્ષિત કરવાનો અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. માત્ર ભાણવડ પંથકમાં જ સપ્ટેમ્બર મહિના દરમિયાન એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટ અને વન વિભાગની સંયુક્ત ટીમે ભારે જહેમત ઉઠાવીને માનવ વસાહતો આસપાસ આવી ચડેલા નવ મગરો સહિત કુલ 136 જેટલા વિવિધ સરીસૃપોનું કુશળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું છે. પાણીની તીવ્ર અછતના કારણે મગર જેવા જળચર જીવો માટે જીવવું મુશ્કેલ બન્યું છે, જેના કારણે તેઓ ગામડાઓ અને ખેતરો તરફ દોડી રહ્યા છે. આ રેસ્ક્યુ અભિયાનમાં



માત્ર મગર જ નહીં પરંતુ અન્ય ખતરનાક જીવો પણ મોટી સંખ્યામાં પકડીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

સપ્ટેમ્બર માસ દરમિયાન હાથ ધરેલી આ બચાવ કામગીરીમાં 9 મગર ઉપરાંત 24 વિશાળ અજગર અને 44 નાગ મળી કુલ 77 જેટલા મુખ્ય અને ખતરનાક જીવોને સુરક્ષિત રીતે પકડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, રેસ્ક્યુ કરાયેલા અન્ય સરીસૃપોમાં વરુદંતી, ઘઉંલો, દરઘોઈ, બિલાડી સાપ અને શ્યામશિર સાપનો પણ એક-એક પ્રજાતિ તરીકે સમાવેશ થાય છે. આ તમામ મૂંગા જીવોને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ બરડા ડુંગરના કુદરતી અને સુરક્ષિત આવાસમાં ફરીથી સન્માનપૂર્વક મુક્ત કરી દેવામાં આવ્યા છે. વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રના જાણકારો અને એનિમલ લવર્સ ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ અશોક ભટ્ટના જણાવ્યા મુજબ, મગર માટે પાણી સૌથી પ્રાથમિક અને અનિવાર્ય આવશ્યકતા છે. કુદરતી તળાવો, નાના જળાશયો અને વન વિસ્તારના પાણીના વહેણો સૂકાઈ જવાના કારણે આ જીવો મજબૂર થઈને બહાર નીકળે છે અને વસ્તીવાળા વિસ્તારોમાં પહોંચી જાય છે, જેનાથી સ્થાનિક લોકોમાં ભારે ભય અને ફફડાટ ફેલાઈ જાય છે. આવી નાજુક પરિસ્થિતિમાં ગ્રામજનોએ પણ સમજદારી દાખવીને મગર કે અન્ય જીવોને નુકસાન પહોંચાડવાને બદલે તાત્કાલિક વન વિભાગ કે રેસ્ક્યુ ટીમને જાણ કરવી અત્યંત આવશ્યક છે. આબોહવા અને વરસાદની અનિયમિતતા માત્ર માનવજીવન જ નહીં પરંતુ મૂંગા પશુ-પક્ષીઓ અને સરીસૃપોના જીવનને પણ એટલી જ પ્રભાવિત કરી રહી છે. વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા આગામી સમયમાં જંગલ વિસ્તારોમાં કૃત્રિમ જળસ્ત્રોતો ઊભા કરવા માટેની યોજનાઓ પર વિચારણા કરવામાં આવી રહી છે, જેથી વન્યજીવો પાણીની તલાશમાં માનવ વસાહતો તરફ ન ધસે.

## ગાંધીનગર ખાતે આવતીકાલ તા. 3 ઓક્ટોબરે યોજાશે 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' વિતરણ સમારોહ

ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આવતીકાલ તા. ૩ ઓક્ટોબરના રોજ રાજ્ય કક્ષાનો 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' વિતરણ સમારોહ યોજાશે. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા પણ વિશેષ ઉપસ્થિત રહેશે. આ સમારોહ દરમિયાન રાજ્યના કુલ ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવશે. જેમાં ૧૦ ખેડૂતોને રાજ્ય કક્ષાના અને ૮૩ ખેડૂતોને જિલ્લા કક્ષાના એવોર્ડ એનાયત કરાશે. આ પુરસ્કારો પૈકી ૧૫ એવોર્ડ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે, ૪૫ એવોર્ડ ફળ-ફૂલ તથા શાકભાજીની ખેતી ક્ષેત્રે, ૧૫ એવોર્ડ પશુપાલન ક્ષેત્રે અને ૮ એવોર્ડ મૂલ્ય વર્ધિત ઉત્પાદનો, પેકિંગ તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવશે.'ખેડૂતથી બજાર અને બજારથી ગ્રાહક' સુધીની કડીને સુદૃઢ કરવાના હેતુથી રાજ્યભરમાં આશરે ૧૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવશે. જેમાં નગરપાલિકા/મહાનગરપાલિકા મથકોએ ૨૪, જિલ્લા મથકોએ ૧૮ અને તાલુકા મથકોએ ૫૮ કેન્દ્રોનો સમાવેશ થાય છે. આનાથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય પ્લેટફોર્મ મળશે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ બનશે.

### અગાઉ ૧૫ કરોડની ખંડણીના કેસમાં પણ સંડોવાયેલ છે આરોપી

## મુસ્લિમ યુવતી સાથે દુષ્કર્મ આચરનાર સુનિલ મહિડા ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 02

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક અને ગંભીર ઘટના સામે આવી છે, જેમાં એક મુસ્લિમ યુવતીને પ્રેમજાળમાં ફસાવીને તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરનાર અને મારઝૂડ કરનાર નામચીન જમીન દલાલ સુનિલ મહિડાને ગોત્રી પોલીસ સ્ટેશનની ટીમે ઝડપી પાડ્યો છે. આરોપી પાસે બે સંતાન હોવા છતાં તેણે યુવતીને લગ્નની ખોટી લાલચ આપી હતી અને વિવિધ હોટલોમાં લઈ જઈને તેની મર્યાદાનું હનન કર્યું હતું તેમજ પીડિતા સગર્ભા બનતા બળજબરીપૂર્વક ગર્ભપાત પણ કરાવ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

પીડિતા યુવતી સાથે દોઢ વર્ષ અગાઉ સંપર્ક થયા બાદ આરોપી જમીન દલાલ સુનિલ મહિડા (રહે. નવજીવન સોસાયટી, તરસાલી)એ તેને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપીએ યુવતીને લગ્ન કરવાનું આશ્વાસન આપીને અલગ-અલગ હોટલોમાં લઈ જઈને અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો. જ્યારે પીડિતાએ તેની સાથે લગ્ન કરવાની વાત કરી ત્યારે સુનિલે તેને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને અવારનવાર શારીરિક મારઝૂડ પણ કરી હતી. આ દરમિયાન પીડિતા ગર્ભવતી બનતા આરોપીએ બે વખત તેનું ગર્ભપાત કરાવ્યું હતું.

આ આખી પ્રતાડનાથી કંટાળીને આખરે પીડિતાએ હિંમત દાખવીને ગોત્રી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પીઆઈ એચ.બી. ચાવડા અને તેમની ટીમે ત્વરિત કાર્યવાહી કરતા બળાત્કાર, ધાકધમકી આપી મારઝૂડ કરવી અને ગર્ભપાત કરાવવા જેવી ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને આરોપી સુનિલ રોહિત મહિડાની ધરપકડ કરી લીધી છે. હોટલના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય ટેક્નિકલ પુરાવાઓ એકત્રિત કરવા માટે પોલીસે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મેળવીને વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

### મુખ્ય સૂત્રધાર અને ભેજાબાજો સામે ગુનો નોંધાયો

## SD પે - અપના પે કૌભાંડ: દાહોદના બે શિક્ષકો સાથે 42 લાખની ઠગાઈ

(એજન્સી) દાહોદ । તા. 02

સમગ્ર ગુજરાતભરમાં ચર્ચાસ્પદ બનેલા એસડી પે (SD Pay) અને અપના પે (Apna Pay) મોબાઈલ એપ્લિકેશન કૌભાંડમાં હવે દાહોદ જિલ્લાના બે શિક્ષકો પણ ભોગ બન્યા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ ઓનલાઈન રોકાણ કૌભાંડના માધ્યમથી ઠગોએ દાહોદના બે શિક્ષકો પાસેથી કુલ રૂા. ૪૨ લાખ જેટલી માતબર રકમ ખંખેરી લીધી છે, જેના પગલે દાહોદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં મુખ્ય સૂત્રધાર સહિતના તમામ સંડોવાયેલા ભેજાબાજો વિરુદ્ધ સત્તાવાર ગુનો નોંધવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લાના ભાઠીવાડા વિસ્તારમાં નોકરી કરતા ગિરીશભાઈ પુંજાભાઈ પટેલે ગત ૨૦ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ એસડી પે એપ્લિકેશન મારફતે રૂ. ૨૧,૪૩,૦૦૦ નું રોકાણ કર્યું હતું. આ ઉપરાંત, તુષારકુમાર રમેશભાઈ પરમારે પણ ૭ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ આ જ એપ્લિકેશનમાં રૂ. ૨૦,૬૧,૧૮૭ નું ઓનલાઈન રોકાણ કર્યું હતું. શરૂઆતના તબક્કામાં આ બંને રોકાણકારોને આકર્ષવા માટે કંપની દ્વારા કેશબેક તથા ઊંચા રિટર્નની રકમ નિયમિત ચૂકવવામાં આવતી હતી, જેથી તેઓ વધુ ને વધુ નાણાં રોકવા માટે પ્રોત્સાહિત થાય.

ઠગ ટોળકી દ્વારા એપ્લિકેશનમાં ગિરીશભાઈના ખાતામાં રૂ. ૪૯,૭૮,૦૦૦ અને તુષારકુમારના ખાતામાં રૂ. ૪૬,૩૩,૦૦૦ જેટલી મળવાપાત્ર રકમ વર્ચ્યુઅલ ડેશબોર્ડ પર દર્શાવવામાં આવતી હતી.

જોકે, થોડા સમય બાદ અચાનક જ એપ્લિકેશનની સેવાઓ ખોરવાઈ ગઈ અને બંધ થઈ ગઈ હતી. એટલું જ નહીં, કૌભાંડ છુપાવવા માટે એસડી પે નું નામ બદલીને 'અપના પે' પણ કરી દેવામાં આવ્યું હતું. આ સમગ્ર કૌભાંડની ગંભીરતાને ધ્યાનમાં લઈને દાહોદ સાયબર ક્રાઈમ પોલીસે ધવલ પટેલ, હિરેન શાહ, ભાવેશ ધનેચા તેમજ અન્ય પ્રમોટરો, ડિરેક્ટરો, સંચાલકો અને એજન્ટો સામે વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની તપાસનો દોર શરૂ કર્યો છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
SATURDAY • 03-10-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**વૃષભ : બ. વ. ઉ.**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**મિથુન : ક. છ. ઘ.**

મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

**કર્ક : ડ. હ.**

તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે.

**સિંહ : મ. ટ.**

આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમે જેની સાથે રહો છો.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

**તુલા : ર. ત.**

કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.

**મકર : ખ. જ.**

તમારી બીમારી અંગે ચર્ચા કરવાનું ટાળો. બીમારી તરફથી તમારૂં ધ્યાન અન્યત્ર દોરવા તમારી જાતને કોઈક કામમાં પરોવો કેમ કે તમારી બીમારી વિશે તમે જેટલી વધારે વાતો કરશો એટલી જ તે વધુ વકરશે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ.

**કુંભ : ગ. સ. શ. ષ.**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારા મિત્ર સાથે બહાર જાવ ત્યારે સારી રીતે વર્તો.

**મીન : દ. ચ. ઝ. થ.**

દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમે માનો કે ન માનો પણ તમને કોઈક બહુ જ નિકટથી જોઈ રહ્યું છે અને તમને પોતાનો રૉલ મૉડેલ ગણે છે- વખાણ થાય એવા જ કાર્યો કરો.

## રામદેવજી પીર ના ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ

# પાટણ જિલ્લાના હારીજ તંબોળીયા ગામે મધી બેનના વીર (રામાપીર) નું મંદિર બની રહ્યું છે આસ્થા અને શ્રદ્ધા નું કેન્દ્ર.....

| નિતીન ઠાકર ચાણસ્મા

દર વર્ષે રક્ષાબંધન ઉત્સવ આવે એટલે ભાઈ વગરની બહેન એવા મધીબેન પોતાની સાસરી તંબોળીયા ગામ તળાવની પાળ ઉપર જઈને વૃક્ષ ને રાખડી બાંધે અને મનોમન ભાઈને રાખડી બાંધી હોય તેવા ભાવ સાથે રક્ષાબંધન ઉત્સવ ઉજવતા ....વર્ષો વીતતા ગયા ....દીકરીઓ મોટી થઈ ... દીકરીના લગ્ન લીધા. મનથી માનેલા ભાઈ ને આર્તનાદ થી પોકાર કર્યો ભાઈ હવે તો જાગૃત થાવ... મધી બેન ને સાંત્વના મળે તેવો સંકેત થયો...સંકેત પ્રમાણે મધી બેને પોતાના ખેતર માં પરિવાર અને અગ્રણીઓ ને સાથે રાખી ને રામદેવજી પીર ના ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરી અત્યારે ગામેગામ થી શ્રદ્ધાળુઓ અને ભકતો દર માસ ની સુદ બીજે ભગવાન રામદેવજી મહારાજના નેજા ચડાવવા તેમજ દર્શન માટે પધારે છે . ભક્તિ ભાવપૂર્વક દર્શનાર્થીઓ ભજન અને ભોજન કરે છે સૌ કોઈની મનોકામના અહીં પૂર્ણ થાય છે આ જગ્યાએ આજુબાજુના તેમજ દૂર દૂરથી પણ શ્રદ્ધાળુ અચૂક આવે છે .આ જગ્યાએ સામાજિક કાર્યકર અને વિહીપ ના પૂર્વ જિલ્લા અધ્યક્ષ નીતિનભાઈ વ્યાસ અને પિયુષભાઈ જાની દર્શનાર્થે પધાર્યા હતા એમનું પણ કુમકુમ તિલક અને અક્ષત શાલ થી સન્માન કરવામાં આવ્યું હતું પ્રસંગોચિત ધર્મ આધારિત ચર્ચા પણ કરવામાં આવી.



## છોટાઉદેપુરમાં 108 ઇમરજન્સી સેવાએ માનવતાભર્યું કામ કર્યું છે



| કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના લાઇરસ ગામની એક સગર્ભા મહિલાને એમ્બ્યુલન્સમાં જ જોડિયા બાળકોની સફળ પ્રસૂતિ કરાવી હતી.હિલાને પ્રસૂતિની પીડા ઉપડતા પરિવારજનોએ 108ને બોલાવી હતી. કોલ મળતા જ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી. EMT એ તપાસ કરતા પ્રસૂતિ નજીક હોવાનું જણાયું, જેથી તેમને હોસ્પિટલ લઈ જવા રવાના કરાયા. રસ્તામાં જ મહિલાની પીડા વધી ગઈ અને એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવી પડી. 108ના EMT નેહુલ રાઠવા અને પાયલોટ પ્રતીક રાઠવાએ અમદાવાદના ERCP ડો. કરણના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક કાર્યવાહી કરી.પ્રસૂતિ બાદ માતા અને બંને નવજાત બાળકોને પ્રાથમિક સારવાર આપી CHC સંખેડા ખસેડાયા. હાલ માતા અને બાળકો સ્વસ્થ છે. EMT અને પાયલોટની સમયસર કામગીરીથી માતા અને બાળકોનો જીવ બચી શક્યો.

# પૂ.બાપુના જીવન સિદ્ધાંતો પૈકી સ્વચ્છતા થકી પૂ બાપુના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે શ્રદ્ધાંજલિ આપી

| નિતીન ઠાકર ચાણસ્મા

ઝિલિયા ગાંધી આશ્રમ ખાતે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની ભાવપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ અંતર્ગત આશ્રમના બાળકો સાથે મળીને સંસ્થાની સ્વચ્છતા કરવામાં આવી. બાળકો અને સંસ્થાના કાર્યકરોએ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને પૂ.બાપુના જીવન સિદ્ધાંતો પૈકી સ્વચ્છતા થકી પૂ બાપુના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે શ્રદ્ધાંજલિ આપી હતી.આ પ્રસંગે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેઓ આજે શિક્ષક તરીકે કાર્યરત છે, તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. તેમના શિક્ષણક્ષેત્રે યોગદાન બદલ તેમને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.



સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગાંધીજીના સત્ય, અહિંસા, સાદગી અને સ્વચ્છતાના વિચારોને જીવનમાં ઉતારવાનો સંદેશ આપવામાં આવ્યો. બાળકો માટે આ દિવસ પ્રેરણાદાયી અને યાદગાર બની રહ્યો.

# મહિલા મંડળે ભજન-કીર્તન કરીને આનંદ અને ધન્યતા અનુભવી

| કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના રામપુરા ગામના રાધાકૃષ્ણ મહિલા મંડળ અને મિશ્ર મંડળે માનવસેવાનું કાર્ય કર્યું છે. તેમણે રવાલ ગામે બાળકો અને વૃદ્ધાશ્રમ માટે સંકુલ બનાવી રહેલા મહિપતસિંહને રૂ. 16,000 નું દાન આપ્યું.રામપુરા ગામની મહિલાઓ રવાલ ગામે જઈને મહિપતસિંહને મળી હતી. તેમણે સંકુલના નિર્માણ કાર્યમાં સહયોગ આપવા આ દાન અર્પણ કર્યું.આ સહયોગ બદલ મહિપતસિંહ ફાઉન્ડેશને રાધાકૃષ્ણ મહિલા મંડળનો આભાર માન્યો. આ પ્રસંગે મહિલાઓએ મહિપતસિંહને હાર પહેરાવી ખુશી વ્યક્ત કરી હતી.ત્યારબાદ મહિલા મંડળે ભજન-કીર્તન કરીને આનંદ અને ધન્યતા અનુભવી.



## સિવિલ હોસ્પિટલ ખાતે સન ફાર્માસ્યુટિકલ્સ ના સહયોગથી કાર્યરત

# બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ ક્લિનિકમાં બે માસમાં કુલ ૯૯૧ મહિલાઓએ કરાવી સ્તન કેન્સરની તપાસ



| નરેન્દ્ર દવે | જૂનાગઢ

જૂનાગઢ તા.૨. સિવિલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ ક્લિનિક ૧ ઓગસ્ટ 2026 થી કાર્યરત કરવામાં આવેલ છે ઓગસ્ટ અને સપ્ટેમ્બર બે માસમાં કુલ 991 મહિલાઓ એ બેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ ક્લિનિક અંતર્ગત સિવિલ હોસ્પિટલ તથા જુનાગઢ શહેરમાં તથા આસપાસના વિસ્તારમાં કરવામાં આવેલ એનસીડી ટીમ સાથેના કેમ્પમાં તપાસ કરાવેલ છે તથા તેમાં કુલ 16 બહેનોનું સ્ક્રિનિંગ પોઝિટિવ આવેલ છે તેની વધુ તપાસ કરતા ચાર બહેનો કેન્સરની સારવાર હેઠળ છે. ઓક્ટોબર માસમાં બેસ્ટ કેન્સર અવેરનેસ મન્થ એટલે કે સ્તન કેન્સર જાગૃતિ માસ તરીકે કામગીરી કરવામાં આવે છે તમામ 30વર્ષ થી વધુ ઉંમરની માતાઓ/બહેનોને નમ્ર વિનંતી છે કે બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ ક્લિનિક જુનાગઢ સિવિલ હોસ્પિટલના ગાયનેક વિભાગની ઓપીડી રૂમ નંબર 101 પહેલા માળે કાર્યરત છે અને તેનો સમય સવારે 9 થી બપોરે 1 અને સાંજે ચાર થી છ વાગ્યા સુધીનો છે આ તપાસ સંપૂર્ણ રીતે પીડા રહિત છે અને તપાસ કરાવનાર બહેનોની પ્રાઈવસી જળવાઈ રહે તેનું પૂરેપૂરું ધ્યાન રાખવામાં આવે છે તથા આ તપાસ સંપૂર્ણ રીતે નિ:શુલ્ક છે. વધુમાં જણાવવાનું કે સ્તનના કેન્સરનું જો સમયસર નિદાન થાય તો તેની સંપૂર્ણ સારવાર અને ઈલાજ શક્ય છે. મહિલાઓ ના સ્વાસ્થ્ય અંતર્ગત કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ તથા મહિલા સંગઠનોને પણ નમ્ર વિનંતી છે કે આપના વિસ્તારમાં સ્તનના કેન્સરના સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન આપના અનુકૂળ તારીખ અને સમય પ્રમાણે અત્રેથી નિ:શુલ્ક કરી આપવામાં આવશે. તેના માટે સિવિલ હોસ્પિટલનો સંપર્ક કરવો. ઓક્ટોબર માસમાં વધુ ને વધુ મહિલાઓને સ્તનના કેન્સરની તપાસ કરાવવા નમ્ર વિનંતી છે.

## સેવા સંકલ્પ અભિયાન- સ્વચ્છ કચેરી, સ્વચ્છ પરિસર-૨૦૨૬

# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીના અવસરે કલેક્ટર કચેરીના પરિસરમાં સ્વચ્છતા અભિયાન યોજાયું

| દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ: સમગ્ર દેશમાં તા.૦૨ ઓક્ટોબર, એટલે કે, ગાંધી જયંતિના અવસરે 'સ્વચ્છતા હી સેવા' ના મંત્ર થકી સ્વસ્થ અને સ્વચ્છ સમાજના નિર્માણના સંકલ્પ માટે સામૂહિક શ્રમદાન થકી સ્વચ્છતાનો સંદેશો આપવામાં આવે છે.અત્યારે રાજ્યભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે અને આજે રાષ્ટ્રપિતા એવા ગાંધીજીનો જન્મદિવસ પણ છે. તેવા સુભગ અવસરે જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભિ ગૌતમના નેતૃત્વમાં જિલ્લા સેવા સદન, ખાતે મહેસૂલી વિભાગ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.કલેક્ટર પરિસર સાથે સમગ્ર જિલ્લામાં આવેલી મહેસૂલ તંત્રની કચેરીઓ અને તેના પ્રાંગણમાં પણ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.કલેક્ટરશ્રીએ પરિસરમાં સફાઈ કરી હતી. સફાઈની સાથે જ તેમણે પાથ-વે અને કચેરીના પરિસરની રોડસાઈડ પર ઉગી નીકળેલી વેલ અને ઝાડી-ઝાંખરા જેવાં અડચણો દૂર કરી પરિસરને સ્વચ્છ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું..



આસપાસનું પરિસર સ્વચ્છ હશે તો બીમારીઓથી બચી શકાશે અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકાશે તેવા સંકલ્પ સાથે નિવાસી અધિક કલેક્ટર શ્રી જે. એમ.રાવલ સહિતના વહીવટીતંત્રના અધિકારીઓ-કર્મચારીઓએ પોતાના શ્રમદાન થકી સમગ્ર કલેક્ટર પરિસરને ચોખ્ખું બનાવ્યું હતું. નિવાસી અધિક કલેક્ટર શ્રી સહિતના કર્મચારીઓએ સમગ્ર પરિસરમાંથી પ્લાસ્ટિકની બોટલો, વેફર્સ અને અન્ય પ્લાસ્ટિકના પડિકાઓ, સૂકા પાંદડાઓ, ઊગી નીકળેલી વેલ, પૂંઠા અને કાગળો સહિતનો નક્કામો કચરો એકત્ર કર્યો હતો.આમ, સમગ્ર જિલ્લામાં ઉત્સાહપૂર્વક મહેસૂલીતંત્ર પરિષરોની સાફ-સફાઈ થકી અધિકારીઓ-કર્મચારીઓએ 'જ્યાં સ્વચ્છતા, ત્યાં પ્રભુતા'નો સંદેશ આપ્યો હતો.

## "દીદી"નું બુલડોઝર ફરી વળ્યું રાજપીપલા માં મુખ્યમાર્ગ પર ના દબાણ દૂર કરાયા

રાજપીપલા : રાજપીપલા શેહેર ના મુખ્યમાર્ગો પર દુકાનો ના ગેરકાયદે ઓટલા ના દબાણો દૂર કરવા ગઈ કાલે રાત્રે પાલિકા ના મહિલા અધિકારી અને તેમની ટિમેં જેસીબી સાથે જઈ દબાણો દૂર કરતા શહેર માં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી અને. તે જોવા લોકો ની ભારે ભીડ જામી હતી .પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા ના બજારોમાં વેપારીઓ ની દુકાનો આગળ ગેરકાયદેસર ઓટલા ના દબાણો દૂર કરવા પાલિકા ના મુખ્ય અધિકારી વૈશાલી વરિયા એ ઝુંબેશ ચલાવી જેના ભાગરૂપે વેપારીઓ ને ગત ઓગસ્ટ મહિના માં નોટિસો આપવામાં આવી હતી અને વેપારી એસોસિએશન ને પણ જાણ કરવામાં આવી હતી. તહેવારો સુધી કામગીરી મુલતવી રાખવાની વેપારીઓ ની વિનંતી બાદ ગઈકાલે રાત્રે વૈશાલી વરિયા ની ટીમે જેસીબી ફેરવી દબાણો દૂર કર્યા હતા જેને નગરજનો આવકારી રહ્યા છે.

# સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત પ્રથમપુર ગામે પશુ આરોગ્ય મેળા કેમ્પ યોજાયો

| દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમડી તાલુકાના પ્રથમપુર ગામે આજરોજ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયાના અધ્યક્ષ સ્થાને સેવા સેતુ કાર્યક્રમના ભાગરૂપે પશુ આરોગ્ય મેળા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પશુપાલકોના પશુઓની તબીબી તપાસ કરવામાં આવી તેમજ જરૂરી સારવાર અને પશુ આરોગ્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પશુઓમાં વિવિધ રોગોથી બચાવ, સમયસર રસીકરણ, પશુ પોષણ, સ્વચ્છતા તથા પશુપાલન અંગેની જરૂરી માહિતી પશુપાલકોને આપવામાં આવી હતી.કેમ્પ દરમિયાન પશુપાલકોને સરકારની પશુપાલન ક્ષેત્રની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી. પશુપાલકોને તેમના પશુધનની



તંદુરસ્તી જાળવવા માટે નિયમિત પશુ ચિકિત્સકની સલાહ લેવા તથા સમયસર સારવાર કરાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.સેવા સેતુ કાર્યક્રમ દ્વારા ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના નાગરિકોને તેમના ગામ નજીક જ વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ મળી રહે તે દિશામાં આ પ્રકારના કેમ્પોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

## 'સ્વચ્છતા હી સેવા'

### ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' ભાવના સાથે વિવિધ કાર્યક્રમો



| જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે પૂજ્ય ગાંધીબાપુની જન્મજયંતી નિમિત્તે સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયોજિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર સહિત અધિકારીઓએ શ્રમદાન કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સમગ્ર દેશમાં 'સ્વચ્છતા હી સેવા' ભાવના સાથે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરી પરિસર ખાતે પૂજ્ય બાપુને સ્વચ્છાંજલિ અર્પણ કરવાના ભાગરૂપે વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે સ્વયં શ્રમદાન કરી કચેરી સંકુલની સફાઈમાં સહભાગી થઈ પ્રેરણાદાયી પહેલ કરી હતી.આ સ્વચ્છતા ઝુંબેશમાં કલેક્ટરશ્રીની સાથે નિવાસી અધિક કલેકટર શ્રી સી. વી. લટા, પ્રોબેશનરી આઈએએસ અધિકારી શ્રી ત્રિલોકસિંહ તેમજ કલેક્ટર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સૌએ પરિસરમાં એકત્રિત થઈ કચેરીના પ્રાંગણ અને આસપાસના વિસ્તારોની સાફ-સફાઈ કરી સ્વચ્છતા જાળવવા સામૂહિક સંકલ્પ લીધો હતો સાથે કલેક્ટરશ્રીએ રેકોર્ડ રૂમની મુલાકાત લીધી હતી અને રેકોર્ડ રૂમમાં ફાઈલ વર્ગીકરણની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.સ્વચ્છતા શ્રમદાન બાદ કલેક્ટર કચેરી પરિસરમાં હરિયાળીના સંવર્ધન અર્થે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કલેક્ટરશ્રી સહિતના મહાનુભાવો દ્વારા કચેરી સંકુલમાં રોપાઓનું વાવેતર કરી તેમના જતનનો સંકલ્પ લેવાયો હતો.

## સત્ય, અહિંસા અને સ્વચ્છતાના પ્રેરક મૂલ્યોને આપણા જીવનમાં અનુસરવા જોઈએ : મંત્રી શ્રી રમેશ કટારા

# "સ્વચ્છતા હિ સેવા" અભિયાન અંતર્ગત સુખસર ગ્રામ પંચાયત ખાતે સામુહિક શ્રમદાન કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે દાહોદ જિલ્લાના સુખસર ગ્રામ પંચાયત ખાતે રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારા સહિતના અધિકારીઓએ સામુહિક શ્રમદાન કર્યું હતું. આ તકે રાજ્ય મંત્રી શ્રી રમેશ કટારાએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતાના ખૂબ જ આગ્રહી હતા. પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા મંત્રને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન જન સુધી પહોચાડવા માટે સ્વચ્છતા હિ સેવા અભિયાન શરૂ કર્યું છે. જેના પરિણામે સ્વચ્છતાએ જીવનનો નિત્યક્રમ બન્યો છે. પૂજ્ય ગાંધીજી આપેલા સત્ય, અહિંસા અને સ્વચ્છતાના પ્રેરક મૂલ્યોને આપણા જીવનમાં અનુસરીએ તેમજ અન્યોને પણ અનુસરવા પ્રેરણારૂપ બનીએ એજ ગાંધીજીને ખરી શ્રદ્ધાંજલિ છે. આ તકે તાલુકા પંચાયત પ્રમુખ શ્રી,મામલતદાર શ્રી,તાલુકા વિકાસ અધિકારી શ્રી,અગ્રણી શ્રી શંકરભાઈ અમલીયાર,તાલુકા પંચાયતના સભ્ય શ્રીઓ સહિત અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિકોએ સામુહિક શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશો પૂરો પાડ્યો હતો.



## "સેવા મેરા યોગદાન"

# ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતે દિવ્યાંગજનો માટે રાહતલક્ષી સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

| જગદીશ ત્રિવેદી | મહીસાગર

"સેવા મેરા યોગદાન" અભિયાન અંતર્ગત લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રીની ઉપસ્થિતિમાં ૯૭ દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કરાયું. રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની નિયામક, સમાજ સુરક્ષાની કચેરી દ્વારા રાજ્યવ્યાપી આયોજિત "સેવા મેરા યોગદાન" અભિયાન અન્વયે આજ રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડા સ્થિત ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતે દિવ્યાંગજનો માટે રાહતલક્ષી સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કલ્પનાબેન પુવાર અને જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત



સાગરની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લાના કુલ ૯૭ દિવ્યાંગ લાભાર્થીઓને તેમની જરૂરિયાત મુજબના વિવિધ સહાયક સાધનો અને ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યું હતું.દિવ્યાંગજનોનું કલ્યાણ અને સશક્તિકરણ એ વહીવટી તંત્રની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા સહાયક સાધનો થકી દિવ્યાંગજનો સ્વાવલંબી અને આત્મનિર્ભર બની સમાજના મુખ્ય પ્રવાહમાં સન્માનભેર જીવી શકે તે માટે તંત્ર સતત પ્રયત્નશીલ છે.

## નાણા વર્ષ ૨૭ના પ્રથમ પાંચ માસમાં ગોલ્ડ લોન ખાતામાં ૯૮,૦૯૬ કરોડ ઉમેરાયા

# ગોલ્ડ લોન ખાતા હોમ લોન ખાતા સમકક્ષ પહોંચશે

### આ વર્ષે ઓગસ્ટ સુધીમાં, ગોલ્ડ કોલેટરલ સામે ૫.૬ લાખ કરોડ મૂલ્યની લોન લેવામાં આવી જે ૮૩%નો વધારો દર્શાવે છે :વાહન લોનમાં પ્રભાવશાળી વૃદ્ધિ

અમદાવાદ મુંબઈ : લોકો લોન અથવા ક્રેડિટ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો ના કરવો પડે તે માટે લોન મેળવવા માટે તેમના ઘરનું સોનું ગીરવે મૂકવું પડી રહ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા સૂચવે છે કે કુલ ગોલ્ડ લોન ખાતા(એકાઉન્ટ) હવે કુલ હોમ લોન ખાતાના સ્તર સુધી પહોંચવાની તૈયારીમાં છે.




રિઝર્વ બેંકના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૭ ના પ્રથમ પાંચ મહિનામાં ગોલ્ડ લોન ખાતામાં ૯૮,૦૯૬ કરોડ ઉમેરવામાં આવ્યા હતા. આ હવે હોમ લોન સ્તરની નજીક પહોંચી ગઈ છે. નોંધનીય છે કે આ સમયગાળા દરમિયાન હોમ લોન ખાતામાં ૯૮,૮૫૮ કરોડ ઉમેરવામાં આવ્યા હતા. જો ગોલ્ડ લોન ખાતા આ દરે વધતા રહેશે, તો તે ટૂંક સમયમાં કુલ હોમ લોન ખાતાઓને વટાવી જશે.રિઝર્વ બેંકના સેક્ટરલ ક્રેડિટ ડેટા દર્શાવે છે કે ઓગસ્ટ મહિના દરમિયાન ગ્રાહક માંગમાં નોંધપાત્ર વધારો થયો નથી. આ સમયગાળા દરમિયાન, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ક્રેડિટ કાર્ડ બાકી રાખવા માટે લેવામાં આવેલી લોનમાં અનુક્રમે માત્ર ૨.૪% અને ૩.૬%નો વધારો થયો છે. આ વધારો વાર્ષિક ધોરણે દર્શાવવામાં આવ્યો છે.રિઝર્વ બેંકના ડેટા અનુસાર, એપ્રિલ અને ઓગસ્ટ ૨૦૨૬ની વચ્ચે, બેંક ક્રેડિટ આશરે ૧૦.૩ લાખ કરોડ અથવા ૪.૮% વધીને ૨૨૩.૯ લાખ કરોડ થઈ ગઈ હતી. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ પાંચ મહિનામાં વિવેકાધીન ગ્રાહક ક્રેડિટ વૃદ્ધિ ધીમી પડી હતી. દરમિયાન, સુરક્ષિત રિટેલ લોન, કોર્પોરેટ ક્રેડિટ અને એનબીએફસીને ધિરાણની માંગ મજબૂત રહી હતી.ઓગસ્ટમાં ક્રેડિટ કાર્ડ બાકી લગભગ ૩ લાખ કરોડ સુધી પહોંચી હતી. પરંતુ નાણાકીય વર્ષ ૨૭ના પ્રથમ પાંચ મહિના દરમિયાન, ફક્ત રૂ. ૪,૭૪૦ કરોડ ઉમેરવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન ગ્રાહક ટકાઉ વસ્તુઓ ખરીદવા માટે લેવામાં આવેલી લોન ૨૩,૨૯૫ કરોડ સુધી પહોંચી હતી, જોકે આ સમયગાળા દરમિયાન ફક્ત ૧,૩૩૩ કરોડનો ઉમેરો થયો હતો.આ સમયગાળા દરમિયાન વાહન લોનમાં પ્રભાવશાળી વૃદ્ધિ જોવા મળી હતી, જે વાર્ષિક ધોરણે ૧૯.૭%ના દરે વધીને ૭.૮ લાખ કરોડ સુધી પહોંચી. આ વર્ષે એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન કુલ ૩૭,૦૨૭ કરોડ મૂલ્યની વાહન લોન લેવામાં આવી હતી.રિટેલ ધિરાણમાં ગોલ્ડ લોનનો હિસ્સો ૫.૬ લાખ કરોડ છે. આ વર્ષે ઓગસ્ટ સુધીમાં, ગોલ્ડ કોલેટરલ સામે ૫.૬ લાખ કરોડ મૂલ્યની લોન લેવામાં આવી હતી. આ વાષક ધોરણે ૮૩.૨% નો વધારો દર્શાવે છે.

માત્ર એક વર્ષ પહેલાં, તે ફક્ત ૩ લાખ કરોડની આસપાસ હતી. ફિક્સ્ડ ડિપોઝિટ અથવા એફડી પેપર્સ પર લેવામાં આવેલી લોનમાં પણ વાર્ષિક ધોરણે ૪૩.૨%નો વધારો થયો છે. તે હવે ૨ લાખ કરોડ છે, જે આ સમયગાળા દરમિયાન ૩૫,૧૬૬ કરોડનો વધારો દર્શાવે છે.

## 360 ONE ને 'ધ કલેક્ટર્સ ગાઈડ' રજૂ કરી: ભારતની સંપત્તિમાં થયેલી વૃદ્ધિ પાછળના આર્ટ માર્કેટની હકીકત રજૂ કરતો ભારતનો પ્રથમ અહેવાલ

અમદાવાદ | ભારતની અગ્રણી વેલ્થ અને એસેટ મેનેજમેન્ટ કંપનીઓમાંની એક 360 વન, જે રૂ. 7.8 લાખ કરોડથી વધુ (82 અબજ ડોલર) ની એસેટ્સ ધરાવે છે, તેણે આજે 'ધ કલેક્ટર્સ ગાઇડ 2026' રજૂ કરવાની જાહેરાત કરી હતી. આ 360 વનનો પ્રથમ અહેવાલ છે, જેમાં નવી પેઢીના કલેક્ટર્સ માટે દક્ષિણ એશિયાના ફાઈન આર્ટ માર્કેટની વિગતવાર માહિતી અને વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે.આ અહેવાલ એવા સમયે રજૂ થયો છે જ્યારે 2025માં ભારતીય આર્ટ માર્કેટનું ટર્નઓવર એક દાયકાની ટોચે પહોંચીને રૂ. 2,543 કરોડ થયું છે. એશિયાના મોટા હરાજી બજારોમાં ભારતનો વેચાણદર પણ સૌથી મજબૂત પૈકીનો એક રહ્યો છે. આ અહેવાલમાં એમ.એફ. હુસૈન, તૈયબ મહેતા, એફ.એન. સૂઝા, એસ.એચ. રઝા અને વી.એસ. ગાયતોંડે સહિત દક્ષિણ એશિયાના 15 મહત્વપૂર્ણ કલાકારોની સૌથી વધુ કિંમતે વેચાયેલી કળાકૃતિઓની માહિતી આપવામાં આવી છે. એક જ પબ્લિકેશનમાં પ્રથમ વખત ઐતિહાસિક પ્રાઈઝ ડિસ્કવરીની માહિતી સાથે સ્પષ્ટ કામગીરીના આંકડાઓ પણ રજૂ કરવામાં આવ્યા છે. 360 વનના કો-ફાઉન્ડર અને 360 વન વેલ્થના સીઈઓ યતિન શાહે જણાવ્યું હતું કે, "ભારતીય આર્ટ માર્કેટ હવે તેના અત્યાર સુધીના સૌથી મહત્વપૂર્ણ દાયકામાં પ્રવેશી રહ્યું હોય તેમ લાગે છે. અમને આશા છે કે આ અહેવાલ કળાના જાણકારો અને સંગ્રહની જવાબદારી સંભાળનારાઓ બંને માટે ઉપયોગી માર્ગદર્શિકા અને દિશાસૂચક તરીકેનું સ્થાન મેળવશે. ઐતિહાસિક પ્રાઈઝ ડિસ્કવરીની માહિતી સાથે સ્પષ્ટ કામગીરીના આંકડા રજૂ કરીને અમારો ઉદ્દેશ આધુનિક કળા સંગ્રહની પ્રક્રિયામાં વ્યવસ્થા અને શિસ્તબદ્ધ સમજણ લાવવાનો છે." અહેવાલના મુખ્ય તારણોમાં રૂ. 167.2 કરોડની રેકોર્ડ કિંમતનું વેચાણ પણ સામેલ છે. આ અત્યાર સુધી હરાજીમાં વેચાયેલી સૌથી મોંઘી ભારતીય કળાકૃતિ છે. આ ઉપરાંત, સતત ત્રણ વર્ષ સુધી ઘટાડા બાદ 2025માં વૈશ્વિક આર્ટ માર્કેટ ફરી વૃદ્ધિના માર્ગે આવ્યું હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે.

## News Brief

### તહેવારો ટાણે મોંઘવારીનો ડામ: કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં રૂ. 62.50 નો વધારો, હોટેલ-રેસ્ટોરન્ટમાં જમવાનું મોંઘું થશે!

(એજન્સી) નવી દિલ્હી | તા.02

ઓક્ટોબર મહિનાની શરૂઆત સાથે જ આમ આદમી અને વેપારીઓ પર મોંઘવારીનો તગડો ઝાટકો વાગ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 1 ઓક્ટોબર 2026ના રોજ સવારે જ એલપીજી સિલિન્ડરના નવા ભાવ જાહેર કર્યા છે. આગામી નવરાત્રી અને દિવાળીના તહેવારો પૂર્વે જ 19 કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ. 62.50 નો સીધો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.સતત બીજા મહિને થયેલા આ ભાવવધારાથી હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને કેટરિંગ વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ માટે મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે આ વધારાથી તેમનું પ્રોડક્શન કોસ્ટ વધી જશે અને પરિણામે બહાર ખાવાનું મોંઘું બની શકે છે.તાજેતરમાં થયેલા ભાવવધારા બાદ દેશના પ્રમુખ શહેરોમાં 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરના નવા ભાવ નીચે મુજબ છે:

દિલ્હી: કોમર્શિયલ સિલિન્ડર રૂ. 62.50 મોંઘો થઈને હવે રૂ. 2,810 ના સ્તરે પહોંચી ગયો છે. આ પહેલાં સપ્ટેમ્બરના પ્રારંભે પણ તેમાં રૂ. 9.50 નો વધારો થયો હતો.

પટના: બિહારની રાજધાની પટનામાં દેશનો સૌથી મોંઘો કોમર્શિયલ સિલિન્ડર મળી રહ્યો છે, જ્યાં ભાવ રૂ. 3,029 થી ઉછળીને સીધો રૂ. 3,100.50 થઈ ગયો છે.દર મહિનાની 1 લી તારીખે ઓઈલ કંપનીઓ દ્વારા ગેસના ભાવની સમીક્ષા કરવામાં આવે છે અને તે મુજબ જ આ નવા દરો અમલી બન્યા છે.

એક તરફ જ્યાં કોમર્શિયલ સિલિન્ડર મોંઘો થયો છે, ત્યાં બીજી તરફ ઘરગથ્થુ રાંધણ ગેસ (Home LPG Cylinder) વાપરતી ગૃહિણીઓ માટે રાહતના સમાચાર નથી. 14.2 કિલોના ઘરમાં વપરાતા સિલિન્ડરના ભાવમાં કંપનીઓએ કોઈ ફેરફાર કર્યો નથી. એટલે કે તેમને કોઈ રાહત આપવામાં આવી નથી.

## એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026ની ડીલ્સ જાહેર થઈ, પ્રાઈમ મેમ્બર્સને મળશે વધારાની બચતનો લાભ

બેંગલુરુ | લાંબા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2026 8 ઑક્ટોબરથી શરૂ થવા જઈ રહ્યો છે, જેમાં ગ્રાહકોને અગ્રણી બ્રાન્ડ્સના સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, બ્યુટી, હૉમ અને કિચન, રોજિંદી જરૂરિયાતોની ચીજવસ્તુઓ સહિતની વિવિધ પ્રોડક્ટ્સ પર આકર્ષક ડીલ્સનો લાભ મળશે. ગ્રાહકોને વર્ષના સૌથી નીચા ભાવ સહિત તહેવારોની ખરીદી માટે આકર્ષક ડીલ્સ અને ઑફર્સનો પણ લાભ મળશે. આ ઉપરાંત, સમગ્ર દેશમાં પ્રોડક્ટ્સના વિશાળ વિકલ્પોની સાથે ઝડપી અને સુવિધાજનક ડિલિવરીની સુવિધા પણ મળશે.એમેઝોન ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું હતું, 'આ વખતે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલમાં સેમસંગ, એપલ, સોની, એલજી, શાઓમી, નાઈકી અને લૉરિઅલ પેરિસ સહિતની અગ્રણી બ્રાન્ડ્સ તથા લાખો વિક્રેતાઓ લાખો પ્રોડક્ટ્સ પર વર્ષના સૌથી નીચા ભાવનો લાભ ગ્રાહકોને આપી રહ્યા છે. ગ્રાહકો 10%ના ઈન્સ્ટન્ટ એસબીઆઈ બેંક ડિસ્કાઉન્ટ, એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડથી અનલિમિટેડ 5% કેશબૅક, કૂપન્સ, નો-કૉસ્ટ ઈએમઆઈ, એક્સચેન્જ ઑફર્સ અને પ્રાઈમ મેમ્બર્સ માટેની વધારાની બચત સાથે વધુ લાભ મેળવી શકશે. આ એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ ડિલિવરીની દૃષ્ટિએ અત્યાર સુધીનો અમારો સૌથી ઝડપી ફેસ્ટિવલ રહેશે, ખાસ કરીને પ્રાઈમ મેમ્બર્સ માટે. એમેઝોન નાઉની મદદથી હજારો પ્રોડક્ટ્સની ડિલિવરી ગણતરીની મિનિટોમાં કરવામાં આવશે, જ્યારે 10 લાખથી વધુ પ્રોડક્ટ્સની વિશાળ રેન્જની ડિલિવરી એક જ દિવસે, 40 લાખથી વધુ પ્રોડક્ટ્સની ડિલિવરી બીજા દિવસે અને વધુ લાખો પ્રોડક્ટ્સની ડિલિવરી અનલિમિટેડ તથા ફ્રી પ્રાઈમ ડિલિવરી સાથે કરવામાં આવશે. તાજેતરમાં અમે અમારા ઓપરેશન્સ નેટવર્કના અત્યાર સુધીના સૌથી મોટા વિસ્તરણની જાહેરાત કરી છે, જેમાં સ્ટોરેજ કેપેસિટીમાં 50%નો વધારો કરીને તેને 64 મિલિયન ક્યુબિક ફીટ સુધી પહોંચાડવામાં આવી છે. આ વિસ્તરણને કારણે સમગ્ર દેશમાં વધુ ઝડપી અને ભરોસાપાત્ર ડિલિવરીની ખાતરી થઈ શકશે. 150થી વધુ નવી ડિલિવરી સ્ટેશન્સ સાથે નેટવર્કના વિસ્તરણમાં કરવામાં આવેલા અમારા રોકાણોને કારણે છેલ્લાં એક વર્ષમાં એ જ દિવસે કરવામાં આવતી ડિલિવરીનો વિસ્તાર 30% વધુ શહેરો સુધી પહોંચ્યો છે, જેના પરિણામે સમગ્ર દેશના ગ્રાહકોને વધુ ઝડપી અને ભરોસાપાત્ર ડિલિવરી મળી રહી છે.' એમેઝોન પે દરેક તબક્કે તહેવારોની ખરીદીને વધુ લાભદાયી બનાવે છે. એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરનારા પ્રાઈમ મેમ્બર્સને અનલિમિટેડ 5% કેશબૅક, જ્યારે નૉન-પ્રાઈમ મેમ્બર્સને 3% કેશબૅક મળે છે. આ ઉપરાંત, 2,500 રૂપિયા સુધીના વેલકમ રીવૉર્ડ્સનો લાભ પણ મળે છે અને કોઈ જોઈનિંગ તથા વાર્ષિક ફી પણ નથી. એમેઝોન પે લેટરની મદદથી ગ્રાહકોને વિવિધ ખરીદી પર 10% કેશબૅકનો લાભ મળશે અને 1,500 રૂપિયા કે તેથી વધુની કાર્ટ વેલ્યુ પર કોઈ પ્રોસેસિંગ ફી વિના 3 ઈન્ટરેસ્ટ-ફ્રી ઈએમઆઈમાં ચૂકવણી કરી શકાશે. રોજિંદા ખર્ચ પર પણ વધુ લાભ મેળવી શકાય છે. ફેશન, બ્યુટી, હૉમ અને કિચન કેટેગરીમાં 300 રૂપિયા કે તેથી વધુના એમેઝોન પે બેલેન્સ ઑર્ડર પર ફ્લેટ 20 રૂપિયાનું કેશબૅક મળશે. આ ઉપરાંત, પ્રથમ વખત ખરીદી કરનારા ખરીદદારોને બિલની ચૂકવણી પર 500 રૂપિયા સુધીના રીવૉર્ડ્સ અને રીચાર્જ તથા બિલની ચૂકવણી પર 50 રૂપિયા સુધીનું કેશબૅક મળશે. તહેવારોમાં ફરવા જવાનું પ્લાનિંગ કરી રહેલા પ્રાઈમ મેમ્બર્સને એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવા પર ફ્લાઈટ્સ અને હોટેલ્સ પર 5% કેશબૅકની સાથે 15% સુધીના ડિસ્કાઉન્ટનો લાભ મળશે. ગ્રાહકો એમેઝોન પેની મદદથી તેમની તહેવારોની મુસાફરીનું પ્લાનિંગ કરીને ફ્લાઈટ, હોટેલ અને બસ બૂકિંગ પર શ્રેષ્ઠ ડીલ્સનો લાભ પણ મેળવી શકશે. ફ્લાઈટના બૂકિંગ પર 23% સુધીની બચત, હોટેલ બૂકિંગ પર 75% સુધીનું ડિસ્કાઉન્ટ અને બસ બૂકિંગ પર 17% સુધીના ડિસ્કાઉન્ટ ઉપરાંત 100 રૂપિયાનું કેશબૅક પણ મળશે. આ ઉપરાંત, પસંદગીની તારીખો અને સમયે તમામ ગ્રાહકો માટે આ ડીલ્સ સાથેની ફ્લેશ સેલ ઑફર પણ ઉપલબ્ધ રહેશે.

## ભારતનું વિદેશી દેવું દેશના 765.9 બિલિયન ડોલર વિદેશી હૂંડિયામણ ભંડાર કરતાં પણ વધુ

અમદાવાદ: જૂન ક્વાર્ટરમાં ભારતનું વિદેશી દેવું $15.4 બિલિયન વધીને $778.2 બિલિયન થયું છે, જે RBIના ડેટા દર્શાવે છે. દેશનો વિદેશી હૂંડિયામણ ભંડાર $765.9 બિલિયન છે, જે દેવા કરતાં ઓછો છે. લાંબાગાળાનું દેવું $624.7 બિલિયન થયું છે, જ્યારે ટૂંકાગાળાનું દેવું વધીને 19.7% થયું છે. US ડોલરમાં દેવું 54.8% સાથે સૌથી મોટો ઘટક છે.માર્ચ ક્વાર્ટરની સરખામણીમાં જૂન ક્વાર્ટરમાં ભારતનું વિદેશી દેવું 15.4 બિલિયન ડોલર વધીને 778.2 બિલિયન ડોલર થયું છે. રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા ડેટા દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવી છે. જોકે, જૂન 2026 ના અંતમાં જીડીપીના ટકાવારી તરીકે વિદેશી દેવું ઘટીને 20.8 ટકા થયું હતું, જે 31 માર્ચ, 2026ના રોજ 20.9 ટકા હતું.18 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ભારતનો વિદેશી




હૂંડિયામણ ભંડાર 765.901 બિલિયન ડોલર હતો. રિઝર્વ બેંકએ જણાવ્યું હતું કે, યેન અને યુરો જેવી મુખ્ય ચલણો સામે યુએસ ડોલરના મજબૂત થવાને કારણે મૂલ્યાંકનમાં 900 મિલિયન ડોલરનો વધારો થયો છે. મૂલ્યાંકન અસરને બાદ કરતાં, જૂન 2026ના અંતમાં બાહ્ય દેવું 15.4 બિલિયન ડોલરને બદલે 16.4 બિલિયન ડોલર વધ્યું હોત.

જૂન ક્વાર્ટરમાં એક વર્ષથી વધુ સમયની મૂળ પરિપક્વતા સાથે લાંબા ગાળાનું દેવું 624.7 બિલિયન ડોલર હતું. આ માર્ચ 2026 કરતા 11.2 બિલિયન ડોલર વધુ છે. દરમિયાન, કુલ બાહ્ય દેવામાં એક વર્ષ સુધીની મૂળ પરિપક્વતા સાથે ટૂંકા ગાળાના દેવાનો હિસ્સો જૂન 2026ના અંતમાં વધીને 19.7 ટકા થયો હતો જે પાછલા ક્વાર્ટરના અંતમાં 19.6 ટકા હતો.એ જ રીતે, વિદેશી હૂંડિયામણ અનામતમાં ટૂંકા ગાળાના દેવાનો ગુણોત્તર જૂન 2026 ના અંતમાં વધીને 23% થયો હતો જે માર્ચ 2026 ના અંતમાં 21.6% હતો. આરબીઆઈ અનુસાર, યુએસ ડોલરમાં દેવું ભારતના બાહ્ય દેવાનો સૌથી મોટો ઘટક હતો, જે જૂન 2026ના અંતમાં 54.8% હતો. આ પછી ભારતીય રૂપિયામાં દેવું 29.8%, યેન 6.9%, ખાસ ડ્રોઈંગ રાઈટ્સ (SDR) 4.1% અને યુરો 3.5% હતું.સેન્ટ્રલ બેંકે જણાવ્યું હતું કે, માર્ચ 2026ની સરખામણીમાં જૂન 2026ના અંતમાં સરકારી અને બિન-સરકારી ક્ષેત્રોના બાકી દેવાનું પ્રમાણ વધ્યું હતું. વિદેશી દેવું સૌથી મોટો ઘટક રહ્યો, જે 34.3% હતો.

## બિમટેક દ્વારા 39મા સ્થાપના દિવસની ઉજવણી, મેનેજમેન્ટ શિક્ષણ, સંશોધન અને સામાજિક પ્રભાવમાં શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પુનઃપુષ્ટિકરણ

ગ્રેટર નોઈડા, | ભારતની અગ્રણી AACSB-માન્યતા પ્રાપ્ત બિઝનેસ સ્કૂલ્સમાંની એક, બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ ટેક્નોલોજી (બિમટેક) દ્વારા 39મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના શૈક્ષણિક અને વહીવટી સમુદાયે એકસાથે આવી સંસ્થાની અત્યાર સુધીની સફરની ઉજવણી કરી અને મેનેજમેન્ટ શિક્ષણ, સંશોધન, નવીનતા તથા સામાજિક જવાબદારીના ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા માટેની પોતાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી. સમારોહમાં ચેતના વિકાસ સ્વરાજ્ય ટ્રસ્ટના પદ્મશ્રી ડૉ. ભારત ભૂષણ ત્યાગી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ સંસ્થાકીય સન્માનો અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બેસ્ટ રિસર્ચર એવોર્ડ 2025નું પ્રદાન, એક અને બે દાયકાની સેવા પૂર્ણ કરનાર સહકર્મીઓનું સન્માન તથા વાર્ષિક પ્રવૃત્તિ અહેવાલ 2025-26નું વિમોચન સામેલ હતું. ઉપસ્થિતોને સંબોધતા બિમટેકનાં ડિરેક્ટર ડૉ. પ્રબીના રાજીબે જણાવ્યું હતું, "સ્થાપના દિવસ એ BIMTECHને આજના સ્થાન સુધી પહોંચાડનારી સફર પર થોભીને વિચારવાનો અને સાથે જ આ વારસાની સાથે આવતી જવાબદારીઓ તરફ નજર કરવાનો અવસર છે. પોતાની સ્થાપનાથી જ બિમટેક એવા વાતાવરણના નિર્માણ માટે પ્રતિબદ્ધ રહ્યું છે, જ્યાં શિક્ષણ વર્ગખંડની સીમાઓથી આગળ વધે અને વિદ્યાર્થીઓને વિવેચનાત્મક રીતે વિચારવા, નૈતિકતા સાથે કાર્ય કરવા તથા સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે. 39 વર્ષની સફર પૂર્ણ કરતી વખતે અમે સમજીએ છીએ કે કોઈપણ સંસ્થાની શક્તિ માત્ર તેની સિદ્ધિઓમાં જ નહીં, પરંતુ તે આગળ લઈ જતાં મૂલ્યો અને તેના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વ્યાપક સમુદાય દ્વારા સર્જાતા પ્રભાવમાં પણ રહેલી છે." શિક્ષણની પરિવર્તનકારી ભૂમિકાને રેખાંકિત કરતાં મુખ્ય અતિથિ પદ્મશ્રી ડૉ. ભારત ભૂષણ ત્યાગીએ જણાવ્યું હતું, "બિમટેકનો 39મો સ્થાપના દિવસ માત્ર એક સંસ્થાની ઉજવણી નથી, પરંતુ હેતુપૂર્ણ પ્રયાસો અને રાષ્ટ્રનિર્માણની એક પરંપરાની ઉજવણી છે.

## એમેઝોને તેની અલ્ટ્રા-ફાસ્ટ ડિલિવરી સેવા 'એમેઝોન નાઉ'નો સમગ્ર અમદાવાદમાં વિસ્તાર કર્યો

અમદાવાદ | એમેઝોને આજે તેની અલ્ટ્રા-ફાસ્ટ ડિલિવરી સેવા એમેઝોન નાઉનો ભારતના 120થી વધુ શહેરોમાં ઝડપી વિસ્તાર કર્યાની જાહેરાત કરી છે - માત્ર બે સપ્તાહમાં તેની પહોંચ બમણી થઈ ગઈ છે. અમૃતસર, અબોહર, જલંધર, અંબાલા, મેંગલોર, મણિપાલ, વિઝાગ, કોચી, ચંગનાસ્સેરી, ભુવનેશ્વર અને કારવાર જેવા શહેરોના ગ્રાહકોને હવે એમેઝોન નાઉ દ્વારા મિનિટોમાં ડિલિવરી મળી રહી છે. આ સેવા રોજિંદી જરૂરિયાતની હજારો ચીજવસ્તુઓની વિશાળ શ્રેણી ઓફર કરે છે - ગ્રોસરી (ફળો-શાકભાજી અને ફ્રોઝન ફૂડ સહિત), પર્સનલ કેર, ફેશન અને બ્યુટીથી લઈને નાના એપ્લાયન્સિસ, હોમ અને કિચન પ્રોડક્ટ્સ તેમજ ઘણું બધું. આ ઓર્ડર્સ આશરે 800 માઈક્રો-ફુલફિલમેન્ટ અને અર્બન ફુલફિલમેન્ટ સેન્ટર્સના નેટવર્ક દ્વારા પૂરા કરવામાં આવે છે. "એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ પહેલાં ઉત્તરમાં અમૃતસર અને અબોહરથી લઈને દક્ષિણમાં કોચી અને ચંગનાસ્સેરી સુધી - ભારતના આંતરિક વિસ્તારો સુધી એમેઝોન નાઉ સાથે અલ્ટ્રા-ફાસ્ટ ડિલિવરી પહોંચાડતાં અમને ખૂબ આનંદ થાય છે. દર ત્રિમાસિક ગાળામાં ઓર્ડર્સ બમણા થવા સાથે એમેઝોન નાઉ એમેઝોન ઈન્ડિયાના ઈતિહાસમાં સૌથી ઝડપથી વિકસતું ઈ-કોમર્સ બિઝનેસ યુનિટ બની રહ્યું છે. આ ઝડપી રોલઆઉટ દેશભરના ગ્રાહકો સુધી ઝડપી અને વિશ્વસનીય ડિલિવરી પહોંચાડવાની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ તહેવારોની સીઝનમાં વિસ્તાર ચાલુ રાખીને સૌથી ઝડપી ડિલિવરી સ્પીડ પર પ્રોડક્ટ્સની સૌથી વિશાળ શ્રેણી ઓફર કરવા અમે આતુર છીએ," એમ એમેઝોન ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ - એવરીડે એસેન્શિયલ્સ, હર્ષ ગોયલે જણાવ્યું હતું.સપ્ટેમ્બરમાં એમેઝોને જાહેરાત કરી હતી કે છેલ્લા ત્રણ મહિનાના સમયગાળાના આધારે એમેઝોન નાઉએ ભારતમાં 1 અબજ ડોલરનું વાર્ષિક ગ્રોસ વેચાણ હાંસલ કર્યું છે. દેશભરના 300થી વધુ શહેરોના ગ્રાહકો સુધી એમેઝોન નાઉનો વિસ્તાર કરીને કંપની ભારતનું સૌથી મોટું 'ડિલિવરી-ઈન-મિનિટ્સ' નેટવર્ક ઊભું કરવાની દિશામાં આગળ વધી રહી છે. દેશભરના ગ્રાહકોને વિક્રેતાઓની પ્રોડક્ટ્સની સૌથી મોટી શ્રેણી - જ્યારે તેમને જરૂર હોય ત્યારે - ઉપલબ્ધ કરાવવા માટે કંપની પોતાના વિશિષ્ટ ફુલફિલમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સતત વિસ્તાર કરી રહી છે: હજારો પ્રોડક્ટ્સ મિનિટોમાં અથવા થોડા કલાકોમાં, 10 લાખથી વધુ પ્રોડક્ટ્સની વધુ વિશાળ શ્રેણી એ જ દિવસે, 40 લાખથી વધુ પ્રોડક્ટ્સ બીજા દિવસે અને અન્ય લાખો પ્રોડક્ટ્સ અનલિમિટેડ, ફ્રી પ્રાઈમ ડિલિવરી સાથે.8 ઓક્ટોબરથી શરૂ થઈ રહેલા આ એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલમાં ગ્રાહકો એમેઝોન નાઉ પર વિવિધ પ્રોડક્ટ્સ પર આકર્ષક ડીલ્સનો લાભ લઈ શકશે. Amazon.in પર ગ્રાહકોને સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, બ્યુટી, હોમ એસેન્શિયલ્સ સહિત અન્ય ઘણી પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી પર શાનદાર ડીલ્સ મળશે. એસબીઆઈ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ તેમજ ઈએમઆઈ ટ્રાન્ઝેક્શન પર ગ્રાહકોને 10% ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ મળશે. પ્રાઈમ મેમ્બર્સને 10% સુધીની વધારાની બચત મળશે. તમારા વિસ્તારમાં એમેઝોન નાઉ ઉપલબ્ધ છે કે નહીં તે જાણવા માટે તમારી એમેઝોન શોપિંગ એપ ખોલો અને ટોચ પર 'Now' બેનર શોધો.

## સપ્ટેમ્બરમાં સરકારની તિજોરી છલકાઇ.. GST વસૂલાત 2.04 કરોડ પહોંચી

(એજન્સી) નવી દિલ્હી | તા.02

સપ્ટેમ્બર મહિના માટે GSTની આવકના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ગુરુવારે જાહેર કરાયેલા સરકારી આંકડા મુજબ, સપ્ટેમ્બર મહિનામાં કુલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (GST)ની આવક 2,03,521 કરોડ રહી હતી.જો તમે GST વસૂલાતના આંકડા પર નજર રાખતા હોવ તો સપ્ટેમ્બર 2026ના આંકડા મહત્વપૂર્ણ છે. દેશભરમાં સપ્ટેમ્બર મહિના માટે કુલ GST વસૂલાત 2.04 લાખ કરોડ રહી હતી, જે અગાઉના વર્ષની સરખામણીમાં 14.7%નો વધારો દર્શાવે છે. જોકે, આ આંકડાઓ વિવિધ રાજ્યોમાં અલગ-અલગ સ્થિતિ દર્શાવે છે; જ્યાં કેટલાક રાજ્યોમાં કર વસૂલાતમાં મોટો ઉછાળો જોવા મળ્યો, ત્યાં અન્ય રાજ્યોમાં ઘટાડો નોંધાયો હતો.સપ્ટેમ્બર 2026માં કુલ GST વસૂલાત 2,03,521 કરોડ રહી હતી, જે સપ્ટેમ્બર 2025ના 1,77,365 કરોડની સરખામણીમાં 14.7% વધુ છે. દરમિયાન, એપ્રિલથી સપ્ટેમ્બર 2026ના સમયગાળા માટે કુલ GST વસૂલાત 12,46,278 કરોડ રહી હતી. ચાલો આ આંકડાઓના આધારે વ્યક્તિગત રાજ્યોના પ્રદર્શનની સમીક્ષા કરીએ.સપ્ટેમ્બર 2026માં સ્થાનિક GST વસૂલાતના વૃદ્ધિ દરની દ્રષ્ટિએ મણિપુર સૌથી આગળ રહ્યું હતું. ત્યાં વસૂલાત 37 કરોડથી વધીને 92 કરોડ થઈ હતી, જે 145%નો વધારો દર્શાવે છે. ત્યારબાદ આસામનો ક્રમ આવે છે, જ્યાં GST વસૂલાત 88% વધીને 2,415 કરોડ સુધી પહોંચી હતી. અરુણાચલ પ્રદેશમાં પણ 46%નો વધારો જોવા મળ્યો હતો અને ત્યાં કુલ વસૂલાત 136 કરોડ રહી હતી.જોકે, સ્થાનિક GSTની કુલ રકમની દ્રષ્ટિએ મહારાષ્ટ્ર પ્રથમ સ્થાને રહ્યું હતું. આ રાજ્યે સપ્ટેમ્બર 2026માં 29,986 કરોડનો GST એકત્રિત કર્યો હતો, જે અગાઉના વર્ષના 25,973 કરોડની સરખામણીમાં લગભગ 15%નો વધારો દર્શાવે છે. સપ્ટેમ્બર 2026માં, કેન્દ્ર સરકારે 2,03,521 કરોડની કુલ (ગ્રોસ) GST આવક નોંધાવી હતી. તેમાં 37,762 કરોડનું CGST, 45,363 કરોડનું SGST અને 1,20,396 કરોડનું IGST સામેલ હતું. દરમિયાન, રિફંડની રકમ બાદ કર્યા પછી સપ્ટેમ્બર માટેની ચોખ્ખી (નેટ) GST આવક 1,76,520 કરોડ રહી હતી.

## PPFના વ્યાજદર પર સરકારે લીધો નિર્ણય, રોકાણકારો પર શું થશે અસર

(એજન્સી) નવી દિલ્હી | તા.02

PPF (Public Provident Fund)માં રોકાણ કરનારાઓ માટે ઓક્ટોબરથી ડિસેમ્બર 2026ની ત્રિમાસિક ગાળામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કેન્દ્ર સરકારે સ્મોલ સેવિંગ્સ સ્કીમ (Small Savings Schemes)ની વ્યાજદરોની સમીક્ષા કર્યા બાદ તમામ મુખ્ય યોજનાઓના દરો અગાઉના ત્રિમાસિક ગાળાના સ્તરે જ રાખવાનો નિર્ણય કર્યો છે. એટલે કે ઓક્ટોબર-ડિસેમ્બર 2026 દરમિયાન પણ PPF પર વાર્ષિક 7.10% વ્યાજ મળશે. નાણાં મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક અફેર્સ (Department of Economic Affairs)એ 30 સપ્ટેમ્બર 2026ના રોજ Q3 FY2026-27 માટે આ નિર્ણય જાહેર કર્યો હતો. PPFની વ્યાજદર લાંબા સમયથી 7.10% પર જળવાઈ રહી છે. ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક માટે પણ સરકારે તેમાં કોઈ વધારો કે ઘટાડો કર્યો નથી. એટલે કે જે રોકાણકારોને PPFની વ્યાજદર વધવાની આશા હતી, તેમને હાલ 7.10%ના વર્તમાન દરથી જ સંતોષ માનવો પડશે. PPFની વ્યાજદર સરકાર દ્વારા દર ત્રિમાસિકે સ્મોલ સેવિંગ્સ સ્કીમ (Small Savings Schemes)ની સમીક્ષા દરમિયાન નક્કી કરવામાં આવે છે.PPF એક લોંગ ટર્મ સેવિંગ્સ સ્કીમ (Long-Term Savings Scheme) છે, જેની મૂળ અવધિ 15 વર્ષ હોય છે. તેમાં એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 500 અને વધુમાં વધુ 1.50 લાખ જમા કરી શકાય છે. સામાન્ય રીતે કોઈ વ્યક્તિના નામે માત્ર એક જ PPF એકાઉન્ટ રાખી શકાય છે. આ એકાઉન્ટ બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા ખોલી શકાય છે. PPFમાં રોકાણનો એક ફાયદો એ પણ છે કે 15 વર્ષની અવધિ પૂરી થયા બાદ એકાઉન્ટને 5-5 વર્ષના બ્લોકમાં આગળ વધારી શકાય છે. રોકાણકાર એક્સ્ટેન્શન દરમિયાન પણ કોન્ટ્રિબ્યુશન ચાલુ રાખી શકે છે અથવા નવા રોકાણ વગર પણ એકાઉન્ટ ચાલુ રાખવાનો વિકલ્પ પસંદ કરી શકે છે.PPFને ટેક્સ-એફિશિયન્ટ ઈન્વેસ્ટમેન્ટ (Tax-Efficient Investment) તરીકે જોવામાં આવે છે. તેનો અર્થ એ છે કે મળતા રિટર્ન પર ઓછામાં ઓછો ટેક્સ લાગે, જેથી ટેક્સ ચૂકવ્યા બાદ રોકાણકાર પાસે વધુ નફો બચે.

## HDFC બેંકના નવા CEOની જાહેરાત, અનૂપ બાગચીને મળી RBIની મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી | તા.02

RBIએ અનૂપ બાગચીને HDFC બેંકના નવા MD અને CEO તરીકે મંજૂરી આપી છે. તેઓ 27 ઓક્ટોબરથી શશિધર જગદીશનનું સ્થાન સંભાળશે.ભારતની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટર બેંક HDFC બેંકમાં નેતૃત્વને લઈને ચાલી રહેલી અટકળોનો હવે અંત આવ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ અનૂપ બાગચીને બેંકના નવા મેનેજિંગ ડિરેક્ટર (MD) અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે નિયુક્ત કરવાની મંજૂરી આપી છે. બેંકે 1 ઓક્ટોબરે સ્ટોક એક્સચેન્જને કરેલી ફાઈલિંગમાં આ મોટા ફેરફારની સત્તાવાર માહિતી આપી હતી. બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 35B હેઠળ તેમના નામને મંજૂરી મળી છે.અનૂપ બાગચી 27 ઓક્ટોબર 2026થી HDFC બેંકની જવાબદારી સંભાળશે. હાલમાં તેઓ ICICI પ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના MD અને CEO તરીકે સેવા આપી રહ્યા હતા. HDFC બેંકના હાલના MD અને CEO શશિધર જગદીશનનો કાર્યકાળ 26 ઓક્ટોબરે પૂર્ણ થઈ રહ્યો છે. જગદીશને પોતાના આગામી કાર્યકાળ માટે ફરીથી નિમણૂકની માંગ કરી ન હતી. આ કારણે બેંક નવા અને અનુભવી નેતાની શોધમાં હતી. શેરધારકોની મંજૂરી મળે ત્યાં સુધી બાગચીને 2 ઓક્ટોબરથી બેંકના એડિશનલ ડિરેક્ટર તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે.HDFC બેંકના આ મહત્વના પદ માટે બે નામ ચર્ચામાં હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બેંકે ટોચના પદ માટે RBI સમક્ષ બે નામ મોકલ્યા હતા. તેમાં પહેલું નામ અનૂપ બાગચીનું હતું, જ્યારે બીજું નામ HDFC બેંકના હાલના ડેપ્યુટી MD કાયઝાદ ભરુચાનું હતું. બંને બેંકિંગ સેક્ટરના જાણીતા નામ છે. અંતે બાગચીના લાંબા અનુભવને ધ્યાનમાં રાખીને તેમના નામને મંજૂરી મળી. હવે તેમની સામે બેંકના વિશાળ નેટવર્કને વધુ મજબૂત બનાવવાનો પડકાર રહેશે.અનૂપ બાગચીના નામની સત્તાવાર જાહેરાત પહેલાં HDFC બેંકના શેરમાં તેજી જોવા મળી હતી. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર બેંકનો શેર 1.76 ટકાની તેજી સાથે 721.20ના સ્તરે બંધ થયો હતો. નેતૃત્વમાં થયેલા આ ફેરફારને લઈને બજારમાં હલચલ જોવા મળી હતી. હવે નવા મેનેજમેન્ટ સાથે બેંકની આગળની રણનીતિ પર શેરબજારની નજર રહેશે.

## ચણા,મગ,વટાણા સહિતના મુખ્ય કઠોળમાં ૧૧% સુધીનો ભાવવધારો



અમદાવાદ : સરકારે રસોઈ તેલ અને ખાંડના ભાવ ઘટાડવા માટે પગલાં લીધા છે. જોકે, બીજીતરફ કઠોળના ભાવમાં વધારો ચાલુ જ છે. ગયા મહિને, ચણા, મગ, વટાણા અને અરહર જેવા મુખ્ય કઠોળના ભાવમાં ૧૦% સુધીનો વધારો થયો છે, જ્યારે છેલ્લા અઠવાડિયામાં, તેમાં ૩-૫%નો વધારો થયો છે. ઉદ્યોગ નિષ્ણાતો કહે છે કે ભાવમાં આ વધારો ચોમાસાના પાકની અછત અને તહેવારોની મોસમ દરમિયાન વધતી માંગને કારણે છે.ઉદ્યોગ સંસ્થા ઈન્ડિયન કઠોળ અને અનાજ સંગઠનના ડેટાના વિશ્લેષણ દર્શાવે છે કે છેલ્લા મહિનામાં મુખ્ય કઠોળના જથ્થાબંધ ભાવમાં તીવ્ર વાધારો થયો છે. ભારતમાં સૌથી વધુ વપરાશમાં લેવાતી કઠોળ, ચણાના ભાવમાં (દિલ્હીની બહાર) મહિને ૧૧%નો વાધારો થયો છે, જ્યારે સપ્તાહ દર સપ્તાહે ૫.૫%નો વધારો થયો છે.બીજા ક્રમે સૌથી વાધુ વપરાશમાં લેવાતી કઠોળ, તુવેરના ભાવમાં ગયા મહિનામાં ૬.૫% અને ગયા અઠવાડિયામાં ૨.૪%નો વાધારો થયો છે. લીલા ચણાના ભાવમાં ગયા મહિનામાં ૧૦.૬% અને ગયા અઠવાડિયામાં ૪.૩%નો વાધારો થયો છે, જ્યારે વટાણાના ભાવમાં ગયા મહિનામાં ૬% અને ગયા અઠવાડિયામાં ૩%નો વાધારો થયો છે.ચણાના ભાવમાં વાર્ષિક ધોરણે ૨૩%, કાળા ચણામાં ૨૪% અને વટાણામાં ૪૭%નો વાધારો થયો છે.ઉદ્યોગ અધિકારીઓ કહે છે કે ગયા મહિનામાં અલ નીનોની અસર વધુ સ્પષ્ટ થઈ છે. કર્ણાટક અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોએ મોટા વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કર્યો છે.ઘણા પરિબળોને કારણે ચણાના ભાવ વધ્યા છે.ભેજના અભાવે રવિ પાકના વાવેતર અંગે ચિંતા છે. ઓસ્ટ્રેલિયામાંથી ચણાની ઉપલબ્ધતા ગયા વર્ષ કરતા ઓછી રહેવાની ધારણા છે, જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં પીળા વટાણાના ભાવ વધ્યા છે. આનો ઉપયોગ ચણાના વિકલ્પ તરીકે થઈ શકે છે.

# જાસૂસી દુનિયામાં રમુજી ટ્વિસ્ટ

## આયુષ્યમાન અને સારા અલી ખાન 'ઉડતા તીર'ના પ્રમોશન માટે અમદાવાદના મહેમાન બન્યા

(એજન્સી) મુંબઈ | તા.02

આયુષ્યમાન ખુરાના અને સારા અલી ખાન રોમેન્ટિક જાસૂસી ફિલ્મ 'ઉડતા તીર' લઈને આવી રહ્યા છે. ત્યારે આયુષ્યમાન અને સારાએ અમદાવાદની ખાસ મુલાકાત લીધી હતી. 'પતિ પત્ની ઓર વો દો' બાદ આયુષ્યમાન અને સારાની જોડી ફરી સાથે આવી છે. 'ઉડતા તીર' એક હાઈ-સ્ટેક્સ કોમેડી એન્ટરટેઈનર ફિલ્મ છે.

તેમાં પરંપરાગત જાસૂસી દુનિયાને એક રમુજી અને મનોરંજક ટ્વિસ્ટ સાથે રજૂ કરવામાં આવી છે. ફિલ્મની વાર્તા પાકિસ્તાની એજન્ટ બિલાલ અહમદ (આયુષ્યમાન ખુરાના)ની આસપાસ ફરે છે, જે ભારતમાં ઘૂસણખોરી કરે છે પરંતુ એક અકસ્માતમાં પોતાની યાદશક્તિ ગુમાવી બેસે છે.

ભૂલથી તે પોતાને ભારતીય જાસૂસ માનવા લાગે છે, જેના કારણે રમૂજી અને અરાજકતાથી ભરેલી ઘટનાઓનો સિલસિલો શરૂ થાય છે. આ ફિલ્મથી આકાશ એ. કૌશિક ફીચર ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યા છે. 'ઉડતા તીર'નું નિર્માણ ધર્મા પ્રોડક્શન્સ અને સિખ્યા એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ કરણ જોહર, અદાર પૂનાવાલા, અજય મેહતા, ગુનીત મોંગા કપૂર અને અચિન જૈન દ્વારા કરવામાં આવ્યું છે. ફિલ્મ 'ઉડતા તીર' 9 ઓક્ટોબર, 2026ના રોજ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થશે.



# 2 ઑક્ટોબર પછી હવે '23 જુલાઈ'નું સસ્પેન્સ...!

## 'દૃશ્યમ-3'માં અજય દેવગન અને જયદીપ અહલાવતની ટક્કર, જાણો વિજયની ચાલ આ વખતે કેટલી ભારે પડી?'



(એજન્સી) મુંબઈ | તા.02

2 ઑક્ટોબરનું સત્ય 'દૃશ્યમ'ના દરેક ચાહકને ખબર છે. પાવ ભાજી, સત્સંગ, ફિલ્મ અને પછી વિજય સાલગાંવકરની એ રમત, જેણે પોલીસને વર્ષો સુધી ગૂંચવણમાં રાખી, પરંતુ આ વખતે વાર્તા માત્ર 2 ઑક્ટોબર સુધી અટકી નથી.

આખરે તે દિવસે વિજય ક્યાં હતો? શું થયું હતું? અને શું આ તારીખના આધારે પોલીસ વિજયે રચેલી આખી કહાનીને પલટી શકે છે? અહીંથી ફિલ્મ પોતાની અસલી રમત શરૂ કરે છે. સામે છે પોલીસ અધિક્ષક રાજવીર સિંહ તોમર, જેમની પાસે પ્રશ્નો પણ છે અને વિજયને ઘેરવાનો ઈરાદો પણ. બીજી તરફ વિજય છે, જેની સૌથી મોટી તાકાત તેનું દિમાગ છે.

ફિલ્મ ઘણી વાર તમને વિશ્વાસ અપાવે છે કે આ વખતે વિજય ફસાઈ ગયો. પછી વિજય ચૂપ થઈ જાય છે. તમે વિચારવા લાગો છો કે આખરે તેના દિમાગમાં શું ચાલી રહ્યું છે? આ જ ફિલ્મની મજા છે. જોકે દરેક ચાલ એટલી દમદાર નથી અને કેટલીક જગ્યાએ વાર્તા થોડી સરળ લાગે છે.

સાલગાંવકર પરિવાર પોતાના જૂના જીવનમાં પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ સેમ દેશમુખના મૃત્યુનું દુઃખ મીરા દેશમુખ (તબ્બૂ)ના મનમાં હજુ પણ જીવંત છે. મીરા અને મહેશ દેશમુખ માટે મામલો પૂરો થયો નથી. કેસ ફરી ખૂલે છે અને પોલીસ અધિક્ષક રાજવીર સિંહ તોમરની એન્ટ્રી થાય છે.

રાજવીર જૂના પુરાવાઓને નવા દૃષ્ટિકોણથી જુએ છે. વિજય સાલગાંવકર ફરી પોલીસની નજરમાં આવી જાય છે. હવે પ્રશ્ન માત્ર એટલો નથી કે, વિજયે 2 ઑક્ટોબરે શું કર્યું હતું. પ્રશ્ન એ પણ છે કે 23 જુલાઈએ વિજય ક્યાં હતો અને આ તારીખનો જૂના કેસ સાથે શું સંબંધ છે?

વકીલ ઈન્દ્રજિત શેટ્ટી પણ આ રમતમાં ઉતરે છે. ઈન્સ્પેક્ટર ગાયતોંડે પોતાના જૂના અંદાજમાં કેસને થોડો હળવો રાખે છે. આ પછી વિજય અને રાજવીર વચ્ચેની દિમાગી ટક્કર શરૂ થાય છે. એક તરફ કાયદો છે. બીજી તરફ વિજય છે, જે કાયદાના પુસ્તકો વાંચતો નથી, પરંતુ કાયદાને પોતાની રીતે વાળવાનું જાણે છે.

**ફિલ્મમાં અભિનય કેવો છે?** ફિલ્મની સૌથી મોટી તાકાત અજય દેવગન અને જયદીપ અહલાવતની ટક્કર છે. અજય દેવગનનું 'વિજય' હવે માત્ર એક પાત્ર રહ્યું નથી. ચહેરા પર વધારે હલચલ નથી. અવાજમાં પણ વધારે ફેરફાર નથી, પરંતુ તેની આંખો ઘણું બધું કહી જાય છે. તમે વિજયને જુઓ છો અને વિચારો છો કે આખરે તે આટલો શાંત કેમ છે? આ જ શાંતિ વાર્તાના રોમાંચમાં વધારો કરે છે. બીજી તરફ જયદીપ અહલાવત છે. રાજવીરના રૂપમાં તેનો અંદાજ શાંત છે. તે ધીમે-ધીમે વિજયની નજીક આવે છે. આ જ તેનું સૌથી મોટું હથિયાર છે. શરૂઆતમાં બંનેની ટક્કર ફિલ્મને જકડી રાખે છે. કેટલીક જગ્યાએ ફિલ્મ ધીમી પડે છે, પરંતુ અજય અને જયદીપ સામસામે આવતાં જ રોમાંચ ફરી વધી જાય છે. પ્રકાશ રાજ પણ પોતાના પાત્રમાં શાનદાર છે. તેમના સંવાદો અને અંદાજ કોર્ટના દૃશ્યોને મજબૂત બનાવે છે.




# 'વંદે ભારત વાયા USA' ફેમ પૂજાએ દીકરાની તસવીરો શૅર કરી: લાડલાનું નામ એકાય રાખ્યું

અમદાવાદ | ગુજરાતી એક્ટ્રેસ પૂજા ઝવેરીએ 23 સપ્ટેમ્બરના રોજ દીકરાને જન્મ આપ્યો હતો. તાજેતરમાં જ તેણે પ્રેગ્નન્સી જર્ની ને દીકરાનો ચહેરો ના દેખાય તેવી તસવીરો સો.મીડિયામાં શૅર કરી હતી. પૂજાએ 2023માં 14 ડિસેમ્બરે અમેરિકાના બિઝનેસમેન ઈશાન સંઘવી સાથે મહારાષ્ટ્રમાં અલીબાગમાં ફ્રેન્ડ્સ ને પરિવાર સાથે લગ્ન કર્યા હતા.

દીકરાનું નામ એકાય પૂજાએ દીકરાનું નામ એકાય રાખ્યું છે. એકાય સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ અદ્વિતીય અથવા એક માત્ર એવો થાય છે. તસવીરો શૅર કરીને પૂજાએ ઈમોશનલ મેસેજ શૅર કરતાં કહ્યું, ''એક નવા જીવનના પહેલા અઠવાડિયાની ઝલક, આ માત્ર દીકરાના જન્મનું સેલિબ્રેશન નથી, પરંતુ પુનર્જન્મ છે. લેબર પેઈન શરૂ થયા પહેલાંથી લઈને ત્યારબાદની ક્ષણોએ અમારી દુનિયા બદલી નાખી. દુનિયાભરમાં દર મિનિટે કેટલીય માતાઓ બાળકને જન્મ આપે છે, પરંતુ ક્યારેય કોઈ બે માતાઓની પ્રેગ્નન્સીની વાત એક સમાન હોતી નથી. અમારી વાત શક્તિ, સમર્પણ, શ્રદ્ધા અને અત્યાર સુધી અનુભવાયેલા અદ્ભૂત પ્રેમની સફર હતી. લાંબા ચાલેલા લેબર પેઈને તે દિવસે બે વ્યક્તિને જન્મ આપ્યો, એક અમારા બાળકને અને બીજું મારા તદ્દન નવા સ્વરૂપને. સૌથી મુશ્કેલ ઘડીઓમાં ડૉક્ટર્સ ને નર્સે અમને સંભાળ્યા અને તે બદલે તેમનો આભાર. સાચે જ દુનિયામાં દેવદૂતનું અસ્તિત્વ હોય છે. મારો દીકરો મારા માટે આશીર્વાદ ને હૃદયનો ટુકડો છે.

હવે અમારા જીવનનો એક નવો અધ્યાય શરૂ થાય છે. અમે રોજે રોજ સુંદર જીવનને સમજતા શીખીશું. એક જન્મ, એક પુનર્જન્મ ને હંમેશાં અમારી સાથે યાદો રહેશે....'' ગુજરાતી પરિવારમાં જન્મેલી પૂજા પછીથી પરિવાર સાથે મુંબઈ શિફ્ટ થઈ હતી અને ત્યાં જ તેણે અભ્યાસ કર્યો. 2015માં પૂજાએ તેલુગુ ફિલ્મ 'બમ બોલેનાથ'થી એક્ટિંગ ડેબ્યૂ કર્યું.

ત્યારબાદ તેણે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની કેટલીક ફિલ્મ્સમાં કામ કર્યું. 2019માં પૂજાએ ગુજરાતી સિનેમામાં ફિલ્મ 'મિસ્ટર કલાકાર'થી ડેબ્યૂ કર્યું. ત્યારબાદ તે 2022માં 'ગજબ થઈ ગયો', 2023માં '21 દિવસ' તથા ગયા વર્ષે 2025માં મલ્હાર ઠાકર સાથે ફિલ્મ 'વંદે ભારત વાયા USA'માં જોવા મળી હતી.

**2023માં અમેરિકાના બિઝનેસમેન સાથે લગ્ન કર્યાં હતા**

# શ્રદ્ધા કપૂરની હોરર કોમેડી સ્ત્રી થ્રી 2028માં આવશે...



મુંબઇ : ૨૦૧૮માં આવેલી હોરર કોમેડી ફિલ્મ 'સ્ત્રી' અને ૨૦૨૪માં તેની સિક્વલ 'સ્ત્રી ટુ' હીટ થયા બાદ નિર્માતા દિનેશ વિજને 'સ્ત્રી થ્રી' ૨૦૨૮માં રજૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. દિનેશ વિજને જણાવ્યું હતું કે નિર્દેશક અમર કૌશિકે 'સ્ત્રી થ્રી'ની પટકથા લખી નાંખી છે. ફિલ્મ બનાવીને સ્વતંત્રતા દિવસે અથવા ૨૦૨૮ની ક્રિસમસમાં રજૂ કરવાની નેમ છે. જો કે, અમર કૌશિક 'સ્ત્રી થ્રી' પર કામ શરૂ કરતાં પહેલાં વિકી કૌશલને પરશુરામ તરીકે ચમકાવતી ફિલ્મ 'મહાવતાર' પુરી કરશે. 'મહાવતાર'નું શૂટિંગ જુન ૨૦૨૮માં પુરૂ થશે એ પછી 'સ્ત્રી થ્રી'નું કામ શરૂ કરવામાં આવશે. રાજકુમાર રાવ અને શ્રદ્ધા કપૂરની જોડીને ચમકાવતી હોરર કોમેડી 'સ્ત્રી'હીટ જતાં તેની છ વર્ષ બાદ આવેલી સિક્વલમાં સરકટેની કહાની રજૂ કરવામાં આવી હતી. હવે 'સ્ત્રી થ્રી'માં શું હશે તે જાણવાની દર્શકોને ઉત્સુકતા છે.

# જેડી મજેઠિયા ને આતિશ કાપડિયાની જોડીએ 'ચુંબક'માં મચાવી ધમાલ

## બકબક કરતી માનસી પારેખ ને ટાઈગર મોમ બનતી ડેલનાઝ ઈરાનીનો અનોખો અંદાજ જોવા મળ્યો...




અમદાવાદ | આજે એટલે કે પહેલી ઓક્ટોબરે વેબ સિરીઝ 'ચુંબક'નો બીજો ભાગ નેટફ્લિક્સ પર રિલીઝ થઈ ચૂક્યો છે. હિંદી વેબસિરીઝ ગુજરાતી એવા જેડી મજેઠિયાએ પ્રોડ્યૂસ કરી છે. આ સિરીઝના ડિરેક્ટર આતિશ કાપડિયા છે. નોંધનીય છે કે જેડી મજેઠિયા ને આતિશ કાપડિયાની જોડીએ આ પહેલા 'ખિચડી', 'સારાભાઈ વર્સિસ સારાભાઈ' જેવી કલ્ટ કોમેડી સિરિયલ આપી છે. આ જ કારણે 'ચુંબક'ની ચાહકો આતુરતાથી રાહ જોતા હતા. સિરીઝમાં આપણી અસ્સલ ગુજરાતણ માનસી પારેખ મહત્ત્વના રોલમાં જોવા મળી છે.

વાત હવે, 'ચુંબક' સિરીઝ અંગે કરીએ તો, સિરીઝનો પહેલો ભાગ 10 સપ્ટેમ્બરે રિલીઝ કરવામાં આવ્યો હતો, જેમાં ચાર એપિસોડ સામેલ હતા. સિરીઝના ચારેય એપિસોડ દર્શકોને ઘણાં જ ગમ્યા હતા. હવે સિરીઝના બાકીના ચાર એપિસોડ રિલીઝ કરી દેવામાં આવ્યા છે.

નીના ગુપ્તા-દેવેન ભોજાણી લીડ રોલમાં સિરીઝમાં નીના ગુપ્તા ને દેવેન ભોજાણી સેન્ટરમાં છે, જ્યારે અન્ય કલાકારોની વાત કરીએ તો, અર્જુન બિજલાની, હેલી શાહ, માનસી પારેખ, સુમીત વ્યાસ, સંદીપા ધર, ડેલનાઝ ઈરાની છે. સિરીઝની વાર્તાની વાત કરીએ તો, પહેલા ભાગમાં 'ચુંબક કોલોની'માં રહેતા પાડોશીઓ એકબીજાની લાઈફમાં કેવી રીતે દખલગીરી કરે છે તે બતાવવામાં આવ્યું છે. નીના ગુપ્તા ને દેવેન ભોજાણી ઉંમરના એક તબક્કા બાદ ડિવોર્સ લેવાનું વિચારે છે. આ વાત ચુંબક કોલોનીમાં ફેલાઈ જાય છે અને પાડોશીએ આ વાતથી ચિંતામાં છે.




# સૈફ અલી ખાનનો દીકરો રૂમર્ડ ગર્લફ્રેન્ડ સાથે રાજસ્થાન પહોંચ્યો

## ઈબ્રાહિમ અને પલક તિવારી એક જ કારમાં બેઠા, રણથંભોરમાં બે દિવસ વેકેશનનો પ્લાન

(એજન્સી) મુંબઈ | તા.02

પર્યટન ક્યારેય ફક્ત સરકારી ઉપક્રમ રહ્યું નથી - અને ક્યારેય બની શકશે નહીં. મુસાફર દ્વારા કરવામાં આવતી દરેક યાત્રા એક જટિલ ઈકોસિસ્ટમ પર આધાર રાખે છે: સરકારો અને સ્થાનિક વહીવટીતંત્રો, એરલાઈન્સ અને પરિવહન પ્રદાતાઓ, હોટલ અને હોમસ્ટે, ટૂર ઓપરેટરો અને માર્ગદર્શિકાઓ, ટેક પ્લેટફોર્મ અને સામગ્રી નિર્માતાઓ, કારીગરો અને ઉદ્યોગસાહસિકો - અને સૌથી ઉપર, સ્થાનિક સમુદાયો જેમનું જીવન, પરંપરાઓ અને લેન્ડસ્કેપ્સ એક ગંતવ્ય સ્થા નને તેનું અનોખું પાત્ર આપે છે. તેથી, સરકારની જવાબદારી ફક્ત સ્થળોને પ્રોત્સાહન આપવાથી આગળ વધે છે; તેનો ઉદ્દેશ્ય એવું વાતાવરણ બનાવવાનો છે જ્યાં આ સમગ્ર ઈકોસિસ્ટમ ખીલી શકે. ભારત આજે તેની પર્યટન યાત્રામાં એક મહત્વપૂર્ણ વળાંક પર ઉભું છે. આધુનિક પ્રવાસીઓ ફક્ત સ્મારકોની મુલાકાત લેવા માંગતા નથી; તેઓ એવા અનુભવો શોધે છે જે જીવનભરની યાદો બનાવે છે. સ્થાનિક ભોજન, જીવંત પરંપરાઓ, સંગીત, હસ્તકલા, પ્રકૃતિ, હોમસ્ટે અને સ્થાનિક સમુદાયો સાથે જોડાણ પરંપરાગત જોવાલાયક સ્થળો જેટલું જ મહત્વપૂર્ણ બની રહ્યું છે. આ પરિવર્તન માટે આપણી માનસિકતા અને પર્યટન પ્રત્યેના અભિગમમાં અનુરૂપ પરિવર્તનની જરૂર છે. આપણે માત્ર 'પ્રવાસન સ્થળો'થી આગળ વધીને 'અનુભવો' તરફ, અલગ-અલગ આકર્ષણોથી સંકલિત ઈકોસિસ્ટમ્સ તરફ, અને સંપૂર્ણપણે સરકાર-સંચાલિત પ્રચારથી એવી ભાગીદારીઓ તરફ આગળ વધવું જોઈએ જે જાહેર અને ખાનગી ક્ષેત્રોની ક્ષમતાઓ તેમજ આપણા લોકોની ઊર્જાનો સમન્વય સાધે. ભારતીય પ્રવાસન ક્ષેત્રે તાજેતરમાં થયેલી ભાગીદારીઓ આપણી સમક્ષ રહેલી વિશાળ શક્યતાઓને ઉજાગર કરે છે. પ્રવાસન મંત્રાલયે ટેકનોલોજી, કનેક્ટિવિટી, આતિથ્ય-સત્કાર, કન્ટેન્ટ અને ડિજિટલ પહોંચ જેવા ક્ષેત્રોમાં ક્ષમતાઓનું સંકલન કરવા માટે ઉદ્યોગજગત અને અન્ય હિતધારકો સાથે સક્રિયપણે સહયોગ સાધ્યો છે. આવી ભાગીદારીઓ માત્ર એટલા માટે જ મૂલ્યવાન નથી કે તે 'ઈન્ક્રેડિબલ ઈન્ડિયા' ની પહોંચનો વિસ્તાર કરે છે, પરંતુ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કે તે પ્રેરણા અને સુલભતા વચ્ચે તેમજ સુલભતા અને વાસ્તવિક અનુભવ વચ્ચેના અંતરને દૂર કરે છે આ સંદર્ભમાં વારાણસીનું ઉદાહરણ વિશેષરૂપે પ્રેરણાદાયી છે. કોઈ પ્રવાસન સ્થળને માત્ર સ્મારકોના સમૂહ તરીકે નહીં, પરંતુ એક જીવંત સાંસ્કૃતિક અનુભવ તરીકે રજૂ કરી શકાય છે–જેમાં ગંગા નદી, શાસ્ત્રીય સંગીત, વારસો, બનારસી વણાટકામ, સ્થાનિક સમુદાય અને પરંપરાગત આતિથ્યનો અદ્ભુત સંગમ જોવા મળે છે. પ્રવાસન ક્ષેત્રે હવે આ દિશામાં જ આગળ વધવાની જરૂર છે. જોકે, માત્ર ભાગીદારીથી જ પ્રવાસન આધારિત સફળ અર્થતંત્રનું નિર્માણ થઈ શકતું નથી; તેના માટે ત્રણ આવશ્યક સ્તંભોનો આધાર હોવો જરૂરી છે: રાજકીય ઈચ્છાશક્તિ, જાહેર રોકાણ અને જન-ભાગીદારી. પ્રથમ આધારસ્તંભ રાજકીય ઈચ્છાશક્તિ છે. પર્યટન એ જાહેર નીતિના લગભગ દરેક પાસાને સ્પર્શે છે. કોઈ સ્થળ પર પર્યટનનો અનુભવ માત્ર ત્યાં જોવાલાયક બાબતો પર જ નહીં, પરંતુ રસ્તાઓ, હવાઈ મથકો, રેલવે, જાહેર પરિવહન, સ્વચ્છતા, સુરક્ષા, ડિજિટલ કનેક્ટિવિટી, શહેરી આયોજન, વારસાનું સંરક્ષણ અને સ્થાનિક સેવાઓની ગુણવત્તા પર પણ નિર્ભર કરે છે. તેથી, પર્યટનને માત્ર એક પર્યટન વિભાગની વહીવટી સીમાઓ પૂરતું સીમિત રાખી શકાય નહીં. આ માટે સરકારના તમામ વિભાગોના સમન્વય પર આધારિત એક સંકલિત અભિગમની આવશ્યકતા છે. પરિવહન, નાગરિક ઉડ્ડયન, રેલવે, સંસ્કૃતિ, શહેરી વિકાસ, પર્યાવરણ, કૌશલ્ય વિકાસ, વાણિજ્ય અને ડિજિટલ ટેક્નોલોજી જેવા ક્ષેત્રોએ સાથે મળીને એ સમજવું જરૂરી છે કે કોઈ સ્થળને વાસ્તવમાં શું સફળ બનાવે છે. આ સંદર્ભમાં, રાજકીય ઈચ્છાશક્તિનો અર્થ એ છે કે પર્યટનને માત્ર એક ગૌણ આર્થિક પ્રવૃત્તિ તરીકે નહીં, પરંતુ રોજગાર, સાહસિકતા, સાંસ્કૃતિક સંરક્ષણ, પ્રાદેશિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય જોડાણ માટેના એક શક્તિશાળી માધ્યમ તરીકે સ્વીકારવું. આમાં સૌથી વધુ લોકપ્રિય સ્થળોથી આગળ વધીને વિચારવું અને એવા ઓછા જાણીતા સ્થળોમાં રોકાણ કરવાની હિંમત દાખવવી પણ સામેલ છે, જેમની ક્ષમતાનો અત્યાર સુધી મોટાભાગે ઉપયોગ થયો નથી. બીજું આવશ્યક પાસું જાહેર રોકાણ છે. પર્યટન માટેનું માળખાગત માળખું હવે માત્ર એરપોર્ટ, હાઈવે અને હોટેલ્સ પૂરતું સીમિત નથી. જોકે આ બાબતો જરૂરી છે, તેમ છતાં આધુનિક પ્રવાસીને સ્વચ્છ જાહેર સ્થળો, સારી રીતે જાળવણી કરાયેલા ઐતિહાસિક સ્થળો, માહિતી કેન્દ્રો, યોગ્ય સાઈનેજ, પદયાત્રીઓ માટે અનુકૂળ સુવિધાઓ, 'લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી' ડિજિટલ માહિતી અને તાલીમબદ્ધ કર્મચારીઓની પણ જરૂર હોય છે. પ્રવાસના અનુભવની ગુણવત્તા પ્રવાસી કોઈ સ્મારકમાં પ્રવેશ કરે તે પહેલાં જ શરૂ થઈ જાય છે અને તેઓ ત્યાંથી નીકળી ગયા પછી પણ તે ચાલુ રહે છે. જાહેર રોકાણ અન્ય એક મહત્વપૂર્ણ કાર્ય પણ કરે છે: તે એવું વાતાવરણ સર્જે છે જેમાં ખાનગી રોકાણ વ્યવહારુ અને નફાકારક બની શકે. તેથી, પ્રશ્ન એ ન હોવો જોઈએ કે સરકારે પ્રવાસન ક્ષેત્રે રોકાણ કરવું જોઈએ કે ખાનગી ક્ષેત્રે. વધુ અર્થપૂર્ણ પ્રશ્ન એ છે કે જાહેર રોકાણ કેવી રીતે એવો પાયો નાખી શકે જેના પર ખાનગી મૂડી, સાહસ અને નવીનતાનો વિકાસ થઈ શકે. સરળ પહોંચ અને ઉત્તમ જોડાણ ધરાવતું સ્થળ હોટલોને આકર્ષે છે. સારી રીતે જાળવવામાં આવેલું ઐતિહાસિક સંકુલ અનોખા અનુભવોની શોધમાં રહેલા પ્રવાસીઓને આકર્ષે છે. ધબકતું સ્થાનિક અર્થતંત્ર સાહસિકોને આકર્ષે છે. અને એવી વ્યવસ્થા કે જેમાં આ તમામ ઘટકો એકબીજાને બળ પૂરું પાડે છે, તે ટકાઉ પ્રવાસનને પ્રોત્સાહન આપે છે. તેમ છતાં, એક ત્રીજું પાસું પણ છે–જેના વિના રાજકીય ઈચ્છાશક્તિ કે જાહેર રોકાણ–કોઈ પણ પોતાના વચનને સંપૂર્ણપણે સાકાર કરી શકતું નથી: તે છે જનભાગીદારી. કોઈપણ સ્થળના સાચા રક્ષકો ત્યાંના લોકો જ હોય છે. કોઈ ગામ માત્ર તેના સુંદર પ્રાકૃતિક પરિવેશને કારણે જ આકર્ષક નથી બનતું; તેની સાચી ઓળખ તેની પરંપરાઓ, ભોજન, હસ્તકલા, વાર્તાઓ, સંગીત અને મુલાકાતીઓના ઉષ્માભર્યા



લેખકઃ
શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત

સ્વાગતમાં રહેલી છે. જો પર્યટનને ખરેખર સર્વસમાવેશી બનાવવું હોય, તો સ્થાનિક સમુદાય માત્ર પર્યટનનું એક 'સાધન' બનીને ન રહેવો જોઈએ; તેના બદલે, તેણે તેમાં મુખ્ય સહભાગી અને લાભાર્થી બનવું જોઈએ. હોમસ્ટે (સ્થાનિક ઘરોમાં રહેઠાણ), સ્થાનિક ભોજન, હસ્તકલા, લોક-પ્રદર્શનો, સ્થાનિક માર્ગદર્શકો અને સ્થાનિક સ્તરે સંચાલિત અનુભવો પર્યટનને માત્ર એક બાહ્ય આર્થિક પ્રવૃત્તિમાંથી સ્થાનિક સમૃદ્ધિના સ્ત્રોતમાં પરિવર્તિત કરી શકે છે. હોમસ્ટે સંચાલકોની ડિજિટલ ક્ષમતાઓ મજબૂત કરવા, ઓછા જાણીતા સ્થળોની દૃશ્યતા વધારવા અને અન્વેષણ ન થયેલા ગામડાઓને બુકિંગ-સક્ષમ હોમસ્ટે સાથે જોડવા માટેની તાજેતરની પહેલો આ અભિગમની ક્ષમતા દર્શાવે છે. ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો હોવો જોઈએ કે જ્યારે કોઈ સ્થળ પ્રવાસીનું ધ્યાન આકર્ષિત કરે, ત્યારે તે આકર્ષણથી ઊભી થતી આર્થિક તકો એવા લોકો સુધી પહોંચે જેઓ તે સ્થળને તેની ઓળખ આપે છે. ગામડાનો યુવાન માર્ગદર્શક, ઉદ્યોગસાહસિક, ફોટોગ્રાફર અથવા હોસ્પિટાલિટી ક્ષેત્રનો વ્યાવસાયિક બની શકે તેવું વાતાવરણ હોવું જોઈએ. મહિલાઓના નેતૃત્વ હેઠળનો વ્યવસાય સ્થાનિક વાનગીઓ કે હસ્તકલાની વસ્તુઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો સુધી પહોંચાડવા માટે સક્ષમ હોવો જોઈએ. એક કારીગર પેઢીઓથી વારસામાં મળેલા જ્ઞાનના આધારે સન્માનજનક આજીવિકા મેળવવા માટે સક્ષમ હોવો જોઈએ. તો જ પર્યટન એ સર્વસમાવેશી વિકાસનું સાચું માધ્યમ બની શકે છે. જોકે, ભાગીદારી અને વાસ્તવિક પરિણામો વચ્ચે નોંધપાત્ર તફાવત રહેલો છે.

કરાર પર હસ્તાક્ષર કરવા એ માત્ર શરૂઆત છે. સફળતાનું સાચું માપદંડ જમીની સ્તરે દેખાવું જોઈએ: શું પ્રવાસન સ્થળો વધુ સુલભ બન્યા છે? શું પ્રવાસીઓના અનુભવોમાં સુધારો થયો છે? શું સ્થાનિક ઉદ્યોગોનો વિકાસ થયો છે? શું રોજગારીમાં વધારો થયો છે? શું કારીગરો અને સમુદાયોને નવા બજારો સુધી પહોંચ મળી છે? શું સાંસ્કૃતિક વારસાનું માત્ર ઉપભોગ કરવાને બદલે તેનું યોગ્ય રીતે જતન કરવામાં આવ્યું છે? તેથી, ભાગીદારીનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે માત્ર કરારોની સંખ્યાને નહીં, પરંતુ તેના દ્વારા સર્જાતા મૂલ્યને ધ્યાનમાં લેવું જોઈએ. આખરે, ભારતીય પ્રવાસનનું ભવિષ્ય આવા વિવિધ સંબંધોના સમન્વય પર રચાયેલું હશે: કેન્દ્ર અને રાજ્યો વચ્ચે; સરકાર અને ઉદ્યોગ વચ્ચે; ટેક્નોલોજી અને પરંપરા વચ્ચે; વૈશ્વિક પ્લેટફોર્મ્સ અને સ્થાનિક સમુદાયો વચ્ચે; તથા જાહેર રોકાણ અને ખાનગી સાહસ વચ્ચે. ભારત પાસે સભ્યતા, સંસ્કૃતિ, પ્રકૃતિ અને વિવિધતાનો અસાધારણ વારસો છે. હવે આપણને સંસ્થાકીય કલ્પનાશક્તિની જરૂર છે–જેના દ્વારા આ વારસાને પ્રવાસીઓ અને ઉદ્યમીઓની નવી પેઢીની આકાંક્ષાઓ સાથે સુસંગત બનાવી શકાય. માત્ર વધુ પ્રવાસીઓને ભારત તરફ આકર્ષવા એ જ ઉદ્દેશ્ય ન હોવો જોઈએ. તેના બદલે, લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું હોવું જોઈએ કે પ્રવાસન દ્વારા સર્જાતી તકો ભારતનાં અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચે. તેથી, આપણી સફળતાનું સાચું માપદંડ માત્ર આપણા કિનારે આવતા પ્રવાસીઓની સંખ્યા જ નહીં, પરંતુ તેમના આગમનથી સમૃદ્ધ બનેલા લોકોના જીવનની સંખ્યા હશે. પર્યટન એ શ્રેષ્ઠ સ્વરૂપે એક આદાન-પ્રદાન છે: પ્રવાસી કોઈ સ્થળને શોધે છે, અને તે સ્થળ પ્રવાસીના માધ્યમથી પોતાના માટે નવી શક્યતાઓ શોધે છે. જો આપણે રાજકીય ઈચ્છાશક્તિ, જાહેર રોકાણ, ખાનગી સાહસ અને આપણા લોકોની ભાગીદારીનો સમન્વય સાધી શકીએ, તો પર્યટન માત્ર એક આર્થિક ક્ષેત્ર કરતાં ઘણું વિશેષ બની શકે છે. તે એક એવું ભવ્ય માધ્યમ બની શકે છે જેના દ્વારા ભારત વિશ્વ સમક્ષ પોતાની સંસ્કૃતિને રજૂ કરી શકે, દેશના સમુદાયોને સશક્ત બનાવી શકે, યુવાનો માટે રોજગારીનું સર્જન કરી શકે, પોતાના સાંસ્કૃતિક વારસાનું જતન કરી શકે અને સહિયારી સમૃદ્ધિ માટે નવી તકોનું દ્વાર ખોલી શકે. આખરે, ભારતીય પર્યટનનું ભવિષ્ય માત્ર સરકાર દ્વારા જ ઘડવામાં નહીં આવે. તેનું નિર્માણ ભાગીદારી દ્વારા થશે–અને તે દૃઢ માન્યતા સાથે કે પર્યટનથી સર્જાતી સમૃદ્ધિનો લાભ, સાર્થક રીતે, સૌપ્રથમ તે લોકો અને સ્થળોને મળવો જોઈએ જે ભારતને મુલાકાત લેવા યોગ્ય સ્થળ બનાવે છે.

## તરનતારનમાં ઘૂસણખોરીનો પ્રયાસ નાકામ! 2 આતંકી ઠાર મરાયા

પંજાબ : પંજાબના તરનતારનમાં બે આતંકીઓને ઠાર મરાયા છે. તેઓ પાકિસ્તાનથી ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. તે દરમિયાન સુરક્ષાદળો સાથે અથડામણમાં બંને આતંકીઓ ઠાર મરાયા છે.BSF એ પંજાબના તરન તારન સેક્ટરમાં ભારત-પાકિસ્તાન સરહદ પર ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો. BSF ના જણાવ્યા અનુસાર, કેટલાક લોકો પાકિસ્તાન તરફથી ભારતીય ક્ષેત્રમાં ગેરકાયદેસર રીતે પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

સુરક્ષા એજન્સીઓએ શરૂઆતમાં તેમને ચેતવણી આપી હતી, પરંતુ ચેતવણીઓ છતાં ઘૂસણખોરો આગળ વધતા રહ્યા. ત્યારબાદ, સુરક્ષા દળોએ કાર્યવાહી કરી અને બે ઘૂસણખોરોને ગોળી મારીને ઠાર કર્યા.

આ ઘટના તરનતારનના રાજોકે બીઓપી (BOP) વિસ્તારમાં મધ્યરાત્રિએ લગભગ 12.30 વાગ્યે બની હતી. બીએસએફ (BSF) ના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન તરફના ચટ્ટાનવાલે વિસ્તારમાંથી ઓછામાં ઓછા ત્રણ વ્યક્તિઓ ભારતીય સરહદ તરફ આગળ વધી રહ્યા હતા. તેમને પડકારવામાં આવ્યા અને ત્યારબાદ ગોળીબાર કરવામાં આવ્યો. આ કાર્યવાહી દરમિયાન બે ઘૂસણખોરો માર્યા ગયા હતા.બીએસએફના જણાવ્યા અનુસાર, અહેવાલો સૂચવે છે કે ગોળીબાર દરમિયાન ત્રીજો ઘૂસણખોર પાકિસ્તાન તરફ ભાગી જવામાં સફળ રહ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો, કુલ ત્રણ વ્યક્તિઓ ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા; સુરક્ષા દળોએ તેમાંથી બેને ઠાર માર્યા, જ્યારે ત્રીજો પાછો ફરી ગયો.આ ઘટના પંજાબ સેક્ટરમાં ભારત-પાકિસ્તાન સરહદ પર ઘૂસણખોરીના પ્રયાસો અંગે સુરક્ષા એજન્સીઓની સતર્કતાને ફરી એકવાર ઉજાગર કરે છે. બીએસએફના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘૂસણખોરો પાકિસ્તાનથી ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમને શરૂઆતમાં ચેતવણી આપવામાં આવી હતી અને જ્યારે તેઓએ ચેતવણીને ધ્યાનમાં ન લીધી ત્યારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. બીએસએફે આ ઘટનામાં બે પાકિસ્તાની ઘૂસણખોરોના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે અહેવાલો સૂચવે છે કે ત્રીજો ઘૂસણખોર પાકિસ્તાન પરત ફરવામાં સફળ રહ્યો હતો. આ ઘટના તરનતારન સેક્ટરના રાજોકે બીઓપી વિસ્તારમાં બની હતી.

## CJP આંદોલન કરે એ પહેલા જ દિલ્હીમાં 150 દેખાવકારોની અટકાયત, AAP નેતાને પણ પોલીસે પકડ્યા




CEC જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આજે CJP દ્વારા દેશભરમાં દેખાવો શરૂ થશે. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ હવે SIR કૌભાંડ મામલે CJP સાથે જોડાયેલા 'કોકરોચ' જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે રસ્તા પર ઉતરશે. આ વિરોધ પ્રદર્શનો દેશના વિવિધ શહેરોમાં યોજાશે.ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ દેશભરમાં આજથી દેખાવોની શરૂઆત થવા જઈ રહી છે. ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લીધા બાદ હવે SIRમા ગરબડ મામલે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે આજે CJP સાથે જોડાયેલા 'કોકરોચ' દેશભરમાં રસ્તા પર ઉતરશે. અહેવાલ અનુસાર દિલ્હીમાં જંતર મંતર ખાતે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ દેખાવો કરવા લોકો ભેગા થાય એ પહેલા આમ આદમી પાર્ટીના નેતા, AISA ના કાર્યકરો સહિત કુલ 150 દેખાવકારોની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી છે. મુંબઈમાં ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત, CJP ને દેખાવોની મંજૂરી નથી મળીસીજેપી દ્વારા દેખાવોની જાહેરાતને પગલે મુંબઈમાં શિવાજી પાર્ક ખાતે સ્થાનિકોએ વિરોધ નોંધાવ્યો છે. તેમનું કહેવું છે કે વારંવાર થતા દેખાવોને કારણે અમારા ધંધા-રોજગારને અસર થાય છે.

**CJPની ત્રણ મુખ્ય માગ**

1. CEC જ્ઞાનેશ કુમાર રાજીનામુ આપે 2. મતદાર યાદી ફ્રીઝ કરવામાં આવે 3. સિવિલ સોસાયટીની ભાગીદારી સાથે આગામી ચૂંટણી કમિશનરની નિમણૂક થાય

કોકરોચ જનતા પાર્ટીએ દેખાવોની રૂપરેખા જાહેર કરી દીધી છે. આવનારા દિવસોમાં દેશભરમાં દેખાવો કરવામાં આવશે. આજે સીજેપી સાંજે 4 વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ પાર્કના ગેટ નંબર 6 ની સામે દેખાવો કરશે. ત્યારબાદ આંદોલનને ધીમે ધીમે આખા દેશમાં આગળ વધારાશે. ત્યારબાદ જંતર મંતર પર દેખાવોની સાથે તેનું અંત થશે. સીજેપી નેતા દીપકેએ કહ્યું કે ચૂંટણી પ્રક્રિયામાંથી લોકોનો ભરોસો ઊઠી ગયો છે.

# આકૃતિ આર્ટ ફાઉન્ડેશનનું 25મું આંતરરાષ્ટ્રીય જૂથ કલા પ્રદર્શન, "વસંતના રંગો," મુંબઈમાં ખુલ્યું

મુંબઈ | કલા, સાહિત્ય અને સંસ્કૃતિ માટે અગ્રણી સંસ્થા, આકૃતિ આર્ટ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 25મું આંતરરાષ્ટ્રીય જૂથ કલા પ્રદર્શન, ગુરુવાર, 1 ઓક્ટોબર, 2026 ના રોજ, ગોદરેજ ગ્રુપની પ્રખ્યાત પ્રદર્શન ગેલેરી, 'સિમરોઝા આર્ટ ગેલેરી' ખાતે એક ગૌરવપૂર્ણ સમારોહમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જે ભુલાભાઈ દેસાઈ માર્ગ, મુંબઈ પર સ્થિત છે. 4 ઓક્ટોબર, 2026 સુધી ચાલનારા આ ચાર દિવસીય પ્રદર્શનના મુખ્ય આયોજક અને આકૃતિ આર્ટ ફાઉન્ડેશનના સ્થાપક મનમોહન જયસ્વાલે જણાવ્યું હતું કે આ જૂથ પ્રદર્શન ભારત અને કેનેડાના 38 કલાકારો દ્વારા મનમોહક કલાકૃતિઓ પ્રદર્શિત કરે છે, જે વિવિધ સંવેદનશીલતાઓ, સામાજિક દ્રષ્ટિકોણ અને સર્જનના વિવિધ પાસાઓને શક્તિશાળી અને પ્રભાવશાળી શૈલીમાં વ્યક્ત કરે છે. આ પ્રભાવશાળી કલા પ્રદર્શનનું ઉદ્ઘાટન પ્રખ્યાત સંગીત દિગ્દર્શક દિલીપ સેન અને વરિષ્ઠ સમાજસેવક ગણપત કોઠારી સહિત અનેક પ્રતિષ્ઠિત મહેમાનો દ્વારા સંયુક્ત રીતે દીપ પ્રગટાવીને કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અન્ય મહાનુભાવોમાં સંજય શ્રીવાસ્તવ, અશોક મહેશ્વરી, રાજીવ રંજન સિંહ, વિકાસ મહંતે, એસપી આહુજા, રાકેશ મેઘપરા, શ્રીમતી લીના ચોપરા, શ્રીમતી મીનલ જૈન, શ્રીમતી શહનાઝ ખાન, દિનેશ કોચર, સુનીલ ગુપ્તા, શ્યામજી ભાઈ કોળી, અરવિંદ આર્ય, રાજેશ વેદાંત, સમીર નાઈક, આદિત્ય સક્સેરિયા, ડૉ. સત્યજીત પટનાયક, હિમાંશુ પંવાર, શિવાની ગિરી અને કલા, સાહિત્ય,



સંગીત અને સિનેમાની દુનિયાના વિવિધ કલા પ્રેમીઓનો સમાવેશ થતો હતો. પ્રદર્શનમાં પ્રખ્યાત ચિત્રકારો, શ્રીમતી શાલિની શ્રીવાસ્તવ, ડૉ. ઝી ગંગશા અને એલિસ્ટન ડાયસ દ્વારા ઉત્કૃષ્ટ કલાકૃતિઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહી છે. તેમના સંબોધનોમાં, વિવિધ મહેમાનોએ પ્રદર્શનની પ્રશંસા કરી અને તમામ કલાકારોને તેમની સર્જનાત્મક સફરમાં શુભકામનાઓ પાઠવી. કલા પ્રદર્શનમાં પ્રખ્યાત ચિત્રકાર એમ.એફ. હુસૈન, તેલંગણાના ટી. વૈકુંઠમ, રામકુમાર, શ્રીમતી શાલિની શ્રીવાસ્તવ, ડૉ. ઝેડ. ગાંગશા, વિનીત મિસ્ત્રી, બાલકૃષ્ણ કાંબલે, અશોક સરોજ, સરિતા સિન્હા, મયુર શ્રીવર્દનકર, દિવ્યાંશુ જયસ્વાલ, કામાક્ષી કૌર, ઉદય જોશી, કિરણ સિંઘ, કિરણ સિંઘ, પો. હિરમાન સિંહની સુંદર કલાકૃતિઓ. પ્રધાન્ય વાનખેડે, સુમેધ ઉન્નાવને, એલિસ્ટન ડાયસ, અંજલિ હરનાહલ્લી, લાભ પ્રકાશ નાયડુ, સુબોધ નેમલેકર, સંજય ઉન્નાવને, સૈયદ ઝુબેર, વૈશાલી શાહ, કુમુદ દાસ, કિયારા દેસાઈ તક્ષ, વિનીત જૈન, ઈશાન ઘોષ, રેવૈન દેવ, અન્ના જયદેવ, અન્ના ઘોષ. જૈન, વીરિકા જૈન, પાર્શ્વી રાઠોડ, પનયશા વી.જૈન પ્રદર્શિત થયા હતા. આયોજક મનમોહન જયસ્વાલે શરૂઆતમાં તમામ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રજત જયંતિ પ્રાપ્ત કરવી એ કોઈપણ સંસ્થા માટે ખરેખર ગર્વની ક્ષણ છે. તેથી, આકૃતિ આર્ટ ફાઉન્ડેશનની સમગ્ર ટીમ તેના 25મા ગ્રુપ આર્ટ પ્રદર્શનના ખાસ પ્રસંગ પર ખૂબ ગર્વ અનુભવે છે. તેમણે સમજાવ્યું કે આ પ્રભાવશાળી પ્રદર્શન 4 ઓક્ટોબર, 2026 સુધી દરરોજ સવારે 11 થી સાંજે 7 વાગ્યા સુધી બધા કલા પ્રેમીઓ માટે મફત જોવા માટે ખુલ્લું રહેશે. નોંધનીય છે કે આકૃતિ આર્ટ ફાઉન્ડેશનના સ્થાપક મનમોહન જયસ્વાલ છેલ્લા 15 વર્ષથી મુંબઈમાં આવા અનોખા કલા પ્રદર્શનોનું આયોજન કરી રહ્યા છે, જે દૂર-દૂરથી મુલાકાતીઓને આકર્ષે છે. જયસ્વાલના કલા પ્રદર્શનોમાં હંમેશા પ્રખ્યાત, સ્થાપિત અને અર્ધ-સ્થાપિત ભારતીય કલાકારો તેમજ ઉભરતા કલાકારોની કૃતિઓ મુખ્ય રીતે દર્શાવવામાં આવે છે. તેમણે તમામ કલા પ્રેમીઓને વિનંતી કરી કે જો તેઓ ઉત્તમ કલા પ્રદર્શનો જોવા અને અનુભવવામાં રસ ધરાવતા હોય તો તેઓ મુંબઈમાં આ આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શનની મુલાકાત લે.

## સીઈસી જ્ઞાનેશ કુમારના 14 નિર્ણયો રદ કરવા સુપ્રીમ કોર્ટમાં નવી અરજી

નવી દિલ્હી : દેશમાં ચૂંટણીઓ જીતવા માટે મતદાર વ્યવસ્થા પર કબજો કરવા સામે જનતાનો અવાજ દિવસે ને દિવસે વધુ ઉગ્ર બની રહ્યો છે. જનતા કોઈપણ સ્વરૂપે 'વોટ ચોરી' સાંખી નહીં લે તેમ જણાવતા કોંગ્રેસે શુક્રવારે ગાંધી જયંતિ દિને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના વિરોધમાં આંદોલન થઈને જ રહેશે તેમ ભારપૂર્વક કહ્યું હતું. જ્ઞાનેશ કુમારને ઘેરવાની વિપક્ષની તૈયારી વચ્ચે સુપ્રીમ કોર્ટમાં પણ તેમના વિરુદ્ધ એક પછી એક અરજીઓ થઈ રહી છે. જ્ઞાનેશ કુમારે ૧૦ મહિનામાં આપેલા ૧૪ આદેશોના વિરોધમાં સુપ્રીમ કોર્ટમાં




નવી અરજી થઈ છે.દેશભરમાં 'સર'ના વિવાદમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ આક્રોશ વધી રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટમાં પણ તેમની સામે એક પછી એક અરજીઓ થઈ રહી છે, જેમાં હવે ત્રીજી એક અરજી થઈ છે. નવી અરજીમાં જ્ઞાનેશ કુમારે ૧૦ મહિનામાં સીઈસી તરીકે લીધેલા ૧૪ આદેશોને પડકારવામાં આવ્યા છે.સુપ્રીમ કોર્ટમાં થયેલી અરજીમાં ચૂંટણી પંચની સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી કરાવવાની શક્તિઓના દાયરા અને મર્યાદાઓ પર નિર્દેશ અને સ્પષ્ટીકરણની માગ કરતા જ્ઞાનેશ કુમારના ૧૪ આદેશોને રદ કરવાની માગ કરાઈ છે. તેમના પર અનિવાર્ય પ્રક્રિયાનો ભંગ કરવાનો પણ આરોપ મૂકાયો છે. સુપ્રીમમાં દાખલ ત્રીજી અરજીમાં સામૂહિક નિર્ણય લેવાની અનિવાર્ય પ્રક્રિયાનો ભંગ કરીને જાહેર કરાયેલા તમામ નિર્ણયો, આદેશો, નોટિફિકેશન્સ અને કાર્યકારી નિર્દેશોને રદ કરવાની માગણી કરાઈ છે.દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, જ્ઞાનેશ કુમાર ભાજપના એજન્ટ હતા, છે અને રહેશે. કોંગ્રેસને બેલેટ પેપરથી મતદાનનો અધિકાર નહીં મળે ત્યાં સુધી તેમની લડત ચાલુ રહેશે. કોંગ્રેસે ગુરુવારે જણાવ્યું હતું કે, મતદાર સિસ્ટમ પર 'કબજા' વિરુદ્ધનો અવાજ વધી રહ્યો છે અને જનતા વોટ ચોરી સાંખી નહીં લે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમશે કહ્યું, ઈન્ડિયા ગઠબંધન બંધારણ અને લોકતંત્રનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. ભારતના ચૂંટણી પંચે 'સોનાના માપદંડો'નો ઉપયોગ કર્યો છે, પરંતુ તેણે વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર ઓપી રાવત મુજબ સીઈસી જ્ઞાનેશ કુમારના ગેરકાયદે નિર્ણયોને રોકવા માટે અન્ય બે ચૂંટણી કમિશનરોએ આગળ આવવું જોઈએ.

## 26 લોકોને લઈ જતા પિકઅપને ટ્રકે ફંગોળી નાખતા 7ના મોત, મહારાષ્ટ્રના અમરાવતીમાં હાઈવે પર મરણચીસો ગૂંજી

અમરાવતી : મહારાષ્ટ્રના અમરાવતી અને બુલઢાણા જિલ્લામાં ભયાનક માર્ગ અકસ્માત થયો. શ્રદ્ધાળુઓથી ભરેલી પિકઅપને ટ્રકે ટક્કર મારતા સમૃદ્ધિ મહામાર્ગ પર 7 લોકોના કરૂણ મોત થયા. શેગાંવથી મા દુર્ગાની મૂર્તિ લઈને વર્ધા જઈ રહેલા 21 લોકો ઘાયલ થયા. ધામણગાંવ રેલવે પાસે આ દુર્ઘટનામાં કેટલાકની હાલત ગંભીર છે.મહારાષ્ટ્રના અમરાવતી અને બુલઢાણા જિલ્લામાંથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. શ્રદ્ધાળુઓથી ભરેલી એક પિકઅપને ટ્રકે ટક્કર મારતા ભીષણ અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં સાત લોકોના મોત થયા છે અને 21 લોકો ઘાયલ થયા છે.શુક્રવારની સવારે અમરાવતી જિલ્લાના ધામણગાંવ રેલવે પાસે સમૃદ્ધિ મહામાર્ગ પર ચેનલ નંબર 97 પર આ અકસ્માત થયો હતો. પિકઅપ વાહનમાં સવાર લોકો બુલઢાણા જિલ્લાના શેગાંવથી મા દુર્ગાની મૂર્તિ લઈને વર્ધા તરફ જઈ રહ્યા હતા. તે જ સમયે પિકઅપ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.ટક્કર એટલી ભીષણ હતી કે પાંચ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા, જ્યારે સારવાર દરમિયાન વધુ બે લોકોએ દમ તોડ્યો હતો.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર વર્કશોપ**

**વ્હીલ સેટ એક્સલ એસેમ્બલી બોક્સનું ડિસ્મેન્ટલિંગ તથા સફાઈ અને અન્ય કાર્યો**

**ઈ-ટેન્ડર નંબર: BVPW-2026-27-RB-18 કામનું નામ:** વ્હીલ સેટ એક્સલ એસેમ્બલી બોક્સનું ડિસ્મેન્ટલિંગ તથા સફાઈ અને C T R B નું ડિસમાઉન્ટિંગ તથા સફાઈ, પેઈન્ટિંગ, પરિવહન તેમજ L H B ડેમ્પર્સ અને શોક એબ્ઝોર્બરના પરીક્ષણમાં સહાય તથા કામના વ્યાપ (Scope of Work) મુજબ રોલર બેરિંગના Zyglo ટેસ્ટિંગમાં સહાય કરવી, ભાવનગર વર્કશોપ ખાતે એક વર્ષના સમયગાળા માટે. **કામની અંદાજિત કિંમત:** ₹52,24,312/- **બિડ સિક્યુરિટી:** ₹1,04,500/- **કામ પૂર્ણ કરવાની મુદત:** LOA જારી થયાની તારીખથી 12 મહિના **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 23/10/2026, 10:30 કલાકે **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 23/10/2026, 11:00 કલાકે **વેબસાઈટ વિગતો:** ટેન્ડર માત્ર ઈલેક્ટ્રોનિક રીતે **https://www.ireps.gov.in** વેબસાઈટ પર જ સબમિટ કરવાનું રહેશે. **જારીકર્તા:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, મુખ્ય વર્કશોપ મેનેજરની કચેરી, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. **Email:** dycmews@bvp.railnet.gov.in **BVP 144**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

સિટી એક્સપ્રેસ
SATURDAY 03 OCTOBER-2026
AHMEDABAD

## બાપુનગરમાં પતિના ત્રાસથી પરિણીતાનો આપઘાત

અમદાવાદ | અમદાવાદના બાપુનગર વિસ્તારમાં 28 વર્ષીય પરિણીતાએ પતિના શારીરિક-માનસિક ત્રાસ અને મેણાં-ટોણાંથી કંટાળી એસિડ પી આપઘાત કર્યો. ઉત્તર પ્રદેશથી આવેલા પિતાએ જમાઈ સૌરભ દોહરે સામે પત્નીને આપઘાત કરવા મજબૂર કર્યાની ફરિયાદ નોંધાવી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પતિ દારૂ પી મારઝૂડ કરી 'તું મરી જા' કહી ત્રાસ આપતો હતો. આ બનાવ અંગે મૃતકના પિતાએ ઉત્તર પ્રદેશથી અમદાવાદ આવી બાપુનગર પોલીસ સ્ટેશનમાં જમાઈ સામે પત્નીને આપઘાત કરવા માટે મજબૂર કરવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## સિગારેટના પૈસા માગતાં પાન માલિકના પુત્ર પર હુમલો

અમદાવાદ | અમદાવાદના ઓઢવ-સિંગરવા વિસ્તારમાં સિગારેટના પૈસા મુદ્દે તકરાર થતા ડેની નામના શખ્સે સાગરીતો સાથે પાન પાર્લર સંચાલકના પુત્ર કૃણાલ પર હુમલો કર્યો હતો. 30મી સપ્ટેમ્બરની આ ઘટનામાં, પિતાએ સમજાવ્યા બાદ ડેનીએ પૈસા આપ્યા હતા, પરંતુ પછી ગાળાગાળી કરી માર માર્યો હતો. પોલીસે ડેની સહિતના આરોપીઓની ધરપકડ કરી જાહેરમાં માફી મંગાવી, વેપારીઓમાં સુરક્ષાનો ભાવ સ્થાપિત કર્યો. આ મામલે ઓઢવ પોલીસે મુખ્ય આરોપી ડેની સહિતના શખસોની સામે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરીને જાહેરમાં માફી માંગીવી હતી.



### અમદાવાદ ફાયર વિભાગ કરશે સરપ્રાઈઝ ચેકિંગ અને ફોટોગ્રાફી, નિયમભંગ બદલ તાત્કાલિક એક્શન; વાંચો શું છે નિયમો?

# AC ડોમમાં ગરબા માટે ફાયર NOC ફરજિયાત, ગરબા આયોજકો ચેતજો!

અમદાવાદ | નવરાત્રિના તહેવારમાં ખાનગી પાર્ટી પ્લોટ ઉપરાંત હવે એસી ડોમમાં ગરબાનું આયોજન કરવામાં આવતું હોય છે. નવરાત્રી ગરબાના આયોજકોએ ફાયર સેફ્ટીને લઈને ટેમ્પરરી સ્ટ્રક્ચર સર્ટિફિકેટ ફરજિયાત લેવાનું રહેશે. રાજ્ય સરકારની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરીને સર્ટિફિકેટ મેળવવાનું રહેશે. ખાસ કરીને એસી ડોમમાં નવરાત્રીનું આયોજન કરનારા આયોજકોની ફાયર સેફ્ટી ને લઈને તમામ તકેદારી રાખવા અંગે ફાયર વિભાગના અધિકારીઓ દ્વારા વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવશે. જો તમામ નિયમોનું પાલન કરેલું હશે તો જ ફાયર વિભાગ દ્વારા NOC આપવામાં આવશે. નવરાત્રી મહોત્સવ દરમિયાન જો ફાયર સેફ્ટીના નિયમોને લઈને કોઈ પણ બાંધછોડ કે ખામી જણાશે તો તેમની વિરુદ્ધ તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદ ફાયર બ્રિગેડના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર મિથુન મિસ્ત્રીએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, નવરાત્રી મહોત્સવમાં ગરબાના આયોજકોએ ફાયર સેફ્ટી સર્ટિફિકેટ એપ્રુવલ ફોર ટેમ્પરરી સ્ટ્રક્ચર મેળવવાનું રહેશે. જેના માટે રાજ્ય સરકારના ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવાની રહેશે. જેમાં અરજી કર્યા બાદ એડિશનલ ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર કક્ષાના અધિકારીઓ દ્વારા સ્થળ પર ફાયરના નિયમોનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. તમામ પુરાવાઓની હાર્ડ કોપી તેમની પાસેથી મેળવવામાં આવશે.

ચેકિંગ બાદ ફાયર એનઓસી આપવામાં આવશે. ખાસ કરીને એસી ડોમ માટે ઈમરજન્સી એક્ઝિટ ગેઈટ, ઈલેક્ટ્રીક વાયરીંગ સહિતની તમામ બાબતોની તપાસ કરી અને તેની વીડિયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવામાં આવશે. જો કોઈપણ નિયમોનો ભંગ જણાશે અથવા પાલન નહીં કરવામાં આવ્યું હોય તો સર્ટિફિકેટ આપવામાં આવશે નહીં. દરેક ગરબા આયોજકોએ ફાયર વિભાગ દ્વારા સર્ટીફીકેટ મેળવવાનું રહેશે અને આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

ફાયર વિભાગ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન ગરબા આયોજકો દ્વારા કરવામાં આવશે તેનું 300 રૂપિયાના સ્ટેમ્પ પેપર પર ફોટો સાથે નોટરી કરી સોગંદનામુ જમા કરાવવું ફરજિયાત છે. ગરબાના આયોજકોએ ફાયર વિભાગ સિવાય અન્ય ઓથોરીટી જેવી કે, પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશનના અન્ય વિભાગો થકી આપવામાં આવતી સૂચનાઓનું પાલન તથા અમલવારી કરી અલગથી લાગત વિભાગના 'ના-વાંધા પ્રમાણપત્ર' મેળવી લેવાના રહેશે.

ખાસ કરીને એસી ડોમમાં ગરબાનું આયોજન કરનાર ગરબા આયોજકોએ ડીઝલ જનરેટર સ્ટેજ અને મંડપથી 50થી 100 ફૂટ દૂર રાખવાના રહેશે. ઈલેક્ટ્રીક વાયરીંગમાં પીવીસીવાળું વાયરીંગ હોવું ફરજિયાત છે અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયર પાસે ચકાસણી કરાવવાની રહેશે. ડોમમાં કાર્પેટ પર અને પડદા ઉપર ફાયર રિટાર્ડન્ટ સ્પ્રે કરવો ફરજિયાત છે. ઈમરજન્સી અને એક્ઝિટ ગેટ, નો સ્મોકિંગ ઝોન વગેરેના બોર્ડ લગાવવાના રહેશે. ફાયર એક્સ્ટિંગ્વિશર ઓપરેટ કરનાર જાણકાર વ્યક્તિને પણ રાખવા ફરજિયાત છે.

## નવરાત્રીમાં સલામતી અર્થે ફાયર સેફ્ટી અંગેની સૂચના

- નવરાત્રીના આયોજક દ્વારા કોઈપણ મંડપ, પંડાલ કે ટ્રેમ્પરી સ્ટ્રક્ચરનું સ્ટેજ બનાવે ત્યારે સ્કૂલ, હોસ્પિટલ, જવલનશીલ પદાર્થના ગોડાઉન ઈત્યાદીથી દૂર નિર્માણ કરવાનું રહેશે. આ માટે મંડપમાં ફાયરના વાહનો આવી શકે તે મુજબ રોડ, રસ્તા ખુલ્લા રાખવાના રહેશે તથા અવરોધક વસ્તુઓ દૂર કરવાની રહેશે.
- પંડાલની કેપેસીટી મુજબના વ્યક્તિઓને પ્રવેશ આપવાનો રહેશે. વ્યક્તિદીઠ ઓછામાં ઓછી 1 સ્ક્વેર મીટર જગ્યા રહે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
- નવરાત્રીના મંડપમાં ફિક્સ પાર્ટીશન કરવાનું રહેશે નહિ.
- ઈમરજન્સીના સમયે વ્યક્તિઓ સહેલાઈથી ઈમરજન્સી એક્ઝીટ તરફ જઈ શકે તે મુજબ રસ્તા ખુલ્લા રાખવાના રહેશે.
- નવરાત્રીના આયોજક દ્વારા ઓછામાં ઓછા બે 'EMERGENCY EXIT' રાખવાના રહેશે જે પરસ્પર વિરુદ્ધ દિશામાં હોવા જોઈએ. જેની પહોળાઈ ઓછામાં ઓછી 2.5 મી. હોવી જોઈએ. ગેટની સામેના ભાગે 5 મીટર ઓપનીંગ હોય તે મુજબનું રાખવાનું રહેશે.
- નવરાત્રીના મંડપ આયોજક દ્વારા સીટીંગ વ્યવસ્થાથી બહાર નીકળવાનો રસ્તો (Traveling Distance) 15 મીટરથી વધારે ન હોવું જોઈએ.
- નવરાત્રીના મંડપ આયોજક દ્વારા કરવામાં આવેલ જો સીટીંગ વ્યવસ્થા માં સીટ ની 10 રો અને 10 બેઠક પછી પેસેજ આપવામાં આવેલો હોવો જોઈએ જેની પહોળાઈ ઓછામાં ઓછી 1.5 મીટર હોવી જોઈએ.
- નવરાત્રીના મંડપ આયોજક દ્વારા કોઈપણ મંડપ કોઈપણ પ્રકારની ભટ્ટી, ઈલેક્ટ્રિક સબ સ્ટેશન, ઈલેક્ટ્રિક ટ્રાન્સફોર્મર, ઈલેક્ટ્રિક હાઈટેન્શનલાઈન કે રેલ્વે લાઈન થી દુર કરવાના રહેશે બે સ્ટ્રક્ચર વચ્ચે 2 મીટરથી ઓછુ અંતર હોવું જોઈ નહિ.
- સંચાલકો દ્વારા ધાર્મિક હેતુ માટે કરવામાં આવતા હવન, નાના હવનકુંડનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પૂરતી ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરવાની તથા આવી જગ્યાની છત ઉપર સી.આઈ/જી.આઈ શીટ 6 સે.મી. કરતા ઓછી ન હોય તે મુજબની રાખવાની રહેશે.
- સંચાલકો દ્વારા મંડપમાં આવતી જનમેદનીને સુચના આપવા અચૂક પબ્લિક એડ્રેસ સીસ્ટમ રાખવાની રહેશે.
- આયોજક દ્વારા કોઈપણ સ્ટ્રક્ચરની અંદર કોઈપણ પ્રકારના સ્ટોલ બનાવવાના રહેશે નહિ તથા આ સ્ટ્રક્ચરના સ્ટેજની નજીક કે સ્ટેજના નીચેના ભાગમાં આગ લાગી શકે તેવા કોઈપણ પ્રકારના ઘન કે પ્રવાહી પદાર્થનો સંગ્રહ કરવાનો રહેશે નહિ.
- આયોજકો દ્વારા ડીઝલ જનરેટર સ્ટેજ અને અન્ય પંડાલથી દુરના અંતરે રાખવાનું રહેશે.
- સંચાલકો દ્વારા મંડપમાં ભગવાન/માતાજીની મૂર્તિ પાસે રાખવામાં આવતા દિવા નીચે રેતીનો બેઝ અચૂક રાખવાના રહેશે અને મંડપના સંચાલન અર્થે ઓછામાં ઓછા એક સ્વયંમસેવક રાઉન્ડ ધ ક્લોક ઉપલબ્ધ રાખવાના રહેશે.
- સંચાલકો દ્વારા આવા પંડાલમાં કે પંડાલની બહાર ફાયર કેકર્સ કે રસોઈ બનાવવાની સામગ્રી, LPG ગેસ સીલીન્ડર તેમજ ધૂમ્રપાનના સાધનો કે આગ લાગી શકે એવા કોઈ પદાર્થ કે જ્યોત ઈત્યાદી રાખવાની રહેશે નહિ. રસોઈ બનાવવા 15 મીટર દુર સી.આઈ/જી.આઈ શીટ ની હોવી જોઈએ.
- આયોજકો દ્વારા મંડપમાં કરાવવામાં આવતા ઈલેક્ટ્રિક વાયરીંગ પ્રવર્તમાન વીજળી અધિનિયમ મુજબના કરાવવાના રહેશે.
- મંડપમાં કરવામાં આવેલ તમામ ઈલેક્ટ્રિક વાયરીંગ અંગે ગવર્મેન્ટ એપુવડ ઈલેક્ટ્રિક ઈજનેર પાસે ચકાસણી કરાવવાની રહેશે. ઈલેક્ટ્રિક વીજ ઉપકરણો નું ઈસ્ટોલેશન 15-1646-1982 મુજબ કરવાનું રહેશે.
- પંડાલમાં કરવામાં આવનાર વાયરીંગ પીવીસી આવરણવાળા કંડકટર અથવા ટફ રબર વલ્કેનાઈઝેશન કરેલા હોવા જોઈએ. વાયરીંગના તમામ જોઈન્ટ પોર્સેલેઈન ઈન્સ્યુલેટેડ કનેક્ટર્સ થી કરવાના રહેશે.
- આયોજકો દ્વારા ઈલેક્ટ્રિકનું મુખ્ય સ્વીચ બોર્ડ એ.સી. અથવા જી.આઈમાં બનાવવામાં આવેલ હોવું જોઈએ તથા આવા હંગામી મંડપથી દુરના અંતરે ઈલેક્ટ્રિક જંક્શન બોર્ડ પાઈલોટીંગ લાઈટ સાથે ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- સંચાલકો દ્વારા કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રિક લાઈટીંગ,બલ્બ કે ટ્યુબ લાઈટ કે તેના કોઈ પાર્ટ્સ મંડપના કોઈ ભાગ કે સુશોભન અથવા સળગી ઉઠે તેવી જવલનશીલ સામગ્રીથી ઓછામાં ઓછા 15 સે.મી. દુર રાખવાના રહેશે.

## શાળા-કોલેજ નજીક તમાકુના વેચાણ સામે વડોદરા કોર્પોરેશનની કડકાઈ : બે દુકાન સીલ

વડોદરા | વડોદરા શહેરમાં શાળા અને કોલેજોની આસપાસ તમાકુ, ગુટખા અને પાન-પડીકીનું વેચાણ કરતા વેપારીઓ સામે વડોદરા મહાનગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. ગઈકાલે ખોડિયારનગર ચાર રસ્તા પાસે શાળાની નજીક પાન-પડીકી અને તમાકુનું વેચાણ કરતા પાંચ વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કર્યા બાદ આજે ફતેગંજ વિસ્તારમાં એમ.એસ. યુનિવર્સિટીની નજીક બુલ્સ સર્કલ પાસેથી તમાકુ અને ગુટખાનું વેચાણ કરતી ત્રણ લારીઓ જપ્ત કરવામાં આવી હતી. મનપાની બાણ શાખાની ટીમે આ લારીઓ જપ્ત કરી હતી. સેનેટરી વિભાગ અને ખોરાક શાખા દ્વારા પણ વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. સ્વચ્છતા અંગે બેદરકારી દાખવનારા વેપારીઓને દંડ ફટકારવામાં આવી રહ્યો છે. શાળા-કોલેજોની આસપાસ તમાકુ અને ગુટખાના વેચાણ પર નિયંત્રણ લાવવા માટે મનપા દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી વચ્ચે શહેરમાં અન્ય સ્થળોએ પણ આવા ધંધા ધમધમી રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ખાસ કરીને ભુતડી ઝાંપા વિસ્તારમાં આવેલા બાળ રિમાન્ડ હોમની કમ્પાઉન્ડ વોલને અડીને જ પાન-પડીકી અને ગુટખાનું વેચાણ થઈ રહ્યું છે. બાળકોના સુધારણા અને સંભાળ માટે બનાવવામાં આવેલી સંસ્થાની દીવાલ પાસે જ તમાકુની પડીકીઓનું વેચાણ થતું હોવા છતાં આ ધંધા સામે કાર્યવાહી કેમ થતી નથી.

## નીલગાયનું માંસ રાખવાના કેસમાં બે શખસને ₹25,000ના પર્સનલ બોન્ડ પર શરતી જામીન

### કાળાજાદુ માટે ઘુવડ રાખવાના કેસમાં FIR રદ

(એજન્સી) અમદાવાદ | તા.01

ગુજરાત હાઈકોર્ટે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ (Wild Life Protection Act) હેઠળ નોંધાયેલા બે અલગ-અલગ કેસોમાં મહત્વપૂર્ણ ચુકાદા આપ્યા છે. કાળા જાદુ માટે ઘુવડ રાખવાના કેસમાં કોર્ટે યોગ્ય પ્રક્રિયાના અભાવે અરજદાર સામેની કાર્યવાહી રદ્દ કરી છે. જ્યારે અન્ય એક કેસમાં સંરક્ષિત પ્રાણી નીલગાયનું માંસ રાખવાના આરોપી બે યુવકોને વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકારને ધ્યાને રાખીને શરતી જામીન મંજૂર કર્યા છે.

સાબરકાંઠાની મેજિસ્ટ્રેટ કોર્ટમાં કાળા જાદુ માટે ઘુવડનો વેપાર કરવાના આક્ષેપ સાથે નોંધાયેલા કેસમાં અરજદાર નિમિતકુમાર પટેલે કાર્યવાહી રદ્દ કરવા અરજી કરી હતી. અરજદાર પાસે માત્ર મોબાઈલમાં ઘુવડનો ફોટો હતો. અરજદારના વકીલે રજૂઆત કરી હતી કે વાઈલ્ડ લાઈફ એક્ટની કલમ 55 મુજબ, કોર્ટ માત્ર અધિકૃત અધિકારીની ખાનગી ફરિયાદના આધારે જ ગુનાની નોંધ લઈ શકે, પોલીસ FIR કે ચાર્જશીટના આધારે નહીં. હાઈકોર્ટે આ રજૂઆત ગ્રાહ્ય રાખી અરજદાર સામેનો કેસ રદ્દ કર્યો હતો, જોકે સક્ષમ અધિકારીને નિયમાનુસાર નવી ફરિયાદ નોંધાવવાની છૂટ આપી છે.

બીજા કેસમાં ગોંડલ પોલીસ સ્ટેશનમાં નીલગાયનું માંસ રાખવાના આરોપસર જેલધકેલાયેલા આરોપી આસિફ કુરેશી અને પરવેઝ કુરેશીને હાઈકોર્ટે જામીન આપ્યા છે. કોર્ટે નોંધ્યું હતું કે આરોપીઓ 23 ઓગસ્ટ, 2026 થી જેલમાં છે, તપાસનો મોટો ભાગ પૂર્ણ થઈ ગયો છે અને તેમનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. બંધારણની કલમ 21 હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતાના અધિકાર તેમજ સમાન કેસ ધરાવતા સહ-આરોપીઓને સેશન્સ કોર્ટમાંથી જામીન મળ્યા હોવાથી સમાનતાના ધોરણે બંનેને 25,000 ના પર્સનલ બોન્ડ પર શરતી જામીન આપવામાં આવ્યા છે.

## પૈસા પડાવવા કૌભાંડની પોસ્ટ વાઈરલ કરી:ફર્નિચર રિપેરિંગના રૂ. 4.80 લાખના વર્ક ઓર્ડરમાં ચેડા કર્યા, બે શખ્સ સામે ગુનો...

(એજન્સી) અમદાવાદ | | તા.02




પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસના અધિકારીઓને બદનામ કરી નાણાકીય લાભ મેળવવા અને દબાણમાં લાવવાની ઘટના સામે આવી છે. જેમાં રૂ. 4.80 લાખના સત્તાવાર ફર્નિચર રિપેરિંગના વર્ક ઓર્ડરના સરકારી રેકોર્ડમાં છેડછાડ કરી રૂ. 40 લાખનું બોગસ કૌભાંડ દર્શાવી સોશિયલ મીડિયા પર વાયરલ કરનારા બે શખ્સો સામે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવેના કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ દ્વારા જૂન 2026 દરમિયાન સાબરમતીથી પાલનપુર રેલવે સેક્શનના સ્ટેશનોના જૂના ફર્નિચરના સમારકામ માટે નિયમાનુસાર રૂ. 4.80 લાખનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. જેમાં કોઈ નવું ફર્નિચર ખરીદવામાં આવ્યું નહોતું કે કોઈ અધિકારીના વ્યક્તિગત કામ માટે સરકારી પૈસા વપરાયા નહોતા. આમ છતાં, અવારનવાર અમદાવાદ રેલવે ઓફિસની મુલાકાત લેતા યોગેશ મિશ્રા નામના શખ્સે ગત 12 સપ્ટેમ્બરે આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર યજુશ આચાર્ય પાસે આવી નાણાકીય માંગણી કરી હતી. તેણે ધમકી આપી હતી કે તમે ખોટા બિલો બનાવીને સામગ્રી ખરીદો છો અને તમે સરકારી સામાન અંગત ઉપયોગમાં વાપરો છો જો મને પૈસા નહીં આપો તો હું તમને બદનામ કરી દઈશ.

અધિકારીએ તેની ગેરકાયદે માંગણી ન સ્વીકારતા તે ઉશ્કેરાઈને જતો રહ્યો હતો. બાદમાં સોશિયલ મીડિયા અને ન્યૂઝ પોર્ટલ પર બદનક્ષીકારક પોસ્ટ વાયરલ કરી હતી. જેમાં યોગેશ મિશ્રા અને તેના સાથીદાર અંકિત પાંડેએ ષડયંત્ર રચી DRM ઓફિસના સરકારી વર્ક ઓર્ડરમાં છેડછાડ કરી ખોટો હિસાબ બનાવ્યો હતો. ગત 24 સપ્ટેમ્બરે અંકિત પાંડેના X (ટ્વિટર) હેન્ડલ પરથી અમદાવાદ મંડળમાં ફર્નિચરના નામે રૂ. 40 લાખથી વધુનું મોટું કૌભાંડ તેવી પોસ્ટ કરવામાં આવી હતી. એટલું જ નહીં, આ ખોટી વાત ન્યૂઝ પોર્ટલ પર પણ પ્રકાશિત કરાવી અધિકારીઓ અને કર્મચારીઓને વોટ્સએપ પર મેસેજ મોકલી માનસિક દબાણ લાવવાનો પ્રયાસ કરાયો હતો.

## ગાંધી જયંતિએ ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ખાદી ખરીદી કરી

(એજન્સી) અમદાવાદ | તા.02

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધી જયંતિ અવસરે ગાંધીનગરમાં ખાદી હાટમાંથી ખાદી ખરીદી કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદી ફોર ફેશન-ખાદી ફોર નેશનના મંત્ર સાથે ખાદીના ઉપયોગ અને ખાદી ખરીદીનો વ્યાપ વધારવાની કરેલી અપીલનો મુખ્યમંત્રીશ્રીએ પ્રતિસાદ આપ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં કીર્તિ મંદિર ખાતે ગાંધી જયંતિ નિમિત્તે યોજાયેલી સર્વધર્મ પ્રાર્થના સભામાં સહભાગી થઈને ગાંધીનગર પરત આવતાવેંત સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના ખાદી ગ્રામોદ્યોગ હાટ પહોંચ્યા હતા. તેમણે આ ખાદી ભંડારામાંથી વિવિધ ખાદી વસ્ત્ર ઉત્પાદનો ખરીદ કરીને ડિજિટલ ટ્રાન્ઝેક્શનને વેગ આપવાના વડાપ્રધાનશ્રીના આહવાન અનુરૂપ ડિજિટલ પેમેન્ટ કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદીના ઉત્પાદનો અને ખાદી ખરીદી દ્વારા ખાદી વણાટ સાથે સંકળાયેલા ગરીબ જરૂરતમંદ પરિવારોના જીવનમાં આર્થિક આધાર આપવાની અનુકરણીય પહેલ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળથી શરૂ કરાવેલી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આજે ખાદી ખરીદી કરીને તેને વધુ વેગ આપ્યો હતો.

મુખ્યમંત્રી સાથે ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ તેમજ પદાધિકારીઓ પણ આ વેળાએ જોડાયા હતા.

## સ્વચ્છતા પખવાડા-૨૦૨૬ ના ભાગ રૂપે અમદાવાદ ડિવિઝનમાં "ક્લીન ટ્રેક મેગા ઝુંબેશ"નું આયોજન : ડીઆરએમ વેદ પ્રકાશે સાબરમતી રેલ્વે સ્ટેશન પર સ્વચ્છતા શપથ લેવડાવ્યા

(એજન્સી) અમદાવાદ | તા.2



મહાત્મા ગાંધી જયંતીના અવસર પર સ્વચ્છતા પખવાડિયા-2026 અંતર્ગત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં આજે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ 'સ્વચ્છ ટ્રેક મેગા અભિયાન'નું વ્યાપક આયોજન કરવામાં આવ્યું હતું.અભિયાન અંતર્ગત મંડળના લગભગ 3,000 કિલોમીટર રેલવે ટ્રેકની એક જ દિવસમાં સફાઈ કરવામાં આવી, જે લગભગ કાશ્મીરથી કન્યાકુમારી સુધીના અંતર જેટલું છે. ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી અમદાવાદ મંડળના વિવિધ વિભાગોના અધિકારીઓ તથા કર્મચારીઓએ સાથે મળીને એક જ દિવસમાં લગભગ 3,000 કિલોમીટર રેલવે ટ્રેકની સફાઈ કરીને સ્વચ્છતા અભિયાનમાં વ્યાપક ભાગીદારીનો કીર્તિમાન સ્થાપિત કર્યો.આ પ્રસંગે સાબરમતી રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, સ્વચ્છતા પ્રહરીઓ તથા સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સના સભ્યોને સ્વચ્છતાની શપથ લેવડાવી હતી. સૌએ સ્વચ્છ રેલવે પરિસર, સ્વચ્છ ટ્રેક તથા સ્વચ્છ રેલવેના સંકલ્પને સાકાર કરવા તેમજ સ્વચ્છતા અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાનો સામૂહિક સંકલ્પ લીધો હતો. આ અભિયાન અંતર્ગત મંડળના તમામ સ્ટેશન માસ્ટર અને સુપરવાઈઝર, સફાઈ કર્મચારીઓ તેમજ અન્ય રેલવે કર્મચારીઓ દ્વારા પોતાના હોમ સ્ટેશનથી આગળના સ્ટેશન સુધીના ટ્રેક તથા સ્ટેશન પરિસરની સાફ-સફાઈમાં સક્રિય ભાગીદારી કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ સ્ટેશનો, યાર્ડો, રેલવે કોલોનીઓ તેમજ ટ્રેકની બાજુના વિસ્તારોમાં એકસાથે શ્રમદાન અને વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવ્યું હતું.અમદાવાદ મંડળના વિવિધ સ્ટેશનો પર પણ આજે વ્યાપક સ્તરે સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ, સાબરમતી, વિરમગામ, માલિયા મિયાણા, રાધનપુર, ધ્રાંગધ્રા, મહેસાણા, પાલનપુર, ભુજ, ગાંધીધામ, અસારવા તથા હિંમતનગર સહિત મંડળના વિવિધ સ્ટેશનો, યાર્ડો, રેલવે કોલોનીઓ, હેલ્થ યુનિટ તેમજ ટ્રેકસાઇડ વિસ્તારોમાં રેલવે કર્મચારીઓ અને અન્ય સહભાગી સમૂહો દ્વારા વિશેષ સાફ-સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.આ સ્વચ્છતા અભિયાનમાં રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો, રેલવે સુરક્ષા દળ, સ્કાઉટ અને ગાઇડ, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ અન્ય સહભાગી સમૂહોએ સક્રિયપણે ભાગ લીધો હતો. શ્રમદાનના માધ્યમથી સ્વચ્છતાને જનઆંદોલનનું સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રેલવેના પરિચાલનને પ્રભાવિત કર્યા વિના તેમજ રનિંગ લાઈનોની નજીક નિર્ધારિત સુરક્ષા સાવચેતીઓનું પાલન કરીને તમામ સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.સ્વચ્છતા પખવાડા-2026 અંતર્ગત 1 ઓક્ટોબરથી 15 ઓક્ટોબર 2026 સુધી અમદાવાદ મંડળમાં વિવિધ સ્વચ્છતા અને જાગૃતિ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી કાર્યક્રમો અંતર્ગત 3 થી 5 ઓક્ટોબર સુધી મુખ્ય સ્થળોએ સઘન સફાઈ અભિયાન, 6 થી 8 ઓક્ટોબર દરમિયાન ટ્રેકસાઇડ તથા જૂના પડતર કચરાની સફાઈ, 9 થી 10 ઓક્ટોબર દરમિયાન બિનજરૂરી પોસ્ટર, બેનર તથા ગુટખાના ડાઘ દૂર કરવાનું અભિયાન તેમજ 11 થી 15 ઓક્ટોબર દરમિયાન ઘન કચરા વ્યવસ્થાપન નિયમો, 2026ના પાલન અને જાગૃતિ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

## ગાંધી જયંતી નિમિત્તે માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં વિભાગો દ્વારા સ્વચ્છતા સંકલ્પ લેવામાં આવ્યો

### ઑલ ઈન્ડિયા રેડિયો સ્ટેશનનાં પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.02

મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે આજે માહિતી અને પ્રસારણ મંત્રાલયનાં વિવિધ વિભાગો જેમાં પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો (PIB), સેન્ટ્રલ બ્યૂરો ઑફ કમ્યુનિકેશન (CBC), પ્રકાશન વિભાગ (DPD) અને ઑલ ઈન્ડિયા રેડિયો (AIR)ના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતીની ઉજવણીના ભાગરૂપે 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અને સ્વચ્છતા પખવાડા અંતર્ગત સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપતાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન ઑલ ઈન્ડિયા રેડિયો ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વૃક્ષારોપણ કાર્યક્રમ પૂર્વે ઉપસ્થિત સૌએ સ્વચ્છતા શપથ ગ્રહણ કરી પોતાના કાર્યસ્થળ તેમજ આસપાસના પરિસરમાં સ્વચ્છતા જાળવવા, સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવા અને સ્વચ્છ ભારતના સંકલ્પને સાકાર કરવા માટે




પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે ઑલ ઈન્ડિયા રેડિયોનાં ડેપ્યુટી ડિરેક્ટર જનરલ શ્રી એન. એલ. ચૌહાણ, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોનાં આસિસ્ટન્ટ ડિરેક્ટર શ્રીમતી સુમન મછાર, AIR નાં કાર્યક્રમ અધિકારી શ્રી હિતેષ માવાણી સહિત PIB, CBC, DPD અને AIRના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા અંગેના વિચારોને જનભાગીદારી સાથે આગળ ધપાવવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં 'સ્વચ્છતા હી સેવા'નાં સંદેશને માત્ર એક અભિયાન પૂરતો મર્યાદિત ન રાખીને દૈનિક જીવનમાં સ્વચ્છતાને આચરણનો ભાગ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વધારવા અને સ્વચ્છ તથા સ્વસ્થ પર્યાવરણના નિર્માણનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જનભાગીદારીને એકસાથે જોડીને સ્વચ્છ, હરિત અને જવાબદાર ભારતનાં નિર્માણ તરફ સામૂહિક પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપે છે.

## મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા ખાતે તેમની પ્રતિમા અને તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

### વિધાનસભા પટાંગણમાં સ્થિત પ્રતિમા તેમજ ગૃહમાં તેમના તૈલચિત્ર સમક્ષ વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા અને ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી

(એજન્સી) અમદાવાદ | તા.1

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની ૧૫૭મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર વિધાનસભા ખાતે તેમની પ્રતિમા અને તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. 'મેરા જીવન હી મેરા સંદેશ હૈ' નો વિશ્વવ્યાપી સંદેશ આપનાર રાષ્ટ્રપિતાની ૧૫૭મી જન્મજયંતીના અવસરે ગાંધીનગર વિધાનસભા પટાંગણમાં સ્થિત તેમની પ્રતિમા તેમજ વિધાનસભા ગૃહમાં આવેલા તેમના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

વિધાનસભાના સચિવ શ્રી ચેતન પંડ્યા અને ગાંધીનગરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે પૂજ્ય બાપુની પ્રતિમા અને તૈલચિત્રને પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, જેની સાથે ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ અને નગરજનોએ પણ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.



આ પ્રસંગે કસ્તુરબા પી.ટી.સી. કોલેજના ૫૦ તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ તેમજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના ૫૯ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને પૂજ્ય બાપુને યાદ કર્યા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, વિધાનસભાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ, નગરજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...